જુલાઈ-ઓગસ્ટ ૨૦૦
વર્ષ ૨ અંક ૩

# ખોજ

જીવન એક અવિરત ખોજ - આવિષ્કાર

## અનામત અંગે નવેસરથી વિચારીશું ?

*... I have no doubt that there is a vast reservoir of potential talent in this country if only we can give it opportunity.*

*... The only real way to help a backward group is to give opportunities of good education. It includes technical education which is becoming more and more important. Everything else is provision of some kind of crutches which do not add to the strength or health of the body.*

*... I am grieved to learn how far this business of reservations has gone based on communal considerations. It has amazed me to learn that even promotions are based sometimes on communal or caste considerations. This way lies not only folly, but disaster.*

Jawaharlal Nehru, 1961

*Whence this creation has come*
*He who is its surveyor in heaven*
*he alone knoweth*
*And yet doth he know?*

*- Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*

*- Xenophanes*

*A Greek bard, 570-475 B.C.*

# ખોજ

જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૬
વર્ષ ૨, અંક ૩
સળંગ અંક - ૯

જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર

**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુક્લ
પાર્થ શાહ

**આલેખન-સજાવટ**
જરીન જોષી

| | | |
|---|---|---|
| સંપાદકીય | અંબરીષ મહેતા | ૪ |
| પત્રો / પ્રતિભાવો | | ૫ |
| સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર (૭) | અનિલ પટેલ | ૭ |
| યે હૈ બમ્બઈ, મેરી જાન | તૃપ્તિ પારેખ | ૧૩ |
| કિસ્સો કેવડિયાનો | તૃપ્તિ પારેખ | ૧૪ |
| જંગલમાં દવ | શંકર ગોપાલક્રિશ્નન | ૧૫ |
| વાઘનું સંરક્ષણ : ચીનનો નવતર પ્રયોગ | બરુન મિત્રા | ૧૬ |
| અનામત : નવેસરથી વિચારીશું ? | અંબરીષ / તૃપ્તિ | ૧૮ |
| અનામત અને બંધારણની જોગવાઈઓ | અરુણ શૌરી | ૨૩ |
| માંડલ કમિશન | અંબરીષ મહેતા | ૩૦ |
| અહીં તો આપણે હઉ હરખા જ છીએ | રાજેશ મિશ્રા | ૩૪ |
| શિક્ષણનું પ્રતીપ : મૂલ્યશિક્ષણ | ડૉ. મહેન્દ્ર ચોટલિયા | ૩૫ |
| મારે ન્યાય વ્યવસ્થા બદલવી છે - ૩ | કિરીટ પાનવાલા | ૩૯ |
| તમારા મનને મુક્ત કરો | સૌવિક ચક્રવર્તી | ૪૩ |

‘ખોજ’ દ્વિમાસિકનો આ અંક આર્ચના ‘પહેલ’ કેન્દ્ર (Initiative for Open Society), ફતેગંજ વડોદરા વતી અંબરીષ મહેતાએ પ્રકાશિત કર્યો.

સહયોગ રાશિ :
વાર્ષિક રૂા. ૧૨૦/-
દ્વિવાર્ષિક રૂા. ૨૪૦/-
પાંચ વર્ષની રૂા. ૫૫૦/-

સહયોગ રાશિના ચેક / ડી.ડી.
એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ (ARCH)ના નામે મોકલવા વિનંતી છે. બહારગામના ચેકો પર બેંક કમિશનના વીસ રૂપિયા ઉમેરવા. પત્રવ્યવહાર/લવાજમ મોકલતી વખતે પોતાના સરનામા સાથે ફોન નંબર અચૂક લખવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૫૫૩૩૪૩૬
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

મુદ્રણ : વિશાલ ઓફસેટ, વડોદરા

‘ખોજ’માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

## સંપાદકીય

'૮૦-૮૧ના અનામત આંદોલન વખતે અમે દલિતો-આદિવાસીઓ માટે અનામત હોવી જોઈએ- at least અમુક સમયગાળા માટે - એવું સ્પષ્ટ સ્ટેન્ડ લીધેલું અને વાહિની-પ્રવાહમાં લખેલું કે મેરિટ/કાર્યક્ષમતાનો મુદ્દો આગળ કરીને સાવ પછવાડેના લોકો આગળ આવી શકે, વિકાસ પ્રક્રિયામાં જોડાઈ શકે એ માટે જરૂરી એવાં આ પગલાંઓનો વિરોધ કરવો યોગ્ય નથી. અને આમ પણ કેપીટેશન ફી, લાગવગ, 'કનેકશનો' ને આધારે શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ કે નોકરીઓમાં નિમણૂંક થાય છે ત્યારે કાર્યક્ષમતાનો મુદ્દો ઊઠાવાતો નથી. ૧૯૯૨માં વી.પી.સિંહ સરકારે જ્યારે માંડલ કમિશનની ભલામણો મુજબ અનામતની જાહેરાત કરી ત્યારે માંડલ કમિશનનો અમે વિરોધ કરેલો.


આટલાં વર્ષોનાં વહાણાં વાયાં બાદ, એક બાબત સ્પષ્ટ બનતી ગઈ છે કે જે સાવ પછવાડે રહી ગયા છે, જેમને વિકાસ પ્રક્રિયામાં જોડવા માટે વિશેષ પગલાં લેવાની જરૂર છે, જેમને માટે અનામત ખાસ જાહેર થઈ છે, એ સમૂદાયોના મોટા ભાગના લોકોતો અનામતનો લાભ લઈ શકે એવી સ્થિતિમાં જ નથી. અને એમનામાંના પણ જે લોકો આજે આગળ આવી રહેલાં જોવા મળે છે તેઓમાંના મોટાભાગના પણ અનામતનો લાભ - શિક્ષણ કે નોકરીઓમાં - મળેલ હોય અને એના જોર પર ઉપર આવેલા છે એવું નથી. એ લોકો પોતાના બળબુતા પર ઉપર આવેલા છે. વાત રહી સામાજિક દૃષ્ટિએ પછાતપણાની. સામાજિક સ્ટગમા પણ જો દુર કે ઓછો થયો હોય તો તેનું મોટું શ્રેય બંધારણે બક્ષેલી સમાનતાની અને કોઈ પણ નાગરીક સાથે ધર્મ, જ્ઞાતિ, જાતિ વગરેના આધારે ભેદભાવ ન કરવાની સ્પષ્ટ જોગવાઈઓને ફાળે જાય છે. અને આસ્ટીગમા પણ ઘણું કરીને દલિતો અને આદિવાસીઓ માટે જ હોય છે.

એવા સંજોગોમાં અન્ય પછાત જાતિઓ માટે અનામતની શી જરૂર છે એ પાયાનો સવાલ છે. લોકશાહીને લીધે અને ઝડપી આર્થિક વિકાસમાં મોટા ભાગની પછાત જાતિઓ આજે તેજ ગતિએ આગળ આવી રહી છે. જ્ઞાતિઓના વાડા વગરના જે સમાજનાં આપણે સપનાં જોયાં છે એ તરફ સમાજ આગળ વધતો જાય છે. જ્ઞાતિઓ ભુલાતી જાય છે. એવા સંજોગોમાં જન્મઆધારિત - જ્ઞાતિઆધારિત સીટોના બંટવારાથી તો સમાજમાં સમરસ્તા સધાવાને બદલે સમાજ વિભાજિત થતો જશે. એટલે સમયનો તકાજો તો એ છે કે કેન્દ્રીય શિક્ષણ સંસ્થાઓમાં તો નહીં જ, પણ રાજ્યોમાં ચાલી આવેલી ઓબીસી માટેની અનામતની પ્રસ્તુતા પર જ ઊભો કરવાની જરૂર છે.

સરદાર પટેલે ખેડાના પટેલ સમાજને અનામતો લાભ લેવા માટે પછાત ગણાવામાંથી વારેલા. પટેલો ઓબીસીમાં નથી; અનામતનો લાભ ન લઈ શકેલા પટેલોમાં શું આજે પાછળ પડી ગયા છે ? અને આગળ આવી રહેલા અન્ય પછાત જાતિના લોકો શું અનામતના કારણે આગળ આવી રહ્યા છે ? ઉલટાનું, 'અનામત જ્ઞાતિ'નું લટકણિયું ઘણા સ્વમાની લોકો માટે છૂપાવવા લાયક બની ગયું છે. કારણ કે મેરિટ પર આગળ આવ્યા હોય, અને ઓબીસીમાંથી ઘણાને મેરિટ પર જ પ્રવેશ/ નિયુક્તિ મળે એમ છે - તેમ છતાં રખેને 'સમાજમાં આ તો અનામતથી મેળવ્યું હશે' એવી સામાન્ય છાપ ઉભી થઈ જાય એવી ચિંતા રહે છે. અલબત્ત, બીજી પ્રતિક્રિયા આનાથી સાવ ઊંધી પણ જન્મે છે. ઉપર આવવા માટેની સજ્જતા, મહેનત કરવાની માનસિકતાને બદલે લાભ લઈ લેવાની માનસિકતા પનપતી જાય છે. સમાજમાં ઉપર આવવાની ઈચ્છાનું સ્થાન 'પછાત જાતિઓમાં' ગણાવવાના પ્રયત્નો લઈ લે છે.

-સંપાદક.

# પત્રો / પ્રતિભાવો




આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૫૫૩૩૪૩૬
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૪૦

નર્મદા પરના લેખમાં હંમેશની જેમ તમે ખૂબ સારી દલીલો કરી છે અને એને પ્રમાણિત કરતી હકીકતો રજૂ કરી છે.

ત્રણ બાબતો નોંધવી જરૂરી લાગે છે. એક, બંધની ઊંચાઈ ૧૧૦ મીટરથી ૧૨૧ મીટર સુધી લઈ જવામાં ખરેખર કેટલા અસરગ્રસ્તોને કેવી અસર થવાની છે તેની ચોક્કસ અધિકૃત માહિતી કોઈ સરકારી કે અર્ધ-સરકારી એજન્સીએ આપી નથી. કોઈની પાસે એ માહિતી હશે કે કેમ તે પણ સવાલ છે. બેકવોટરથી પ્રભાવિત થતા અસરગ્રસ્તો તો ડેમ ૧૩૮ મીટરની પૂરેપૂરી ઊંચાઇ પર પહોંચે ત્યારે અસર પામશે. અને એ પણ, સો વર્ષે એક વાર આવે એવું પૂર આવે ત્યારે. એમાં પણ નર્મદા સાગર બની ગયા પછી. ૧૨૧ મીટરની ઊંચાઈએ ડેમ પહોંચે ત્યારે તો એ ના જ બને.

નર્મદા સાગર બની જવાથી બહુ મોટો ફરક પડી જાય છે. એ ધ્યાનમાં લઈને સરદાર સરોવરના અસરગ્રસ્તોની સંખ્યાની ફેરગણતરી શા માટે નથી થતી ? વધુમાં, નર્મદા સાગરના અસરગ્રસ્તોનું શું થયું ? તેમને પૂરેપૂરું વળતર મળી ગયું છે અને તેમનો સારો પુનર્વસવાટ થઇ ગયો છે ? આ પ્રકારના સંબંધિત અને તાજેતરના આંકડાઓ વગર, જે બાળકો હજુ જન્મ્યાં જ છે કે હજુ જન્મવાનાં પણ બાકી છે એમના માટેના નિર્ણયો શા માટે કશું ન જાણતા કે ગેરસમજણ ધરાવતા રાજકારણીઓ અને ન્યાયાધીશો અને કહેવાતી સુપરવાઈઝરી એજન્સીઓને લેવા દેવામાં આવે છે ? પર્યાપ્ત અને વિશ્વસનીય માહિતી વગર ડેમનું કામ અટકાવવાનો નિર્ણય લઇ ન શકાય એવું તમારે સ્પષ્ટ રીતે જણાવવું જોઇતું હતું.

બીજી બાબત. એ તો જાણીતું છે કે સરોવરમાં જે જમીનો ડુબાણમાં જશે તેમાંથી પણ ઘણી જમીનો તો વર્ષના થોડા મહિના જ પાણી નીચે રહેશે અને બાકીનો સમય ખુલ્લી રહેશે. આવી ખુલ્લી થયેલી જમીનોમાં કાંપ જમા થતો હોવાથી તેની ઉત્પાદક્તા ખૂબ વધી જાય છે. અત્યાર સુધીના બધા બંધોમાં આવી ખુલ્લી થતી જમીન, મૂળ ખેડૂતો જ દૂર વસ્યા હોય તો ત્યાંથી આવીને પણ ખેડતા ડ્રો-ડાઉન કલ્ટીવેશન હોય છે સરદાર સરોવરમાં તો મોટાભાગના અસરગ્રસ્તોનો પુનર્વસવાટ સરોવરની ધાર પર જ થવાનો હોય, આ જમીનો પણ તેઓ સહેલાઈથી ખેડી શકશે. આ અંગે કેમ તમે તદ્દન મૌન છો ? આ લોકોને પણ અન્ય અસરગ્રસ્તો જેવા જ ગણવા જોઈએ ? વિશ્વબેંકે કહેલું કે ‘ડ્રો-ડાઉન’ ખેતીના લાભ ખૂબ મોટા છે. એમને પણ શું પૂરેપૂરી ડુબાણમાં જતી જમીનો જેવી કિંમત ચૂકવવામાં આવવી જોઇએ ? જો તમારા જેવા માણસો આવા અપ્રિય સવાલો નહીં ઉઠાવે, તો કોણ ઉઠાવશે ?

ત્રીજું, એ બાબત પર પણ ભાર મૂકવાની જરૂર છે કે જ્યારે આવા પ્રકારની યોજનાઓ મહિનાઓ કે વર્ષો સુધી ખોરંભે પડે છે, ત્યારે માત્ર આર્થિક અર્થમાં જ નહીં, પણ વધુ અગત્યના અર્થમાં - નાશ પામતી જિંદગીઓ (જે બચાવી શકાઇ હોત, પણ વિલંબના કારણે બચાવી શકાઇ નથી)ના અર્થમાં એની સામાજિક કિંમત ચૂકવવાની થાય છે. ૨ ટકાના દરે વધતી જતી વસ્તી માટે વ્યક્તિદીઠ પાણીની પ્રાપ્તિના ઘટાડાથી અસર પામતા, પણ વળતર વગરના, પહેચાન વગરના અને પહેચાન થઇ પણ ના શકે એવા (uncompensated unidentified and unidentifiable-UUO) અસરગ્રસ્તોએ એ ચૂકવવાની આવે છે. સરદાર સરોવરનો ડુબાણ વિસ્તાર એના કમાંડ વિસ્તારના ૨ ટકા જેટલો છે. તેથી યોજના લંબાતી જાય, તેમ તેમ દર વર્ષે વળતર અપાયેલા અને પહેચાન ધરાવતા કુલ અસરગ્રસ્તો જેટલા જ પહેચાન વગરના UUO પણ ઉમેરાતા જાય છે. ૧૯૯૮માં યોજના પૂરી થવાની હતી,

ત્યારથી અત્યાર સુધીમાં કુલ વિસ્થાપિતોની સંખ્યાથી ૮ ગણા આવા UUO ઊમેરાયા હશે. વ્યક્તિદીઠ પાણીની પ્રાપ્યતા અને બાળમરણના દર, માંદગીના દર અને કુલ મરણના દર વચ્ચેનો સંબંધ ધ્યાનમાં લઈએ તો અત્યાર સુધીમાં આપણે અડધા અસરગ્રસ્તો જેટલી વ્યક્તિઓને ગુમાવી ચૂકયા હોઈશું. બલ્કે, ગુમાવી દીધી છે. વળી, પાણીની ઉપલબ્ધતાને કન્યા કેળવણી અને સમાજમાં સ્ત્રીના સ્થાન સાથે સીધો સંબંધ છે. યોજનાને લંબાવીને આપણે કન્યાઓ અને સ્ત્રીઓને પાયાના માનવ અધિકારથી વંચિત રાખ્યા છે.

*- પ્રો. રવીન્દ્ર ધોળકિયા, અમદાવાદ*

'ખોજ' (મે-જૂન ૨૦૦૬)માં પ્રગટ થયેલો નર્મદા યોજના પરનો લેખ ખૂબ જ તટસ્થ અને માહિતીપૂર્ણ રહ્યો. આટલી સચોટ સમીક્ષા વાંચીને ખરું ચિત્ર પ્રાપ્ત થયું. જે વિગતો તમે સંશોધનમૂલક અભ્યાસને આધારે પ્રગટ કરી તે વાંચીને બન્ને બાજુને સમજવાની તક પ્રાપ્ત થઈ. અભિનંદન.

*- ગુણવંત શાહ, વડોદરા*

'ખોજ'નો મે-જૂન ૨૦૦૬નો અંક 'નર્મદા બચાવ' અંગે વિસ્તૃત જાણકારી પૂરી પાડી ગયો. લેખમાં આપેલ આંકડાઓની ચોખવટમાં ન પડીએ, તો પણ મુદ્દાને સમજવા માટે સરળતા રહી. સિદ્ધાર્થભાઈના લેખમાં આવતા 'આંશિક', 'મોટાભાગે' જેવા શબ્દો વધુ સ્પષ્ટતા માગે તેવા છે.

'સ્વતંત્રતા-જ્ઞાન અને બજાર' વાળો શ્રી અનિલભાઈનો લેખ ત્રણેક વખત વાંચ્યો. અર્થશાસ્ત્ર વિષયની મારી મર્યાદિત સમજને કારણે કદાચ એમ બન્યું હશે. પરંતુ લેખ બહુ અઘરો લાગ્યો. 'નેટ' યુગમાં લોકોની વાંચન રુચિ ઘટતી જોવા મળે છે ત્યારે આવા સામયિકમાં આવતા લેખોને સરળ અને રસપ્રદ રીતે મૂકવામાં આવે, તો વાચકવર્ગ વધવાની શકયતા ખરી. મારા વ્યક્તિગત અનુભવ પરથી સૂચન કરું છું.

બાકી, 'ખોજ'ને માણવાનું ગમે છે. હિમાંશીબેનનો લેખ અનેકનાં મૌનને તોડવા મજબૂર કરે તેવો છે.

*- નીતા પંડયા, મારગ, અમદાવાદ*

સૌરાષ્ટ્રના જળસંચય અભિયાન અને નર્મદાના વિસ્થાપિતો અંગેના માહિતીપૂર્ણ લેખો ઘણા ઉપયોગી લાગ્યા. આવાં સારાં લખાણો 'ખોજ'ના પ્રકાશનને સાર્થક બનાવે છે.

*- પ્રો. મહેશ પાઠક, વલ્લભ વિદ્યાનગર*

નર્મદા અંગેના બન્ને લેખો વાંચ્યા. યોજના ફરી વમળમાં ફસાઈ છે. દિલ્હીની ગાદી ઉપર જે પ્રધાનમંત્રી બેસે તે એક નવી કમિટિ રચે તેવો શિરસ્તો પડી ગયો છે. ચાલુ વર્ષે ૧૨૧ મીટરની ઊંચાઈ મંજૂર કરાવવામાં અથાક પરિશ્રમ, કુનેહ અને દુરંદેશીપણાથી સફળતા મેળવનાર ગુજરાતના અધિકારીઓના પ્રયાસોને પણ બિરદાવવા જોઈએ.

*- ચિરંતન જોષીપુરા, વડોદરા*

'ખોજ'ના મે-જૂનના અંકમાં અંબરીષભાઈએ નર્મદાનું પૂર વહાવી દીધું છે. નર્મદા બચાવ આંદોલનવાળા આ મુદ્દે યોજનાનો વિરોધ કરી, ગુજરાતને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. જો કે હવે થોડું ધ્યાન મધ્ય-પ્રદેશ સામે પણ દોરાયું છે.

પણ કચ્છીઓનો વિરોધ, ગુજરાત સરકારે કચ્છ જિલ્લાને ફાળવેલ પાણીના અલ્પ-નગણ્ય-જથ્થા અંગે અને તેને કચ્છમાં પહોંચાડવાની પદ્ધતિ બાબતે છે.

તદુપરાંત, રાજસ્થાનને પાણી પંચે - ગુજરાત સરકારની ઢીલી ઢાલી નીતિ અને સંમતિને કારણે, ૦.૫ એમ.એ.એફ. પાણીની કરેલ ફાળવણીનો પણ વ્યક્તિગત રીતે - અંગત રીતે - હું વિરોધ કરી રહ્યો છું. કારણ રાજસ્થાન નર્મદાનું રાયપેરીઅન રાજ્ય ન હોઈ તેને નર્મદાનું પાણી માંગવાનો - કે મેળવવાનો કોઈ નૈતિક કે કાનૂની અધિકાર નથી.

*- લાહિરી શાહ, હૈદ્રાબાદ*

'ખોજ' એક તટસ્થ, સત્યાન્વેષી, સંશોધનલક્ષી, હકીકત આધારિત અભ્યાસી સામયિક છે. લગભગ બધા જ લેખો મેં ખૂબ ચીવટથી વાંચી મનન કર્યા છે. આપનું સમગ્ર સંપાદન મંડળ સાચે જ અભિનંદનને પાત્ર છે. 'ખોજ'નું આંતરિક તેમજ બાહ્ય કલેવર - ઉભય રીતે ઉત્તમ, બોધક, રોચક અને પ્રેરક છે.

શ્રી અનિલભાઈ તથા આપના લેખો ખૂબ જ મનનીય છે. મારી કલ્પનાનું સામયિક આપ સૌ સુચારુ સ્વરૂપે સફળતાપૂર્વક સંચાલન કરી રહ્યા છો, તે માટે હું હાર્દિક અભિનંદન પાઠવું છું.

શ્રી અનિલભાઈએ સમગ્ર આર્થિક વિકાસના ઈતિહાસની સમ્યક્ સમીક્ષા કરી છે. મારા એમ.એ. ઈકોનો. ના વિદ્યાર્થીઓ માટે આપનું 'ખોજ' ખૂબ જ ઉપયોગી છે. Sustainable વિકાસની ચર્ચા ખૂબ જ સરસ રીતે કરી છે. ઋગ્વેદના Quotation ખૂબ જ પ્રાસંગિક છે.

જો મેં 'ખોજ'ના લેખો વાંચ્યા ન હોત તો મારા પત્રકારત્વના ક્ષેત્રમાં હું અધૂરો ગણાત.

*- પ્રો. બી.એમ. પટેલ, અમદાવાદ*

'ખોજ' વાંચવાની ખૂબ મજા આવે છે. દરેક વસ્તુની છણાવટ સાદી રીતે કરવામાં આવે છે. સામાન્ય માણસ પણ ઈચ્છા થાય તો તે વાંચીને તેને સમજી શકે તેવો આપનો તથા આપની ટીમનો પ્રયત્ન ખૂબ સારો છે.

*- ડૉ. તપસ્વી પુવાર, અમદાવાદ*

# સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર - ૭

## *ગરમ સમાજવાદમાંથી નરમ સમાજવાદ તરફ - કલ્યાણકારી રાજ્ય (Welfare state)*

*- અનિલ પટેલ*

*Economic activity provides the material means for all our ends. At the same time, most of our individual efforts are directed to providing means for the ends of others in order that they, in turn, may provide us with the means for our ends. It is only because we are free in the choice of our means that we are also free in the choice of our ends. Economic freedom is thus an indispensable condition of all other freedoms and free enterprise both a necessary condition and a consequence of freedom.*

*- F. A. Hayek (1961)*

### ગરમ સમાજવાદ અને તેનાં પરિણામો

૧૮૪૮ થી ૧૯૪૮ના એક સદીના કાળને સામાજિક સુધારાનો કાળ કહી શકાય. જેની ગાઢ અસરો હજી આજે પણ વર્તાય છે. આ સુધારાઓનો પ્રેરણાસ્રોત સમાજવાદ (socialism) રહ્યો. આ કાળમાં સમાજવાદનો અર્થ ઘણો ચોક્કસ અને નિશ્ચિત હતો. બધી જ સમાજવાદી ચળવળોની નેમ ''ઉત્પાદન, વિતરણ અને વિનિમયનાં સાધનોનું રાષ્ટ્રીયકરણ કરીને બધી જ આર્થિક પ્રવૃત્તિઓને એક સર્વગ્રાહી કેન્દ્રિત આયોજન દ્વારા "સામાજિક ન્યાય- Social Justice''ના કોઇ એક આદર્શ તરફ દોરી લઇ જવાની હતી.

પ્રધાન સમાજવાદી ચળવળો વચ્ચે ધારેલી સામાજિક નવરચનાના નિશાન વિશે કોઇ મતભેદ ન હતો. જે મતભેદ હતો તે એ નિશાન પાડવું કઇ રીતે તેની પદ્ધતિ માટેનો હતો. માર્કસવાદી ચળવળ જલદ (જરૂર પડે હિંસક) ઝડપી ક્રાંતિકારી માર્ગે એક રાતમાં પુરાણી સમાજરચનાનો ધ્વંસ કરીને નવી નક્કોર સમાજરચના ઊભી કરવા માંગતી હતી. બ્રિટિશ ફેબિયનવાદ ''જરા સંભલકે '' (gradualist) રીતે પૂર્વનિશ્ચિત નિશાન તરફ આગળ વધવા માંગતો હતો. બંને માટે સમાજવાદનો અર્થ એક સરખો જ હતો : ઉત્પાદનનાં સાધનો ઉપર સામૂહિક માલિકી જેથી ઉત્પાદન કરાય ''ઉપયોગ (use) માટે અને નહીં કે નફા (profit) માટે''. આ હતો ગરમાગરમ સમાજવાદ.

રશિયામાં સૌ પ્રથમ સામ્યવાદીઓ બળનો ઉપયોગ કરીને સત્તામાં આવ્યા. ત્યાર બાદ ચીનમાં આવો સત્તાપલટો થયો અને બીજા વિશ્વયુદ્ધ પછી પૂર્વ યુરોપના અને અન્ય દેશોમાં પણ સ્ટાલીને આવા ફેરફારો થોપ્યા. આ બધા જ દેશોમાં રાજ્યે પોતાને હસ્તક બધી જ સત્તાનું કેન્દ્રીકરણ કર્યું. આવી વ્યવસ્થામાં વ્યકિતગત પહેલ અને સ્વતંત્રતાને કોઇ સ્થાન હોતું નથી. સામ્યવાદીઓ એવાં સોણલાંનું વચન આપીને સત્તા ઉપર આવ્યા કે સામ્યવાદમાં મૂડીવાદી અર્થવ્યવસ્થા (મુક્ત બજાર વ્યવસ્થા) કરતાં કેટલાય ગણું વધારે વિપુલ ઉત્પાદન લઇ શકાશે, અભૂતપૂર્વ ન્યાયી વિતરણ ગોઠવાશે અને અકલ્પનીય સ્વતંત્રતા સ્થપાશે. જોતજોતામાં આ સોણલાં વિલાઇ ગયાં અને વચનો સુકાઇ ગયાં. સામ્યવાદી ગણતરીઓ અને આશાઓ ખોખલી પુરવાર થઇ. ''સામાજિક ન્યાય''નાં વચનો આપતી વ્યવસ્થાએ મનસ્વીતાનો ઇતિહાસે જોયો ના હોય તેવો અતિરેક કર્યો. સમાજમાં સત્તાનું અને સંપત્તિનું કોઇએ કલ્પ્યું ના હોય તેવું કેન્દ્રીકરણ થયું, જે nomenclaturaના નામે નામચીન બન્યું. સમાજમાં ઉચ્ચ-નીચના અમીટ વર્ગો સ્થપાયા : શોષણખોરીને નવી જ ટોચે પહોંચાડતા આ મુઠ્ઠીભર સત્તાધારી વર્ગને મીલોવાન જીલાસે ''નવો વર્ગ - New Class''નું નામ આપીને વર્ગવિહીન સમાજરચનાની વાહિયાત ગુલબાંગોનો પર્દાફાશ કર્યો. બજારવ્યવસ્થાના પાયામાં રહેલી સ્વતંત્રતા-લીર્બટીને એક ઔપચારિક દેખાડો (formal appearance) કહીને ઉતારી પડાઇ, જમીનદોસ્ત કરવામાં આવી અને તેના સ્થાને વધુ ઉત્કૃષ્ટ સ્વતંત્રતા ''freedom from want''ની સ્થાપના

કરવાનાં  ખોખલાં વચનો આપવામાં આવ્યાં. વાસ્તવમાં રહી-સહી સ્વતંત્રતાનો પણ લેનીન-સ્ટાલીને સ્થાપેલા nomenclatura એ સંપૂર્ણ નાશ કર્યો. સ્ટાલીનશાહીએ દંડાધારી, બુટધારી પોલીસ રાજ્યનો ઘોર આતંક ફેલાવ્યો. આ સંપૂર્ણસત્તાવાદે (totalitarian state) સાઇબીરીયાનાં અફાટ બર્ફીલાં મેદાનોમાં ગુલાગની છાવણીઓ રચી અને લાખો-કરોડો નિર્દોષ પ્રજાજનોને મોતને હવાલે કર્યા. ચીનમાં સ્થપાયેલા સંપૂર્ણ સત્તાવાદે '૬૦ના દાયકામાં કરોડો લોકોને દુકાળના મોંમાં સભાનપણે ધકેલી મોતને હવાલે કર્યા.

રશિયામાંથી સ્ટાલીને દેશનિકાલ કરેલા સામ્યવાદી સત્તાપલટાના એક અગ્રણી પ્રણેતા ટ્રોટસ્કીએ ત્યારે કહ્યું કે ''જે દેશમાં કામ અને વેતન આપતો માલિક એક માત્ર રાજ્ય હોય ત્યાં વિરોધ એટલે જ ધીમું મરણ : જૂનો નિયમ હતો - જે શ્રમ કરતો નથી તે ભૂખે મરશે, તેના સ્થાને આવ્યો છે નવો નિયમ - જે તાબે નહીં થાય તે ભૂખે મરશે.''

લેન્ગેએ મૂડીવાદની કરેલી એક તર્કબદ્ધ આલોચના એ પણ હતી કે તે વ્યવસ્થામાં મહત્તમ અંગત નફાની દોટમાં લાગેલો મૂડીવાદી ઉત્પાદક ખર્ચને જ્યાં પણ ઘટાડી શકાય ત્યાં ઘટાડે છે. આમ કરવામાં ઉત્પાદન દરમિયાન સર્જાયેલ પ્રદૂષણ, બગાડના ખર્ચને તે તેના ઉત્પાદન ખર્ચમાં સમાવી લેવાને બદલે સમાજ ઉપર negative externalities ના સ્વરૂપે ઝીંકે છે. આના પરિણામે હવા, પાણી, નદીઓ જંગલ, સમુદ્ર જેવાં સામૂહિક સંસાધનોના પ્રદૂષણની કરુણાંતિકા (tragedy of the commons) સર્જાય છે. લેન્ગેએ કલ્પેલું ઉત્કૃષ્ઠ, કાર્યક્ષમ સમાજવાદી અર્થતંત્ર સ્વાભાવિક રીતે જ પર્યાવરણ ઉપર પડતા ખર્ચના બોજને ધ્યાનમાં લેશે કારણ કે નફો નહીં, પણ ઉપયોગ તેનું લક્ષ્ય હશે. ''Tragedy of the Commonનું નામ તો પાછળથી અપાયું પરંતુ તેનો તર્ક સૌ પ્રથમ રજૂ કરનાર લેન્ગે.

હકીકતમાં ''સૌનું તે કોઇનું નહીં'' ના ન્યાયે અને સંપૂર્ણપણે લાપરવાહ, નિરંકુશ શોષણખોર રાજ્યની મીઠી નજર હેઠળ જ સંસાધનોનો ભયંકર દુર્વ્યય થયો અને નુકસાન પહોંચાડાયું. સમાજ ઉપર ઝીંકાયેલી negative externalities એ માઝા મૂકી. આ દેશોમાં સામ્યવાદી શાસનો હેઠળ થયેલી પર્યાવરણની તબાહીઓનાં વિવરણો પ્રાપ્ત છે. તેની વિગતોમાં અહીં વધારે જઇ શકાય નહીં. સામ્યવાદી દેશોની આ ભયાનક વાસ્તવિકતા ઉપર આઇડિયોલોગોએ થઇ શકે તેટલાં રંગરોગાનો કર્યાં પણ આવી પ્રચંડ વાસ્તવિકતા કયાં સુધી સંતાડી રાખી શકાય? જ્યાં સુધી સોવિયેટ યુનિયન તૂટી ના પડયું, બર્લીનની દીવાલ અને પૂર્વ યુરોપનાં સામ્યવાદી તંત્રો તૂટયાં નહીં ત્યાં સુધી ઉટપુટાંગ તર્કોની શબ્દજાળ ચાલુ રહી. હવે પૂર્વ સામ્યવાદી દેશોમાં માર્કેટ વ્યવસ્થા ઊભી કરવાના પ્રયત્નો ચાલી રહ્યા છે પરંતુ આ ખાવાનો ખેલ નથી. પેધાં પડી ગયેલાં સ્થાપિત હિતોની મેલી ચાલો તો ખરી જ, પરંતુ માર્કેટને વિકસવા માટે જોઇએ તેવાં સંસ્થાકીય માળખાં જેવાં કે કાયદાનું શાશન; નિજી સંપત્તિના હક્કો જેવી ધીંગી પ્રણાલિકાઓ, બેંકો, વિમા કંપનીઓ, શેરબજાર જેવાં વિનિમયનાં માળખાં;  કોમોડીટી બજાર જેવાં કાંઇ કેટલાંય નિર્ણાયક વાનાં ખૂટે છે. બજાર વ્યવસ્થાને શકય બનાવતાં આવાં માળખાં ઊભાં કરવાના ત્યાં મરણિયા પ્રયત્નો ચાલી રહ્યા છે. સામ્યવાદી દેશોની ભયંકર વાસ્તવિકતા જોઇને છળી ઊઠેલા પશ્ચિમના ઘણા સમાજવાદી વિચારકોએ પાછાં પારોઠાં ભર્યાં. બજાર વ્યવસ્થાની જરૂરિયાતનો મને-કમને સ્વીકાર થયો. અને સમાજવાદી બજાર (market socialism)નો પ્રમાણમાં મવાળ વિચાર સ્થાયી થયો. આ સ્વીકાર સમાજવાદી વિચારના તર્કમાં જ કોઇ મૂળભૂત ખામીનો નિર્દેશ કરે છે તે વાત ઉપર ઢાંક-પીછોડો કરીને ''સમાજવાદી બજાર'' પીછેહઠને બદલે જાણે કે બજારવ્યવસ્થા ઉપર વિજય છે તેવું ઠસાવવાના હાસ્યાસ્પદ પ્રયત્નો પણ થયા. હજી આજે પણ આને મળતું જ કાંઇક ચાલી રહ્યું છે -(Economic) reforms with human face - માનવીય ચહેરા સાથેનું (આર્થિક) ઉદારીકરણ જેવા રૂપાળા પરંતુ તત્ત્વતઃ ખોખલા શબ્દો પ્રયોજાઇ રહ્યા છે. તો વળી ''another world is possible - બીજી દુનિયા શક્ય છે'' જેવાં અંધારામાં સીસોટીઓ જેવાં ભુલાવામાં નાંખતાં સૂત્રો બોલાઇ રહ્યાં છે.

## નરમ સમાજવાદનો પ્રવેશ - કલ્યાણકારી રાજ્ય (Welfare State)નો ઉદ્ભવ

માઇઝીસ-હાયેકે ૧૯૨૦-૩૦ના દાયકાઓમાં કરેલી આગાહીઓ સાચી પડી. ''સમાજવાદી ગણતરીઓ કરવી અશકય છે'' એવા માઇઝીસના ધારદાર તર્કનો આડકતરો સ્વીકાર તો ત્યારે જ ઘણા પ્રામાણિક સમાજવાદીઓએ કરેલો અને વચલો રસ્તો કાઢેલો : ઉત્પાદનનાં સાધનો ઉપર રાજ્યનો અંકુશ યથાવત્ રાખવો પણ કામની પસંદગીના અને ઉપભોક્તાઓની પસંદગીના હક્કો મંજૂર રાખવા. આ વિચાર સોસિયલ ડેમોક્રસીના નામે પ્રસિદ્ધ થયો. આઝાદી પશ્ચાત્ ભારતમાં નહેરુ રાહે અપનાવાયેલ ''ઉત્પાદનનાં શિખરો (commanding heights of economy)'' ઉપર રાજ્યનો અંકુશ એ આ જ થિયરીનું એક સ્વરૂપ છે. ભારત આ પ્રકારના સમાજવાદી રસ્તે ચઢયું, લગભગ ૪૦ વર્ષ સુધી ''સમાજવાદી સમાજરચના''નો ખેલ ચાલ્યો અને દેશ લાયસન્સ -પરમીટ-કવોટા રાજના ઊંડા કળણમાં ફસાયો. ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બની ગયો. સમાજજીવનનો કોઈ ખૂણો કે ખાંચરો ભ્રષ્ટાચારની ચુંગાલમાંથી છટકી શકયો નહીં. તોતિંગ જાહેર સાહસોના ધોળા હાથીઓ ઊભા થયા, અમલદારશાહી, રાજકારણીઓ અને ગઠિયા ઉદ્યોગપતિઓએ લગભગ

ઉઘાડી લૂંટ ચલાવી. ગરીબીનો જબરજસ્ત પથારો (mass poverty) લગભગ તેવો ને તેવો જ રહ્યો. પ્રજાએ કૌવત ગુમાવ્યું અને પ્રજા માગણી બની. આની વિગતે ચર્ચા અન્ય સ્થળે કરી છે માટે અહીં અટકીએ.

ગરમાગરમ સમાજવાદની ભરતી હવે ઓસરી ગઇ છે. એકમતે સ્વીકારાયેલી સમાજવાદી સમાજરચનાની ક્લાસીકલ વ્યૂહરચનાને અને વર્ગવિગ્રહની વાતોને હવે ગુપચુપ દફનાવી દેવામાં આવી છે. નરમ સમાજવાદ તખ્તા ઉપર પ્રવેશ્યો છે. તર્ક એવો કાંઇક અપનાવાયો છે કે ગરમ સમાજવાદનો આખરી ઉદ્દેશ્ય તો ''સામાજિક ન્યાય''ને સિદ્ધ કરવાનો જ છે. એક સમયે સ્વીકૃત બનેલી ઉત્પાદનનાં સાધનો ઉપર રાજ્યના સંપૂર્ણ અંકુશની પદ્ધતિ કે વ્યૂહરચનાને છોડી દઇને પણ ''સામાજિક ન્યાય'' કહેતાં ''ન્યાયી વિતરણ''નો આખરી ઉદ્દેશ્ય બીજી પદ્ધતિ કે વ્યૂહરચનાથી સિદ્ધ કરી શકાય કે નહીં. ગરમ સમાજવાદના સમર્થકો આ ''સુધારા''થી નારાજ છે, વિરોધ કરી રહ્યા છે પરંતુ હાલ પૂરતા તેઓ હાંસિયામાં ધકેલાઇ ગયા છે.

છેક ઓગણીસમી સદીની મધ્યે સમાજવાદ શબ્દ પણ વપરાયો ના હતો ત્યારે જહોન સ્ટુઅર્ટ મીલે એવો વિચાર રજૂ કરેલો કે ઉત્પાદન તો કુદરતી કાનૂનો (natural laws)ને આધિન છે તેમાં મનુષ્યની ઇચ્છાઓ અને આકાંક્ષાઓનો હસ્તક્ષેપ અનિચ્છનીય અને અર્થહીન છે, પરંતુ એક વખત ઉત્પાદન હાથ આવી જાય પછી તેનું વિતરણ કેવી રીતે કરવું તે સમાજે નક્કી કરવાનું છે - સમાજ ધારેલું વિતરણ કરી જ શકે છે. આ જ કારણસર જહોન મીલ સમાજવાદનો આદ્યગુરુ પણ કહેવાયો છે.

ગરમાગરમ સમાજવાદી વાયુમંડળમાં મીલનો વિચાર વિસરાઇ ગયો પરંતુ રશિયા, પૂર્વ યુરોપ, ચીન વગેરે દેશોમાં તેનો રકાસ થયેલો જોઇને સમાજવાદીઓ મીલ-સૂચિત ઠંડા સમાજવાદ તરફ વળ્યા. ન્યાયી વિતરણ અને નહીં કે ઉત્પાદનનાં સાધનો ઉપર રાજ્યનો અંકુશ મુખ્ય ઉદ્દેશ્ય બન્યા. આ દરમિયાન યુરોપમાં બીજી ઘટનાઓ અને વિચારો વિકસી રહ્યા હતા જેણે મીલ દ્વારા પ્રતિપાદિત થિયરીને શકયતાની કક્ષામાં મૂકી દીધી.

• યુરોપમાં આ મુદ્દે ઊંડી ચર્ચાઓ ચાલી રહી હતી ત્યાં ૧૯૩૦ની મહામંદીએ ભરડો લીધો. આ મહામંદીને ઉદ્દામવાદીઓએ તો મુક્ત બજાર વ્યવસ્થાની કહેવાતી ''અતાર્કિકતા અને અમાનુષી શોષણખોરી''માં જોઇ જ પણ ઘણા કલાસીકલ અર્થશાસ્ત્રીઓ પણ એ દિશામાં ઢળ્યા. અછતાં રહેલાં ઊંડાં ઐતિહાસિક તથ્યોથી અજાણ રહેલા ત્યાર પછીની પેઢીઓના બૌદ્ધિકોમાં પણ આ વિચારે મૂળિયાં નાંખ્યાં. કહોને કે બુદ્ધિજીવીઓમાં આ વિષયે એક આમ સહમતિ જ બની ગઇ.

• કેઇન્સની થિયરીઓએ આ વિચારને ઓર બળ આપ્યું. નિઓકલાસીકલ કેઇન્સે અર્થવ્યવસ્થામાં રાજ્યના બહોળા હસ્તક્ષેપોને વ્યવહારુ, વાજબી અને જરૂરી ઠેરવ્યા અને તેને કેવી રીતે કરવા એની થિયરી અને વ્યવહારુ કુંચી પણ પૂરી પાડી.

• આની સાથે જોડાઇ લોકશાહીની એ થિયરી જેને વિના સંકોચે ''અમર્યાદિત લોકશાહી''ની થિયરી કહી શકાય. લોકશાહીની આ વિશિષ્ટ થિયરી લગભગ સર્વસ્વીકૃત થિયરી બની ગઇ છે. વ્યક્તિસ્વાતંત્ર્ય (લીબર્ટી)ને અભેદ્ય કવચ બક્ષતા, રાજ્યની દંડશકિતના કાર્યક્ષેત્ર અને વ્યાપને સુનિશ્ચિત મર્યાદામાં રાખતા ''કાયદાના શાસને'' ચૂંટાયેલાં ધારાગૃહોની કાનૂન ઘડવાની સત્તા ઉપર ચોક્કસ મર્યાદાઓ મૂકેલી. લીગલ પોઝીટીવીઝમે ''કાયદાના શાસનની'' સર્વોપરિતાનો સિદ્ધાંત હઠાવવામાં સફળતા મેળવી. ''કાયદો એ જ કે જે ધારાગૃહની બહુમતી ઠેરવે''નો ખતરનાક નિયમ તેણે સ્થાપ્યો. ''કાયદાના શાસનની'' આણમાંથી છટકેલાં ધારાગૃહો સાર્વભૌમ સત્તાનું કેન્દ્ર બન્યાં. ''ધારાગૃહોની સત્તા પણ સાર્વત્રિક નિયમોની આણ હેઠળનો'' વિચાર લગભગ ભુલાઇ ગયો. નવું સ્વરૂપ પામેલી લોકશાહી ''અમર્યાદિત લોકશાહી'' બની ગઇ, કારણ કે યેનકેન બહુમતી મેળવી લીધા પછી મનફાવે તેવા કાયદા બનાવવાની તેની સત્તા અમર્યાદિત બની ગઇ.

ધારાગૃહોમાં બહુમતી ધારાસભ્યોનું સમર્થન એટલે આપોઆપ જ સામાન્ય સમાજની બહુમતીનું પણ સમર્થન એવું સમીકરણ બની ગયું. ૨૦મી સદીના અંતભાગમાં આ અમર્યાદિત લોકશાહીની કટુ વાસ્તવિકતા છતી થઇ ગઇ. આલોચકોએ તેને ''બહુમતીવાદ''ના નામે પણ વર્ણવી.

આવા માહોલમાં કેઇન્સીઅન્સ (Keynsians) ચીંધ્યા હસ્તક્ષેપો જેવા કે પ્રગતિશીલ (progressive) આવકવેરા, મિલકતવેરા, વારસાવેરા, વેચાણવેરા, જકાત જેવાં અનેક સાધનોનો પ્રચુર માત્રામાં ઉપયોગ કરીને; ''સંપત્તિનું કેન્દ્રીકરણ'' ઘટાડીને; તેમાંથી ઊભાં કરાયેલાં નાણાંનો ઉપયોગ રાજ્ય ''ન્યાયી વિતરણ'' અર્થે કરી શકે તે વિચાર વ્યાપક રીતે સ્વીકાર્ય બન્યો. આ વિચારધારાની તાર્કિક નિપજ રૂપે નીકળ્યાં વેતનનીતિ (income policy), ભાવ નિયમનો (price controls) જેવાં સાધનો જેનાથી ''સામાજિક ન્યાય''ના કોઇ માપદંડથી કયા જૂથને કે વર્ગને કેટલી આવક આપી શકાય તે નક્કી કરી શકાય. સામાજિક ન્યાય એક એવો હેતુ અને મૂલ્ય બની ગયાં કે તેની વિરુદ્ધ કાંઇ પણ બોલવું બહુ જોખમ નોતરનારું બની ગયું. એક વખત બહુમતી ધરાવતી સરકાર ''સમાજવાદી ટોપી'' પહેરી લે પછી તેના દ્વારા આવા કોઇ પણ હસ્તક્ષેપની હળવી આલોચના પણ ''પ્રત્યાઘાતી (Reactionary)''નું લેબલ ચોંટાડવા પૂરતી થઇ પડે.

આ બધાના કારણે એક સમાધાનકારી વિચાર ઊભો કરી શકાયો કે ઉત્પાદન મુક્ત બજાર આધારિત અને ન્યાયી વિતરણ વેરામાંથી ઊભાં કરાયેલાં નાણાંમાંથી. અમલદારશાહી આ નાણાંની વિવેકપૂર્ણ (discretionary) વહેંચણી કરે અને ધારાગૃહો આ આખી પ્રક્રિયા ઉપર કડક નિગરાની રાખે. કલ્યાણકારી રાજ્ય (welfare state)નો આ પાયાનો સિદ્ધાંત બની ગયો. કાળક્રમે આ કાર્યક્રમને અમલી બનાવવા એક તોતિંગ અમલદારશાહી આકાર પામી અને ''ન્યાયી વિતરણ''માં સૌથી મોટું સ્થાપિત હિત બની. કમરતોડ વેરા તંત્રના ઊંડા ખિસ્સામાં ગયાં, પ્રજાને ભાગે વધેલા ટુકડા (table crumbs) રહ્યા, અને તે મેળવવાનાં ફાંફાં, અને રિશ્વત. આ કાર્યક્રમ હવે ''tax and spend વેરા નાંખો અને વાપરો''ના નામે ઓળખાતો થયો છે અને વેરો ભરનારા નાગરિકોની આંખમાં આવ્યો છે.

માર્કેટ આધારિત ઉત્પાદન અને સામાજિક ન્યાય અનુરૂપ વિતરણ એક સૂત્ર તરીકે આકર્ષક લાગે છે પરંતુ વ્યવહારમાં અને સિદ્ધાંતમાં એ કેટલું ખરું ઊતરે છે તે જોવાનું છે. માર્કેટ વ્યવસ્થા કેવી રીતે કાર્ય કરે છે, શું પરિણામો આપે છે અને 'ન્યાયી વિતરણ' કેવી રીતે કામ કરી શકે છે, કઈ વ્યવસ્થામાં તે થઈ શકે - આ વધારે ઊંડાણથી તપાસીએ.

## વિખરાયેલ જ્ઞાન - તેનો શ્રેષ્ઠ ઉપયોગ અને બજાર

મીલે જે કહ્યું હોય તે પરંતુ, કોઈપણ ચીજનું ઉત્પાદન ટેકનોલોજીના કાનૂનોના આધારે માત્ર થતું નથી હોતું. હકીકતમાં ટેકનોલોજીના નિયમોની પૂરી મર્યાદામાં જ રહીને ઉત્પાદન હંમેશાં જે તે સંજોગોમાં પ્રાપ્ય સંસાધનોની જુદાજુદા પ્રમાણમાં મેળવણી કરીને મેળવવાનું હોય છે. આ મેળવણી ઉત્પાદન માટે બહુ નિર્ણાયક હોય છે. આ મેળવણીનું પ્રમાણ અને સ્વરૂપ કેવું રહેશે તે હંમેશાં ઉત્પાદકની માહિતી અને જ્ઞાન ઉપર આધાર રાખે છે. ઉપભોગની દરેક ચીજ ઉત્પાદનના વિવિધ તબક્કાઓની પ્રક્રિયામાંથી પસાર થાય છે. આ દરેક તબક્કે સાધનોની મેળવણી જુદાજુદા પ્રમાણમાં કરાતી હોય છે. એટલે દરેક તબક્કે પણ જે તે ઉત્પાદકના જ્ઞાન અને માહિતીનો ઉપયોગ થતો રહે છે. તે જ રીતે ઉપભોક્તાઓ પણ પોતાની બાંધી આવકમાંથી મહત્તમ તુષ્ટિ utility મેળવવા ચીજવસ્તુઓની જુદીજુદી મેળવણી સંજોગો અનુસાર કરતા જ રહે છે. અહીં પણ દરેકનું જ્ઞાન અને માહિતી ઉપયોગમાં લેવાતાં હોય છે. આમ સમાજવ્યાપી ઉત્પાદનપ્રક્રિયામાં ખૂણેખાંચરે દરેક વ્યકિતના જ્ઞાન-માહિતીનો ઉપયોગ થતો જ રહે છે. ઠેર ઠેર ફેલાયેલા આ જ્ઞાન-માહિતીનો જેટલો વધુ ઉપયોગ થઇ શકે તેટલા વધુ પ્રમાણમાં ઉત્પાદનનો આંક સધાય છે. વળી આ ઉત્પાદનપ્રક્રિયામાં દરેક વ્યકિત બને તેટલો વધારે ફાયદો મેળવવા ઓછામાં ઓછાં સાધનોનો ઉપયોગ કરીને શક્યતઃ મહત્તમ ઉત્પાદન લેવાનો પ્રયત્ન કરે છે. પરિણામે મહત્તમ આર્થિક કાર્યક્ષમતા (Maximum economic efficiency) પણ સધાય છે.

અર્થ વિજ્ઞાનની સૌથી મહત્ત્વની સમસ્યા એ નથી કે સીમિત સંસાધનોના ઉપયોગથી મહત્તમ ઉત્પાદન કેવી રીતે મેળવવું. મુખ્ય સમસ્યા તો એ છે કે સમાજમાં વેરવિખેર પડેલા જ્ઞાનનો મહત્તમ ઉપયોગ કેવી રીતે કરવો, જેથી કાર્યક્ષમ રીતે મહત્તમ ઉત્પાદન લઇ શકાય. લોર્ડ લાયોનેલ રોબીન્સે અર્થશાસ્ત્રની વ્યાખ્યા એવી કરેલી કે ''વૈકલ્પિક ઉપયોગ ધરાવતાં સાધનો અને સાધ્યો (means and end) વચ્ચેના સંબંધોનો અભ્યાસ તે અર્થશાસ્ત્ર.'' આ વિચારનો વિસ્તાર થતાં રૂઢ અર્થ એ થયો કે ''ટાંચાં (scarce) સાધનો માટે હરીફાઇ કરી રહેલા જુદાજુદા ઉપયોગો વચ્ચેની ફાળવણીનો અભ્યાસ તે અર્થશાસ્ત્ર.'' કોઇ ચોક્કસ હેતુને સાધવા મથતી વ્યકિત, કે કુંટુંબ, કે પેઢી (firm) માટે આ સાવ સાચું છે. તેને માટે હેતુ સિદ્ધ કરવા કરાનારી પસંદગીનો આ શુદ્ધ તર્ક (pure logic of choice) છે. પરંતુ સમગ્ર સમાજમાં લાખો કરોડો વ્યકિતઓ તેમના અગણિત હેતુઓ માટે સક્રિય હોવાથી વ્યકિતને જ લાગુ પડતો પસંદગીનો શુદ્ધ તર્ક સમગ્ર સમાજને લાગુ પાડી શકાય નહીં; મુખ્ય કારણ એ કે સંજોગો અનુસાર સતત બદલાતા રહેતા હેતુઓ અને તે અનુસાર બદલાતી પસંદગીઓનું જ્ઞાન કયારેય કોઇ એક વ્યકિત કે વ્યકિતસમૂહને માટે મેળવવું શકય જ નથી.

અર્થશાસ્ત્રનાં પાઠયપુસ્તકોમાં શરૂઆત એવી રીતે જ કરાય કે ''જો મર્યાદિત સાધનોનો જથ્થો આપેલો હોય તો...'' પરંતુ એ જ તો મુખ્ય પ્રશ્ન છે : આ માહિતી કોણે આપી છે? કયાં છે? કોની પાસે છે? કયા સાધનો મર્યાદિત છે અને કેટલી માત્રામાં કે કઇ કિંમતે તે પ્રાપ્ત છે?- આ પાયાના સવાલોના સૌથી સારા ઉત્તરો કઇ અર્થવ્યવસ્થા આપી શકે તેમ છે? કેંદ્રિત આયોજનવાળી વ્યવસ્થા? જેમાં બધી જ માહિતી એકત્રિત કરાઇને કોઇ કેન્દ્રિત સત્તાને પહોંચતી કરવાની હોય, જે તેનો ઉપયોગ કરીને મહત્તમ ઉત્પાદન કાર્યક્ષમ રીતે મેળવે? કે પછી કોઇ વિકેન્દ્રિત વ્યવસ્થા જેમાં વિખરાઇને પડેલી માહિતી-જ્ઞાન જે તે સ્થળે અને કાળે ઉત્પાદનની પ્રક્રિયામાં ભાગ લેનારને મળી રહે? ટૂંકમાં, કોણ આ પથરાયેલા જ્ઞાનનો સૌથી ઉત્તમ ઉપયોગ કરી શકે તેમ છે - કેન્દ્રીય આયોજન? કે બજાર દ્વારા થતું વિકેન્દ્રિત આયોજન? આ મુદ્દા ઉપર તો ૨૦મી સદીના તુમુલ વિચારસંઘર્ષો ઊભા થયેલા, જેમાં સમાજવાદી વિચાર મોટું મેદાન મારી ગયેલો. વિખરાયેલા જ્ઞાનનો શ્રેષ્ઠ ઉપયોગ વિકેન્દ્રિત વ્યવસ્થા જ કરી શકે છે, કેંદ્રીય આયોજન વિકેન્દ્રીકરણની તુલનામાં ઘણું ઊણું ઊતરે છે. વિકેન્દ્રિત બજારવ્યવસ્થા જ્ઞાન-માહિતીનો જે અને જેટલો ઉપયોગ કરી શકે છે તેનો અંશમાત્ર પણ કેન્દ્રીય આયોજન કરી શકતું નથી. આનું કારણ શું?

સૌ પ્રથમ આપણે વેરવિખેર જ્ઞાનની લાક્ષણિકતાઓ જોઇએ. બે પ્રકારના જ્ઞાનનો ઉપયોગ ઉત્પાદનમાં થાય છે. એકજ્ઞાન છે, નિષ્ણાતો પાસેનું વૈજ્ઞાનિક અને ટેકનિકલ જ્ઞાન; બીજું જ્ઞાન છે જે સામાન્ય લોકોની જાણમાં છે તે. માહોલ એવો બનેલો છે કે નિષ્ણાતો પાસેનું જ્ઞાન જ સૌથી મહત્ત્વનું અને નિર્ણાયક છે. જરા થોભીને વિચારીએ તો ખ્યાલમાં આવે છે કે જેને વૈજ્ઞાનિક ના કહેવાય તેવું બીજું મહામૂલું પણ અસંગઠિત જ્ઞાન સમાજમાં બધે વિખરાઇને પડેલું છે; જે તે સમય - સ્થળના વિશિષ્ટ સંજોગોનું એ જ્ઞાન છે. આ સંદર્ભમાં દરેક વ્યકિત બીજી વ્યકિતની તુલનામાં ને કયાંક વધુ ફાયદાની સ્થિતિમાં હોય છે કારણ કે તેની પાસે એવી અનન્ય માહિતી હોય છે જેનો લાભકારી ઉપયોગ કરી શકાય તેમ છે. આ લાભ તો જ લઇ શકાય જો તેને લગતા નિર્ણયો તેના પોતાના હોય, તેમાંથી થનાર લાભમાં તેનો પણ હિસ્સો રહેશે તેની તેને ખાતરી હોય અને તેનો પૂરો સહકાર હોય.

આમ ઉત્પાદનની બહુસ્તરીય પ્રક્રિયા દરમિયાન જ તેમાં સક્રિય થનાર દરેકને મળનાર વળતર (વિતરણ) નિશ્ચિત થઇ જાય છે. ઉત્પાદન અને વળતર (વિતરણ) પ્રારંભથી અંત સુધી એકબીજાને વિંટળાયેલાં હોય છે. માઇઝીસે કહ્યું તેમ બજારવ્યવસ્થામાં પ્રથમ ઉત્પાદન અને ત્યાર બાદ વિતરણ એવું થઇ શકે જ નહીં. બંને સાથે જ જાય. મીલ જેવા કલાસીકલ ઇકોનોમીકસના મહારથીએ ઉત્પાદન અને વિતરણને અલગ પાડવાની ગંભીર ભૂલ કેમ કરી હશે, તે એક કોયડા સમાન છે.

કોઇ પણ ધંધામાં જોડાયા પછી દરેક વ્યકિત નવું નવું કેટલુંય શીખતી હોય છે તેનો બધાને અનુભવ છે. કયારે કઇ આવડતો અને સ્થાનિક પરિસ્થિતિનું જ્ઞાન કામ લાગશે તે કોઇ કહી શકતું નથી. કોઇ સાધન કે મશીન વણવપરાયેલું પડી રહ્યું છે તેની જાણ હોવી અને તેને ઉપયોગમાં લેવાં, કે કયાંક કોઇ જગ્યાએ ચીજ વસ્તુ વણઉપયોગમાં પડી રહી હોય ત્યાંથી જ્યાં ઉપયોગમાં લેવાય છે ત્યાં મોકલી આપવી - આવું બધું જ જ્ઞાન એટલું જ ઉપયોગી છે જેટલું કે વૈકલ્પિક ટેકનોલોજીનું જ્ઞાન છે. ઘણી વખત આવું જ્ઞાન અલ્પજીવી પણ મહત્ત્વનું હોય છે. દા.ત. વેચાણમાં મુકાયેલાં મકાનો વિશેનું એસ્ટેટ એજન્ટનું જ્ઞાન. અલ્પજીવી તકોનું જ્ઞાન પણ ઉપયોગી સાબિત થાય છે જેમ કે એક જ વસ્તુના બે જગ્યાના જુદા-જુદા ભાવોનું જ્ઞાન.

આ સિવાય મહત્ત્વનો મુદ્દો એ પણ છે કે સ્થાનિક જ્ઞાનની માહિતી ધરાવનારને પણ ઘણી વખત એ ખબર નથી હોતી કે અમુક જ્ઞાન તેની આંખ સામે છે. એ જ્ઞાનની ખબર તો જ્યારે કોઇ જરૂર ઊભી થાય ત્યારે પડે છે. ''જરૂર ઊભી થઇ છે''ની માહિતી બજાર આપે છે. ઘણી વખત વ્યક્તિગત ખોજની પ્રક્રિયા ચાલતી હોય છે ત્યારે અચાનક માહિતી ''દેખાય'' છે. એ પણ બહુ સામાન્ય છે કે જાણકારી નથી તેની જ જાણકારી નથી હોતી. આવું જ્ઞાન પ્રકાશમાં આવે અને ઉપયોગી બને તે માટે અનેક વ્યક્તિઓ દ્વારા વ્યાપક અને સતત ખોજની પ્રક્રિયા જરૂરી છે, જે માત્ર મુક્ત સ્પર્ધામાં જ બરાબર વિકસે. કાર્લ પોપરના પટ્ટશિષ્ય બીલ બાર્ટલીએ આની ઉપર માર્મિક ટિપ્પણી કરતાં લખ્યું : ૨૦મી સદીના બે મહાન જ્ઞાન મિમાંસકો (Epistemologists) કાર્લ પોપર અને ફ્રેડરિક હાયેક. (બંને ઓસ્ટ્રીઆના) કાર્લ પોપરે પ્રતીતિજનક રીતે બતાવ્યું કે કોઇપણ ફળદ્રુપ થિયરીના સૂચિતાર્થો અનંત છે; તે થિયરીના જનક વિજ્ઞાનીને પણ ખબર નથી હોતી કે તેની થિયરીમાંથી કેટલા અર્થ ફલિત થાય છે. આ જ રીતે હાયેકે બતાવ્યું કે કોઇપણ સાહસિક બજારમાં જે પણ કૃતિ કરે છે તેના શું ઉપયોગ થશે અને તે કઇ માહિતી ખુલ્લી કરશે તેના વિશે બધી માહિતી ધરાવી શકતો નથી. આ અનંત ફલિતાર્થોની અવિરત ખોજ વ્યક્તિ-સ્વાતંત્ર્ય (લીબર્ટી)ના મૂલ્યના સ્વીકાર અને તેને પ્રસ્તુત માળખાંની સ્થાપના વગર થઇ શકે?

મોટાભાગના નિષ્ણાતો આવા સ્થાનિક, તત્કાલીન, અલ્પજીવી તકોના જ્ઞાનને હિસાબમાં લેતા નથી. તેઓ એવું માનીને જ ચાલે છે કે આવું જ્ઞાન તો બધાને હોય જ. તેની નવાઇ શી અને તેની ચર્ચા શી? તેને તો અપાયેલું (given) જ ગણીને ચાલવાનું હોય. ઘણી વખત બજાર-વ્યવસ્થા ટીકાને પાત્ર એટલે પણ બને છે કે આવી નાચીજ માહિતી તો નિઃશુલ્ક પ્રાપ્ત હોવી જ જોઇએ ને? બજાર સર્વજ્ઞ છે કે હોવું જોઇએ તેવી સંપૂર્ણ સ્પર્ધાની નિઓકલાસીકલ થિયરીએ આ અપેક્ષાઓ ઊભી કરી છે. બજારમાં આ જ્ઞાન સદા હાજર હોતું નથી; તે તો આવા જ્ઞાનને સતત શોધીને બહાર લાવવામાં મદદ કરે છે. વાસ્તવમાં ખરી સમસ્યા જ એ છે કે સમાજમાં વિખરાઇને પડેલું આવું જ્ઞાન ઉપયોગમાં લઇ શકાય તેવી જગ્યાએ પહોંચતું કેવી રીતે કરવું? કામચલાઉ, તત્ક્ષણ પૂરતી ઉપયોગી તકોનું જ્ઞાન એ વાસ્તવમાં તો અર્થવ્યવસ્થામાં સીમા (margin) ઉપર સતત ચાલી રહેલી અસંખ્ય લેવડ-દેવડમાં સતત આવતા ફેરફારોનું બારીક અને ઉત્પાદન માટે અત્યંત મહત્ત્વનું જ્ઞાન છે. કેન્દ્રિત આયોજન વ્યવસ્થા આ વિશાળ જ્ઞાનના એક નાના અંશ માત્રનો પણ ઉપયોગ કરી શકવાની ક્ષમતા ધરાવતી નથી.

અર્થશાસ્ત્રમાં થતા ફેરફારો અને ગતિશીલતા આખરે શું છે? સીમા (margin) ઉપર ચાલી રહેલા ફેરફારો જ. કામચલાઉ ભાસતા જ્ઞાનની અવગણના કે તેના તરફ તુચ્છકારનો ભાવ એ ખરેખર તો સીમા ઉપર ચાલી રહેલા બદલાવની અવગણના અને તુચ્છકાર છે.

મોટા ઉદ્યોગ સ્થાપનારાઓએ ગમે તેટલું ઝીણું અને બારીકાઇભર્યું આયોજન કર્યું હોય છતાં વ્યવહારમાં નાની મોટી તડજોડ

(adjustments) કર્યા કરવી પડે છે. મુખ્ય આયોજનમાં સમાવાઇ શકાયા ના હોય તેવા અસંખ્ય સંજોગો ઊભા થયા જ કરતા હોય છે. તેને અનુરૂપ, આયોજન બહારના, નાના મોટા સુધારાઓ કરવા પડતા હોય છે. જેઓ આયોજનમાં મુસ્તાક છે તેઓને ધ્યાનમાં આવતું નથી કે આર્થિક સમસ્યાઓ હંમેશા સતત બદલાતી પરિસ્થિતિને કારણે ઊભી થાય છે.

ટેકનોલોજીના પ્રચુર ઉપયોગે અને તોતિંગ ઉદ્યોગોએ એવી માનસિકતા ઊભી કરી દીધી છે કે આવી મોટી ઉત્પાદનક્રિયામાં સીમા ઉપરના બદલાવોનું કોઇ સ્થાન નથી અને લાંબા ગાળાનું આયોજન હવે કરી શકાય છે જેના પ્રમાણે બધું પાર પણ પડે છે. આ ચિત્ર સાચું નથી. એ ખોટી માનસિકતાને ઊભી કરે છે. અર્થશાસ્ત્રીઓ સીમા ઉપરના ફેરફારોને નજરઅંદાજ કરતા થઇ ગયા છે તેનું કારણ એ છે કે તેઓ વધારે ને વધારે statistical aggregatesમાં ખૂંપતા જાય છે. તે તરફનું તેમનું ખેંચાણ વધવા માંડયું છે કારણ કે સામાન્યતઃ આવા aggregates વધુ સ્થિર રહેતા હોય છે. ચીજો સેવાઓની માંગ, પુરવઠાના જથ્થા સ્થિરપણે સતત વહેતા રહે છે કારણ કે અર્થવ્યવસ્થામાં સતત બદલાતા રહેતા સંજોગોને ધ્યાનમાં લઇને તેની સાથે અનુકૂલન (adjust) સાધતા ફેરફારો માઇક્રો સ્તરે ગણતરીપૂર્વક થયા કરતા હોય છે. એક ઉત્પાદક ખસી જાય તો તેનું સ્થાન બીજા ઉત્પાદકે લઇ જ લીધું હોય છે. ગંજાવર સાહસો પણ સફળતાપૂર્વક શરૂ થાય છે કારણ કે તેઓ એક એવી વ્યવસ્થામાં ગોઠવાયેલા છે જે અચાનક ઊભી થતી નાની મોટી અસંખ્ય જરૂરિયાતોને પહોંચી વળે છે. આવી બધી જરૂરિયાતોને પહોંચી વળવાની સ્વાવલંબી ક્ષમતા આ સાહસોની કદાપિ હોઇ ના શકે.

સ્થાનિક સંજોગોમાં ઊભા થતા ફેરફારોની સાથે અનુકૂલન સાધવા યોગ્ય નિર્ણયો લેવાની સત્તાનું વ્યાપક રીતે વિકેન્દ્રીકરણ તાર્કિક રીતે અનિવાર્ય છે, પરંતુ આટલું પૂરતું નથી. સ્થળ ઉપરની વ્યકિત માટે સ્થાનિક સંજોગોની માહિતી હોવી તે તેણે લેવાના નિર્ણયો માટે પૂરતી નથી. આખી અર્થવ્યવસ્થામાં જે સતત ફેરફારો થઇ રહ્યા છે તેની સાથે તેના નિર્ણયોનો તાલ બેસાડવા (dove tailing) બીજી માહિતીની પણ જરૂર પડે છે. ઉત્પાદનમાં બીજી કેટલીય ચીજ-વસ્તુઓ સેવાઓની તેને જરૂર પડે છે. કઇ ચીજની અવેજીમાં બીજી કઇ ચીજ વાપરી શકાય કે સાધનોને કયા પ્રમાણમાં પ્રયોજવાં જેથી સૌથી વધુ ફાયદો મળે તે માહિતીની તેને સતત જરૂર પડે છે. ટૂંકમાં, ચીજ-સાધનોની અવેજીના સીમાંત દરો (marginal rates of substitution)ની માહિતી સતત મળવી જોઇએ. આ સીમાંત દરોની શ્રેષ્ઠ માહિતી તેને બજાર કિંમતોમાંથી મળે છે. મુકત બજારમાં નક્કી થયેલી કિંમતો સીમાંત દરોને સૌથી સારી રીતે પ્રતિબિંબિત કરે છે.

વ્યક્તિની પોતીકી યોજનાના જુદાજુદા ભાગો વચ્ચે સમન્વય સાધવાનું કામ તેના પોતાના આગવા સીમાંત તુષ્ટીગુણ (marginal utilities) કરે છે તેવું જ કામ અનેક વ્યકિતઓ દ્વારા અમલી કરાતી યોજનાઓ વચ્ચેના સમન્વયનું કાર્ય બજારકિંમતો કરે છે. ઉત્પાદનની ક્રિયામાં સફળતાપૂર્વક જોડાઇ શકનારી વ્યકિતઓને મળનારા વળતરનો ચોકસાઇભર્યો અંદાજ તો બજારકિંમતો આપે જ છે, પરંતુ બજારકિંમતોનું વધારે અગત્યનું કાર્ય એ છે કે જે વ્યકિતઓની યોજનાઓ બજારકિંમતો સાથે મેળ પાડી શકતી નથી તે બજારમાં ટકી શકવાની નથી અને તેમાં કયાંક ખામી છે તેવા નકારાત્મક નિર્દેશો તે આપે છે. જેથી આવી વ્યક્તિઓ અનુકૂલન સાધવા તેમના પ્રયત્નોની દિશા બદલે અને યથાયોગ્ય ફેરફારો કરે. આ સમન્વયનું કાર્ય છે, જે બજાર આપોઆપ કરે છે.

## વિકેન્દ્રીકરણ - સશક્તિકરણ - વૈવિધ્ય - લોકભાગીદારી - સર્જનાત્મકતા શેમાં ? સમાજવાદી રચનામાં કે બજાર વ્યવસ્થામાં ?

બજારકિંમતો પણ આખરે વ્યક્તિગત નિર્ણયોનું પરિણામ છે તેથી તે પણ વિકેન્દ્રિત જ છે. આ રીતે જોતાં બજારવ્યવસ્થામાં સમાજમાં રહેલા વિકેન્દ્રિત જ્ઞાનના ઉપયોગની ધીંગી પ્રક્રિયા બે રીતે વિકેન્દ્રિત છે. વિકેન્દ્રીકરણ(decentralisation), વૈવિધ્ય (plurality), સશક્તિકરણ (empowerment), લોકભાગીદારી (participation), વ્યક્તિની સર્જનાત્મકતા (individual creativity)ને વિશાળ મેદાન આપવા આનાથી વધારે સારો વિકલ્પ કયો હોઇ શકે?

એ વાત સ્વીકારવી ઘણાને અઘરી લાગે છે પરંતુ આવી કાર્યક્ષમ ઉત્પાદન - વિતરણની સ્વનિયંત્રિત વ્યવસ્થા માનવીય બુદ્ધિએ તૈયાર કરેલી ડીઝાઇન વગર અમુક સાર્વત્રિક નિયમોના ચુસ્ત પાલનથી સ્વયંભૂ અસ્તિત્વમાં આવે છે અને વિકસે છે તે એક નક્કર વાસ્તવિકતા છે. માત્ર અંગત હેતુઓની સિદ્ધિ માટે મથનારા અસંખ્ય લોકોનાં કૃત્યોનો એવો સમન્વય કરે છે જેથી દરેક ભાગ લેનાર અગણિત અજાણ્યા હેતુઓની પૂર્તિ અજાણપણે કરી આપે છે - સમષ્ટિનું કલ્યાણ સાધી આપે છે જે સૌ પ્રથમ મેન્ડેવીલે છેક અઢારમી સદીના પ્રારંભે જોયેલું. આવી માર્કેટ વ્યવસ્થા સામે વિરોધનો વંટોળ કેમ ઊઠયો ? વિરોધની જડ શેમાં છે ? માર્કેટ અને ન્યાયી વિતરણ વચ્ચેની યુતિ ટકાઉ (sustainable) છે ? વ્યક્તિસ્વાતંત્ર્ય પણ બનેલું રહે અને ન્યાયી વિતરણ પણ સધાઈ જાય - આવું બની શકે તેમ છે ? તે હવે પછીના છેલ્લા લેખમાં જોઈશું. ●

# યે હૈ બમ્બઈ, મેરી જાન

*- તૃપ્તિ પારેખ*

મુશળધાર વરસાદથી ટેવાયેલા મુંબઇગરાઓ ગઇ વર્ષાના તાંડવની ભયાનકતા હજુ આ ચોમાસા ટાણે યાદ કરતા હતા. ઊભી રહી ગયેલી સબર્બ ટ્રેઇનોમાં જીવ પડીકે બાંધીને બેઠેલા, એ હજી યાદ હતું. એ કુદરતી તાંડવ હતું. ત્યાં તો ૧૧મી જુલાઇએ ત્રાસવાદીઓએ સાત ટ્રેઇનોમાં એક પછી એક બોમ્બધડાકા કર્યા. ૨૦૦થી વધુ વ્યક્તિઓની જાન ગઇ, સેંકડો ઘાયલ થયા.

દેશના આર્થિક-વ્યાપારી પાટનગરમાં બોમ્બધડાકા પાછળનો ત્રાસવાદીઓનો ઇરાદો એક જ હોઇ શકે - મુંબઇની કમર તોડી નાખવી, મુંબઇના ધબકતા સ્પીરીટને રગદોળી નાખવો અને દેશને સબક શીખવાડી દેવો. નિર્દોષોના જાન લેવા પાછળનો ત્રાસવાદીઓનો મકસદ બધે જ સામાન્ય રીતે આ જ હોય છે. પોતાની હયાતીનો અહેસાસ દુનિયાને અને ખુદને કરાવવાનો એમનો માર્ગ જ આ હોય છે.

બોમ્બધડાકા પછી લગભગ કલાકમાં તો ઘાયલોને હોસ્પિટલ ભેગા કરવામાં આવી રહ્યા હતા, રસ્તાઓ પર પૂરપટ દોડતી જતી ગાડીઓ રખડી પડેલા લોકોને લીફ્ટ આપી રહી હતી. કાલે પોતાને માથે છાપરું હશે કે નહીં એની પણ પરવા કર્યા વિના રેલ્વે ટ્રેકની આસપાસની ઝૂંપડપટ્ટીઓમાં રહેનારા ઘાયલોને હોસ્પિટલમાં લઇ જવા માટે પોતાનાં ઘરોમાંથી ચાદરો લાવીને આપી રહ્યા હતા. ઘાયલ દર્દીઓને હોસ્પિટલોમાં લઈ જનારા જે તે દર્દીના સગાવહાલા ન આવે ત્યાં સુધી, પોતાનાં ઘર ભૂલીને, હોસ્પિટલોના વોર્ડોમાં હાજર હતા. હોસ્પિટલોમાં લોહી આપનારાઓની લાંબી કતાર લાગી ગઇ. કોલેજોથી પાછા આવતાં છોકરા-છોકરીઓ ટ્રાફિકને નિયંત્રણ કરવાને પોલીસની મદદે લાગી ગયાં. આ બધામાં હિન્દુ-મુસ્લિમ સૌ સાથે મળીને, ખભે ખભા મિલાવીને જોડાયા હતા. સાવ અનાયાસે, નાના - મોટા અનેક મુંબઇગરાઓએ જાણે કે રિડર્સ ડાયજેસ્ટે કરેલા સર્વેને અને મુંબઈને સૌથી ઉદ્દંડ - rudest શહેર તરીકેના આપેલા બિરુદને ખોટું પાડી દીધું.

ચાર કલાકમાં ટ્રેઇનો ચાલુ થઇ ગઇ. બીજે દિવસે સવારે ફરીથી રોજ 'અપ-ડાઉન' કરનાર ટ્રેઇન કોમ્પ્યુટરો પોતપોતાના ટીફિન લઇને બોરીવલીથી ચર્ચગેટ જતી ટ્રેઇનોમાં મુસાફરી કરી રહ્યા હતા. 'ખલુ આશ્ચર્યમ્' - amazing! લોકોને કોઈએ કાંઇ કહ્યું નહોતું, પણ પોતાનું જીવન જીવવાની ઉત્કંઠા કહો કે ઘરેડ કહો - પ્રત્યેક વ્યક્તિએ જનજીવન ધબકતું રાખ્યું. કચ્છના ભૂકંપ પછી Phoenixની જેમ ઊભા થઇ ગયેલા હજારો લોકોની જેમ જ. ત્રાસવાદીઓ જે પરિણામની અપેક્ષા રાખતા હતા, એનું સુખ એમને ન મળ્યું.

સામાન્ય લોકોની સાવ સાહજિક મદદ અને પ્રતિભાવોને બિરદાવવામાં આવ્યા. બિરદાવવા જ જોઈએ. એની સામે વહીવટીતંત્રની કુનેહનો અભાવ અને બિન-સાબદાપણા પર ખૂબ માછલાં પણ ધોવાયાં છે. સૌથી મોટી ટીકા એ પણ થઈ કે જે રાજ્યમાં ત્રીજા ભાગનો પોલીસ ફોર્સ ડાન્સ બારની આસપાસ તૈનાતમાં હોય અને જે રાજ્ય લોકોના મોરલ પોલીસ તરીકેની ફરજ બજાવવામાં લાગેલું હોય, એની પાસે કાયદો અને વ્યવસ્થા જાળવવાની રાજ્યની મૂળભૂત ફરજ બજાવવા માટે પોલીસ ફોર્સ ઓછો ના પડે તો જ નવાઇ !

રાજ્ય વહીવટી તંત્ર - પોલીસના આ બિન-સાબદાપણાને નજરઅંદાજ ના કરાય. અલબત્ત, એ પણ હકીકત છે કે વર્ષ આખામાં રોજ લગભગ સિત્તેર લાખ લોકોને લઇને દોડતી ટ્રેઇનોની ચિક્કાર ગિરદીમાં બોમ્બ મૂકવો અઘરો નથી. એટલે જ ત્રાસવાદીઓને શોધવાનું અને ભવિષ્યના આવા હુમલા અટકાવવાનું કામ સહેલું નથી એ પણ યાદ રાખવા જેવું છે. એને માટે ભયભીત - panic થવાનો કે પોલીસ - વહીવટીતંત્રને યેનકેન પ્રકારેણ તાત્કાલિક પરિણામ - output બતાવવા માટે દબાણ કરવાનો પણ અર્થ નથી. કારણ કે એને લીધે સાચા ત્રાસવાદીઓ પકડાશે જ એની કોઇ ખાતરી નથી. બીજી બાજુ, કોઇને પણ શંકામાત્રથી પકડીને 'પોટા' કે એવા જ કોઇ કાયદા લાવીને એનો અમલ કરવાનું સરકારને કારણ - justification મળી જાય, જેનો દુરુપયોગ થવાની સંભાવના વધુ છે. ઉપરાંત, પ્રવાસીઓ સિવાય પ્લેટફોર્મ પર કોઇ જઇ ના શકે કે પ્લેટફોર્મ ટીકિટ મળી ના શકે જેવા રેલ્વે મંત્રીના તુઘલકી વિચારોને અમલી કરાવવાનું બહાનું પણ મળી જાય.

ત્રાસવાદનો પ્રશ્ન ખૂબ કઠિન અને સંકુલ છે; એ વધતો જવાનો છે એમાં શંકા નથી. એને જેર કરવા માટે દેશે આનાથી વધુ ગંભીર ઉપાયો શોધવા પડશે. હકીકતમાં, લોકોએ આ ભયંકર અનુભવમાંથી બને એટલા બહાર નીકળી જવું જરૂરી છે. અને તંત્રે - પોલીસે એને ભૂલવું ના જોઈએ અને પગેરું દબાવતાં દબાવતાં એનાં મૂળિયાં સુધી પહોંચવું જરૂરી છે. ●

# કિસ્સો કેવડિયાનો

*- તૃપ્તિ પારેખ*

જુલાઈના પહેલા અઠવાડિયામાં કેવડિયા ગામ (હાલમાં નર્મદા યોજનાના હેડકવાર્ટર કેવડિયા કોલોની)નાં થોડાં આદિવાસી કુટુંબોને ડેપ્યુટી કલેકટર તરફથી ચાર દિવસમાં એમના કબજા હેઠળની, પણ નર્મદા નિગમની 'માલિકી'ની જમીનો તથા ઘરો ખાલી કરી નાખવાની નોટિસો આપવામાં આવી, કારણ કે નિગમે પોતાની 'માલિકી'ની આ જમીનો મુંબઈની કંપનીને હોટલ બનાવવા તથા ટુરીઝમ વિકસાવવા માટે રૂપિયા ૧.૫ કરોડમાં ત્રીસ વર્ષની લીઝ પર આપી છે! આદિવાસી કુટુંબોએ એનો સખત વિરોધ કર્યો અને જમીનો ખાલી ન કરવાની ઠાની લીધી. એમનો વિરોધ સ્વાભાવિક પણ હતો અને ન્યાયી પણ હતો. આર્ચ-વાહિનીએ પણ એમના વિરોધને ટેકો કર્યો. જે 'જાહેર હેતુ' માટે જે તે સંપાદન કરવામાં આવેલ જમીનનો ઉપયોગ ના થયો હોય તો એ જમીનો જે તે ખાતેદાર માલિકને પાછી સોંપાવી જોઈએ.

૧૯૬૦-૬૧માં કેવડિયા અને તેની આસપાસનાં બીજાં પાંચ ગામોના આદિવાસીઓની જમીનો સરદાર સરોવર યોજના માટેની ઓફિસો-વસાહતો તૈયાર કરવા માટે સાવ નજીવું વળતર (એકર દીઠ રૂ. ૧૫૦ થી ૨૦૦) ચૂકવીને સંપાદન કરવામાં આવેલી. મોટાભાગની જમીનોનો ઉપયોગ એ કામ માટે થઈ પણ ચૂક્યો છે. પરંતુ જરૂર કરતાં વધારે જમીન સંપાદન થયેલ હોવાથી બીજી વધારાની જમીન યોજનાના કામ માટે વાપરવામાં નથી આવી અને હજી સુધી મૂળ આદિવાસીઓના કબજામાં જ છે. આ આદિવાસીઓ આ જમીનનો ઉપયોગ રહેવા તેમજ ખેતી માટે કરી રહ્યા છે. હવે નિગમ આ વધારાની જમીનો મુંબઈની કોઈ ખાનગી કંપનીને કરોડો રૂપિયા લઈને ટુરીઝમના વિકાસ માટે લીઝ ઉપર આપવા માંગે છે. આ સાવ નવો જ હેતુ છે, જેને માટે આ જમીનો સંપાદન કરવામાં નહોતી આવી.

હકીકતમાં, જે જમીનો જે હેતુસર સંપાદન કરવામાં આવી હોય તે કામ માટે જ તેનો ઉપયોગ થઈ શકે અને એમ કર્યા બાદ જે વધારાની જમીન બચતી હોય તે તેના મૂળ જમીન-માલિકોને પરત કરી દેવી જોઈએ. ત્યાર પછી જો કોઈ ખાનગી કંપનીને હોટલો બનાવવા કે બીજા કામ માટે જરૂર હોય તો તેઓ ખેડૂતો સાથે સીધી વાટાઘાટો કરીને યોગ્ય કિંમત આપીને ખેડૂતોની સ્વેચ્છાએ ખરીદી શકે છે. આમ પણ હોટલ બનાવવી કે ટુરીઝમનો વિકાસ કરવો એ કંઈ જાહેર હેતુ નથી અને એ માટે ફરજિયાત જમીન સંપાદન કરી શકાય નહીં.

દેશ આખામાં આઝાદી પછી મોટાભાગની વિકાસ યોજનાઓમાં રાજ્યે (State) પોતાના eminent domainની સત્તાનો ઉપયોગ કરીને લાખો એકર જમીન સંપાદન કરી છે. સામે સાવ નજીવું વળતર આપવાનું હોવાથી અને સારા પુનર્વસવાટની કોઈ જવાબદારી ન હોવાથી વિકાસ યોજનાઓમાં રાજ્યે જરૂર કરતાં ક્યાંય વધુ જમીનો-ઘરો સંપાદન કર્યાં છે. કારણ કે 'કોના બાપની દિવાળી ?' જેવો ઘાટ હતો. નર્મદા યોજનામાં બેક વોટરની અસર હેઠળ જરૂર કરતાં વધુ સંપાદન કરવામાં આવ્યું છે એ આપણે ખોજના ગયા અંકમાં જોયેલું. વિકાસ યોજનાઓની જેમ જ પર્યાવરણીય યોજનાઓમાં પણ જરૂર કરતાં વધારે જમીનો-જંગલો આવરી લેવાયાં છે અને લેવાઈ રહ્યાં છે એ આપણે જુલાઈ-ઓગસ્ટ ૨૦૦૫ના અંકમાં વિસ્તારથી ચર્ચ્યું છે.

બીજી બાબત. ખોજના જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં કલિંગનગરના કેસમાં આપણે ચર્ચેલું કે ખાનગી કંપનીઓના ઉદ્યોગીકરણને વિકાસ અને 'જાહેર હિત'નાં કામ ગણીને ખાનગી મિલકતો સરકારે સંપાદન કરવાની હોય જ નહીં. હકીકતમાં કયા કામો 'જાહેર હિત'નાં ગણાવાં જોઈએ અને કયા નહીં અને એને માટે સાવ અનિવાર્ય હોય એવી કેટલી જમીનો-મિલકત સરકાર સંપાદન કરી શકે એ નક્કી કરવાનો સમય આવી ગયો છે.

સરકાર-નિયંત્રણ હેઠળની સમાજવાદી અર્થવ્યવસ્થામાં સ્ટીલ પ્લાન્ટો જાહેર સાહસ તરીકે વિકસાવવામાં આવેલા, અને સરકાર દ્વારા એને માટે ખાનગી જમીનો સંપાદન કરવામાં આવતી. આજે ઉદારીકરણની નીતિ અપનાવ્યા બાદ ખાનગી કંપનીઓ હસ્તકના સ્ટીલ પ્લાન્ટ માટે સરકાર કઇ રીતે જમીન સંપાદન કરી શકે? ખાનગી ઉદ્યોગો કઇ રીતે 'જાહેર હેતુ' બની ગયા? આ તો ઉદારીકરણની બેવડી નીતિ છે : મોટા ઉદ્યોગો માટે ઉદાર (liberal) નીતિ અને આદિવાસીઓ માટે ટુરીઝમ કે ઉદ્યોગીકરણ જેવા 'જાહેર હેતુ' માટે ફરજિયાત જમીન સંપાદનની સમાજવાદી સમયની નીતિ! હકીકતમાં, ઉદારીકરણની નીતિ મુજબ ખાનગી કંપનીઓ સ્થાનિક જમીનમાલિકો પાસેથી વાટાઘાટો દ્વારા સ્વૈચ્છિક રીતે જમીનો ખરીદી શકે. આમ, આ આખી આપ-લેને સ્વૈચ્છિક અને મુકત વિનિમય પર છોડી દેવાની હોય. સરકારની સત્તાના વ્યાપ અને લોકોના અધિકારના વ્યાપ અંગે ઊંડું વિચારવાની જરૂર છે. ●

# જંગલમાં દવ

*- શંકર ગોપાલક્રિશ્નન*

છત્તિસગઢમાં માઓવાદી સંગઠનોને કારણે વધતા જતા તનાવને લઈને ભારતના આદિવાસીઓ સમાચાર માધ્યમોમાં ચમક્યા છે. આ જ અરસામાં આદિવાસીઓને જંગલજમીન અને જંગલ પરના અધિકારો આપતા બીલ પરનો જોઇન્ટ પાર્લામેન્ટરી કમિટી (જેપીસી)નો અહેવાલ બહાર પડયો છે, જે વિવાદનું કેન્દ્ર બન્યો છે. ઘણાને એ ખ્યાલ નથી કે આ બન્ને બાબતો એકમેક સાથે જોડાયેલી છે.

ગયા વર્ષે આદિજાતિ (જંગલ અધિકારોને માન્યતા) બીલ ૨૦૦૫ પર ઊહાપોહ જાગેલો, ત્યારથી આ બે વચ્ચેનો સંબંધ અવગણવામાં આવી રહ્યો છે. બીલના વિરોધીઓ આ બીલને ''ભારત સરકારના ૧૯૪૭ પછીના સૌથી વધુ જોખમી કૃત્ય'' તરીકે અને ''રાષ્ટ્રીય સંપત્તિના ખાનગીકરણ'' તરીકે લેખે છે. એવું પણ કહેવામાં આવેલું કે ''આદિવાસીઓનું કલ્યાણ બીજી વધારે સારી રીતે થઇ શકે.'' એ ઘોંઘાટ અને ધમાલમાં બીલની પાયાની હકીકત અને ભારતનાં જંગલોની સ્થિતિ છુપાઇ જવા પામેલ છે.

શા માટે જંગલ-વાસીઓ અને આદિવાસીઓ દેશના સૌથી વધુ ગરીબ અને સૌથી વધુ છેવાડેના છે? એનો સામાન્ય જવાબ એ અપાય છે કે એમના સુધી 'વિકાસ' પહોંચ્યો નથી. પણ એવા બીજા ઘણા વિસ્તારો છે, જ્યાં ઘણા લોકો સુધી વિકાસ - રસ્તા, દવાખાનાં નિશાળો - પહોંચ્યો નથી. તેમ છતાં એ વિસ્તારો કરતાં પણ આદિવાસી વિસ્તારોમાં ગરીબી વધુ છે. એ ગરીબી અકસ્માતથી નથી. એક સદીથી પણ વધુ જૂની નીતિને કારણે તેમની જમીનો, ઘરો અને આજીવિકા વ્યવસ્થિત રીતે આંચકી લેવાઈ છે, લેવાય છે. આ નીતિને પહેલાં અંગ્રેજોની ઇમારતી લાકડાની જરૂરિયાત માટે, પછી 'રાષ્ટ્ર'ની ઔદ્યોગિક જરૂરિયાત માટે અને છેવટે વનસંરક્ષણ માટે વાજબી ઠેરવવામાં આવી. એનું જે પણ વાજબીપણું - કારણ હોય, નીતિ એની એ જ રહી : બધાં જંગલોને 'પોલીસ' સત્તા ધરાવતી કેન્દ્રીય એજન્સી, ખાસ કરીને વન વિભાગના નિયંત્રણ હેઠળ લાવી દો, અને ત્યાં રહેતા લોકોની જમીનો અને અધિકારો પર કબજો કરી લો.

ભારતીય વન અધિનિયમ ૧૯૨૭, જે હજુ પણ ભારતનાં વનોને લગતો મુખ્ય કાયદો છે, તે આ જ ફિલસૂફી ધરાવે છે. કોઇપણ વિસ્તારને સરકારી જંગલ તરીકે જાહેર કરી શકાય, ત્યાર બાદ 'સેટલમેન્ટ ઓફિસરે' તે વિસ્તારનો સર્વે કરીને લોકોના અધિકારો 'સેટલ' કરવાના હોય છે. ભારતની સામાજિક વાસ્તવિકતાથી પરિચિત કોઇપણ વ્યકિત એ સમજી શકે કે શું થયું હશે. આ સેટલમેન્ટ અધિકારીઓએ કાં તો કાંઇ જ ન કર્યું, અથવા જેઓ બળૂકા હતા એમના અધિકારો નોંધ્યા. પરિણામ એ આવ્યું કે લાખો લોકો, મોટાભાગના આદિવાસીઓ, તેમના પોતાના જ ઘરમાં - વિસ્તારમાં 'દબાણદાર' બની ગયા.

આવું વખતો વખત બનવા પામ્યું છે. દાખલા તરીકે, મધ્યપ્રદેશના ૮૨ ટકા જંગલ વિસ્તારોનો કયારેય સર્વે થયો નથી. અને ઓરિસ્સાનાં ૪૦ ટકા 'અનામત જંગલો'ને કોઇ જ સર્વે કર્યા વગર અનામત 'માનવા'માં (deemed) આવ્યાં. આ જંગલોમાં રહેતા કે એના પર આધારિત લાખો લોકો એવી ત્રિશંકુની સ્થિતિમાં મુકાઇ ગયા, જેમાં એમનાં જીવન અને ઘરો ગેરકાયદેસર જાહેર કરી દેવામાં આવ્યાં. વન કર્મચારી એમને કોઇપણ સમયે હાંકી કાઢે, જેલમાં પૂરી દે કે દંડ કરે.

ટૂંકમાં, પ્રશ્ન જંગલોની 'ખેરાત' કરવાનો નથી કે નથી એ માત્ર વિકાસ અંગેનો. એ ન્યાય અંગેનો છે. જંગલખાતાની દયામાયા પર જીવતી કાયમી પછાત જાતિને બદલે જંગલ-નિવાસીઓના સમાન નાગરિક તરીકે જીવવાના અધિકારનો છે. આ બીલ દેખીતી રીતે આ અન્યાય નિવારવાની નેમ ધરાવે છે. પણ, વિશાળ ફલક પરના સિદ્ધાંતો પ્રસ્થાપિત કર્યા પછી પોતાના જ પગ નીચેથી એ શેતરંજી ખેંચી લે છે. એ જે અધિકારોને માન્યતા આપે છે એના પર જ મનમાન્યા અને કડક પ્રતિબંધો દાખલ કરે છે, અધિકારો નક્કી કરવાની અધિકારીઓની સત્તા ચાલુ રાખે છે. અને છેવટે સ્થાનિક લોકોને કોઇ જ સત્તા આપ્યા વગર જંગલ સાચવવાની જવાબદારી એમના પર લાદે છે. એ તો એ જ માનસિકતા તરફ પાછા જવા જેવું છે કે જંગલ - વાસીઓ દબાણદાર છે.

જેપીસીની ભલામણો આ પરિસ્થિતિમાં તાજી હવાની લહેરખી છે. આ અહેવાલ લોકોના અધિકારો અને જંગલોના રક્ષણ એમ બન્ને પ્રત્યે આદર ધરાવતા સિદ્ધાંતોવાળી નવી વન વ્યવસ્થાની લોકતાંત્રિક અને પારદર્શી સંસ્થા (institution)ની જરૂરિયાત પર મંડાયેલો છે. જેપીસીને સાંભળવામાં જ યુપીએ સરકારનો ફાયદો રહેલો છે. લોકોને દુશ્મન તરીકે માનવાને બદલે સરકારે એમને નાગરિક તરીકે જોવા જોઇએ.●

(લેખક કેમ્પેઇન ફોર સર્વાઇવલ એન્ડ ડિગ્નીટી સાથે જોડાયેલા છે.)

# વાઘનું સંરક્ષણ : ચીનનો નવતર પ્રયોગ

- બરુન મિત્રા

[એક-દોઢ વર્ષ પહેલાં સરિસ્કા અને રણથંભોર જેવા ટાઇગર રિઝર્વમાંથી વાઘ લુપ્ત થયાના અચાનક ચમકેલા સમાચારને પગલે દેશભરમાં મચેલા ખળભળાટ અને વડા પ્રધાન દ્વારા નીમવામાં આવેલા 'ટાઇગર ટાસ્ક ફોર્સ' અને એના અહેવાલની ચર્ચા આપણે ગયા વર્ષના ખોજના અંક-૨ તેમજ ૩માં વિગતે કરી હતી. વાઘ બચાવવા હોય તો વન વિભાગને વધુ સત્તા, શસ્ત્રો અને નાણાં આપવાં જરૂરી છે અને રિઝર્વમાંથી સ્થાનિક લોકો/આદિવાસીઓને દૂર કરવા જ પડે, એવી લાગણી વાઘ બચાવો પર્યાવરણવાદીઓ અને કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રાલયની રહી છે. વાઘ બચાવ અભિયાનમાં લશ્કરની મદદ લેવાનો નીતિગત નિર્ણય લેવાય એવી વકી છે. વન્ય પ્રાણી (સંરક્ષણ) સુધારા બીલ ૨૦૦૫ ચોમાસુ સત્રમાં સંસદમાં પસાર થવાની શક્યતા છે. આ બીલ વાઇલ્ડ લાઈફ બોર્ડને અલગ અને કેન્દ્રીકૃત સત્તા સોંપે છે. પણ એ જ કેન્દ્રીકૃત સત્તા ખરેખર વન્ય પ્રાણી અને વાઘ બચાવી શકશે કે નહીં, તે અંગે મોટા પ્રશ્નાર્થો છે. ખરેખર કયા કારણસર વાઘ નાશ પામ્યા છે એ તરફ જો ધ્યાન આપવામાં આવે તો જ એનો કાર્યક્ષમ ઉપાય પણ મળી શકે. સ્થાનિક લોકોને 'દુશ્મન' ગણીને 'અલાયદા' (alienate) કરી નાખવાની દોઢ સદીની નીતિએ જ વન અને વન્ય પ્રાણીના નાશમાં અગ્રેસર ભૂમિકા ભજવી છે એ પાયાની વાત વિસરાઇ જાય છે. અને તદ્દન વિપરીત ઉપાયો શોધાય છે. દિલ્હીની લીબર્ટી ઈન્સ્ટિટ્યુટના ડાયરેક્ટર બરુન મિત્રાનો વાઘ-ઉછેર અંગેના ચીનના પ્રયોગ પરનો લેખ પ્રસ્તુત છે. -સં.]

દરેક કટોકટી એક તક ઊભી કરે છે - એ કટોકટી દૂર કરવાની મથામણોમાંથી ઊભી થતી તક. અને એ જ કટોકટી લોકોને વિકલ્પો ખોળવા તરફ અંધ પણ બનાવી દે છે અને જે નીતિએ એ કટોકટી સર્જવામાં મોટો ભાગ ભજવ્યો હોય એ જ જૂની, અસફળ ગયેલી નીતિને પકડી રાખવા માટે લોકોને પ્રેરે છે. વાઘ બચાવવાના અભિયાનમાં ચીન અને ભારતે આ સામસામા અભિગમ અપનાવ્યા છે.

વિશ્વમાં અને ભારતમાં 'પ્રોજેક્ટ ટાઈગર'ના અતિ મહત્ત્વાકાંક્ષી પ્રોગ્રામ શરૂ કર્યાનાં ત્રીસ વર્ષ બાદ આજે વિશ્વ આખામાં માંડ ૫૦૦૦ થી ૬૦૦૦ વાઘ બચવા પામ્યા છે, જેમાંના અડધા ભારતમાં છે. પણ, એ ઝડપથી નાશ પામી રહ્યા છે. ભારત સરકારે એ સ્વીકાર્યું છે કે વાઘના શિકારી દાણચોરો વાઘ અને અન્ય વન્ય પ્રાણીઓનો ગેરકાયદેસર વેપાર નેપાળ અને તિબેટ માર્ગે ચીનમાં, અને બર્મા મારફતે પૂર્વી એશિયાનાં બજારોમાં કરી રહ્યા છે.

૧૯૭૦માં વાઘનો શિકાર અને વેપાર અટકાવવા માટે ભારતે કડક કાયદા બનાવ્યા અને મોટાં ભંડોળ એકઠાં કર્યાં. પણ વાઘની વસ્તી અંગે આજે ચાલી રહેલી ચર્ચાઓ અને ચિંતા એ જ વાતની પૂર્તિ કરે છે કે નિયંત્રણની આ નીતિએ વાઘના ભાવિને સુરક્ષિત બનાવ્યું નથી.

ભારતનાં જંગલોમાં વાઘની સંખ્યા સૌથી વધુ છે - બે થી ચાર હજારની વચ્ચે. જ્યારે ચીનનાં જંગલોમાં એ કદાચ માંડ ૨૦ કે ૩૦ ની હશે. તેમ છતાં ચીનમાં વાઘના અવયવો, ખાસ કરીને હાડકાંની માંગ ખૂબ છે, જેનો ઉપયોગ સાંધાના દુખાવાના દર્દીઓ માટે પરંપરાગત (traditional) ચાઈનીઝ ઔષધિ તરીકે કરવામાં આવે છે.

ચીને પણ ૧૯૯૩માં આવી જ પ્રતિબંધિત નીતિ અપનાવી હતી, પણ એનો પણ કોઈ અર્થ નહોતો. ઊલટાનું, હકીકતમાં આ પ્રતિબંધને લીધે તો આવી પરંપરાગત ઔષધિઓ પર આધાર રાખતા દર્દીઓને વધુ સહન કરવાનું આવ્યું હશે. બન્ને બાજુની આ કટોકટીને ધ્યાનમાં રાખીને ચીન હાલમાં એક સાવ મૂળભૂત રીતે નવી જ નીતિ અજમાવી રહ્યું છે. ત્યારે, વાઘ બચાવવા માટે લશ્કરની મદદ લેવાનું વિચારી રહેલા ભારતનો આ વિરોધ આંખે ઊડીને વળગે છે.

વાઘ જીવસૃષ્ટિની સાંકળની ટોચ પર વિરાજે છે. એ આર્થિક સાંકળની ટોચ પર પણ આવી શકે એમ છે, જો એના ઉછેર અને વેપાર પરના પ્રતિબંધ દૂર કરવામાં આવે તો. પણ, પર્યાવરણીય ડહાપણ એવું છે કે વન્ય પ્રાણીનું સંરક્ષણ અને ઉછેર કરવો એટલે વન અને વન્ય પ્રાણીને બિનમાનવ વસ્તી વિહોણાં બનાવવાં, સ્થાનિક લોકોને એમનાથી અળગા રાખવા, શિકાર અને એના વેપાર પર પ્રતિબંધ મૂકવો. સ્પષ્ટ છે કે વેપારને ગેરકાયદેસર બનાવાય, ત્યારે ગેરકાદેસર વ્યક્તિઓ જ એનો વેપાર કરે ! (When trade is outlawed, only outlaws trade!)

વળી, વાઘ એ બિલાડીની જાતિનું પ્રાણી છે. એ બિલાડીની માફક ખૂબ

ઝડપથી વંશવૃદ્ધિ કરે છે. અને ઝુ જેવાં પાલતુ, બંધ સ્થાનોમાં પણ વંશવૃદ્ધિ કરી શકે છે. બીજી બાજુ, એની ખોરાકની જરૂરિયાત પણ ખૂબ હોય છે. એટલે કે એના જીવનનો મોટો આધાર પર્યાપ્ત પ્રમાણમાં ખોરાકની પ્રાપ્તિ પર હોય છે, જે કાં તો જીવસૃષ્ટિથી ભરેલાં જંગલોમાં શક્ય છે, કાં તો એવાં સ્થળોએ જ્યાં એને ટનબંધી મટન પૂરું પાડી શકાય.

પહેલા કેસમાં એ તો જ શક્ય બને જો જંગલ વિસ્તારોમાં વસતા સ્થાનિક લોકોને આ વન્યજીવો સચવાય, વૃદ્ધિ પામે એની સામે આર્થિક લાભ - incentives મળનાર હોય. બીજા કેસમાં તો જ શક્ય બને જો એનો વેપાર કરવાની છૂટ આપવામાં આવે, જેમાંથી એના ઉછેરનો ખર્ચ કાઢવાનું સહેલું પણ બને અને એનું incentives પણ મળી રહે. આમ તો જ થાય જો એ સ્થાયી થઈ ગયેલી માન્યતા કે, વ્યાપાર અને સંરક્ષણ સાથે સાથે શક્ય નથી, એ તૂટે. હકીકત તો એ છે કે સફળ વેપાર જ ઉછેર અને સંરક્ષણને viable બનાવે છે, વેગ આપે છે.

ચીને વાઘ-ઉછેરને વેપાર સાથે જોડવાની નીતિ અપનાવી. ચીનમાં ખાનગી તેમજ જાહેર માલિકીના વાઘ-ઉછેર કેન્દ્રો ઊભાં થયાં છે, જેણે એક દાયકામાં તો પરિસ્થિતિમાં પાયાનો ફેર લાવી દીધો છે. આજે ચીનમાં આવાં ૪૦૦૦ થી વધુ પાળેલા વાઘ છે, અને હાલમાં એનો જીનેટિક પ્રોફાઇલ બનાવવાનો પ્રયત્ન હાથ ધરાયો છે, જેથી કરીને સારી ઓલાદના વાઘોની સંખ્યાની નોંધ થઇ શકે અને એને વધારી શકાય.

ચીનમાં આવાં લગભગ ૨૦ જેટલાં વાઘ-ઉછેર કેન્દ્રો છે. એમાંનાં કેટલાંક નાનાં છે, અને થોડાં ખાસ્સાં મોટાં પણ છે. ગુઇલીન નામના શહેરમાં ૪૦ હેક્ટરનો વાઘ અને રીંછબાગ (park) આવેલો છે, જ્યાં ૧૦૦૦ જેટલા વાઘ પાંજરાંમાં કે બંધ સ્થાનોમાં રહે છે. આ મોટું પર્યટનક્ષેત્ર પણ બની ગયું છે, પણ ટુરીઝમમાંથી મળતી રેવન્યુ એક વાઘને ઉછેરવાના ખર્ચ (યુએસ ડોલર ૪૦૦૦-આશરે રૂ.૧,૮૦,૦૦૦) ને પહોંચી વળવા માટે પણ પૂરતી નથી. એને ખવડાવવાનો ખર્ચ જ કુલ ખર્ચના ૭૫ ટકા જેટલો થાય. આ ખર્ચને પહોંચી વળવા માટે આખા પાર્કને બેંક પાસે ગિરવી મૂકી દેવો પડેલો. થોડાં વર્ષ પહેલાં, મૃત વાઘનાં ટનબંધી હાડકાંઓના જથ્થાનો નાશ કરી નાખવામાં આવેલો, કારણ કે એને સાચવવા માટે જરૂરી શીતાગારનો ખર્ચ ખૂબ ભારે હતો.

પણ, ચીનના સાહસિકો અને વન્ય પ્રાણી મેનેજરો આશાવાદી છે. પુખ્ત વયના વાઘના મર્યા બાદ ૧૨થી ૧૫ કિલો સૂકાં હાડકાં મળે છે, જે પરંપરાગત ઔષધિ માટે બજારમાં કિલોના રૂ.૨૨,૦૦૦ થી ૪૫,૦૦૦ (યુએસ ડોલર ૫૦૦-૧૦૦૦)ના ભાવે વેચાય છે. એ ઉપરાંત, એની ચામડી, નહોર, અને બીજા અવયવોના બીજા રૂ.૪,૫૦,૦૦૦ (યુએસ $ ૧૦,૦૦૦) મળે. વળી, દુનિયાભરમાંથી અને અન્ય સ્થળોમાંથી ઊંચી ઓલાદના વાઘોનાં નાનાં અને કુમળી ઉંમરનાં બચ્ચાઓ માટેની માંગ સતત હોય છે. અને ઓછી કિંમતનાં પ્રાણીઓના બજારમાં મળતા મટનને ખોરાક તરીકે વાપરવાથી એના ખોરાકની કિંમત ખાસ્સી ઘટાડી શકાય છે. વાઘ ઉછેરવાનાં આવાં ખેતરો આમ આર્થિક દૃષ્ટિએ અત્યંત વ્યવહારુ છે. સ્પષ્ટ છે કે વાણિજ્ય-વ્યાપાર એ સંરક્ષણનું વિરોધી નથી.

હકીકતમાં, ચીને ઘરેલુ કાયદેસરનું બજાર ઊભું કર્યું છે, અને હાથીદાંત તથા કસ્તૂરી જેવી વન્યપ્રાણી પેદાશોને મેળવવાથી લઇને વેચવા સુધીની પ્રવૃત્તિ પર કોમ્પ્યુટરની મદદથી નજર રાખવાનું અને ગ્રાહકોની માહિતી અંગેની નોંધ રાખવાનું વિકસાવ્યું છે. પાલતુ વાઘ ફરીથી જંગલ વિસ્તારમાં વસી શકે એની ટેકનિક વિકસાવવાનો પ્રયોગ પણ ચીને સાઉથ આફ્રિકાની ટાઇગર વેલીમાં જાહેર-ખાનગી ભાગીદારીની મદદથી શરૂ કર્યો છે, જેથી આગળ જતાં પાલતુ રીતે ઉછેરેલા વાઘ જંગલમાં જીવી શકે એવી રીતે તાલીમ આપી શકાય. વાઘનાં હાડકાંઓના મર્યાદિત ઘરેલુ વ્યાપારમાંથી તેઓ વાઘ સંરક્ષણની નવી જ રણનીતિ વિકસાવી શકે એ માટે પર્યાપ્ત રેવન્યુ ઊભી કરવા ઇચ્છે છે. એવી અપેક્ષા છે કે વેપારને લીધે જંગલના વાઘ પરનું દબાણ પણ ઘટશે, સાથે જ ચાઇનીઝ દર્દીઓને પણ મદદ થશે. જો આ નીતિ કામ કરી જાય તો એક દસકામાં તો ચીન પાસે એક લાખથી પણ વધુ પાલતુ વાઘ હશે અને કુદરતી મરણનો આંક એટલો હશે જેનાથી વાઘનાં હાડકાંની માંગને પણ પહોંચી વળાશે. વર્ષો સુધી ભારતે વાઘના સંરક્ષણના મુદ્દે ચીન સાથે કોઇ ચર્ચા કરી નથી, કે કેન્દ્રીકૃત સત્તા વધારતા જવા સિવાય અન્ય કોઈ ઉપાયો ખોળવા પ્રયત્ન સુદ્ધાં કર્યો નથી. પ્રશ્ન એ છે કે ભારતે વાઘને ખલાસ કરવા છે કે ઉછેરવા છે? ●

મધ્યપ્રદેશ સરકારે ખારમોર, એટલે કે લેસર ફ્લોરીકન નામના ઘાસીયા જમીનોમાં જોવા મળતા અને હાલમાં લુપ્ત થતા જતા પક્ષીના રક્ષણ માટે થઈને નવીન નીતિ અપનાવી છે. તે મુજબ જે કોઈ ખેડૂત એ પક્ષીની ભાળ જંગલખાતાને આપે અને એનાં ઈંડાં સાચવે, તેને જંગલખાતા તરફથી રૂા.૫૦૦૦નું ઈનામ - incentive આપવામાં આવે છે. આ નીતિ અપનાવ્યા બાદ ૨૦૦૪માં એની સંખ્યા ૯ની હતી, જે આજે વધીને ૨૬ની થઈ ગઈ છે. મ.પ્ર.ના એડિશનલ પીસીસીએફ (વન્ય પ્રાણી) ડૉ. એચ.એસ પાબ્લાએ સૂચક રીતે કહેલું : ''રોકડ ઈનામ (cash incentive)ની યોજનાએ જે એક વર્ષમાં મેળવ્યું છે તે અભયારણ્ય (૧૯૮૩માં) બનાવવાથી થઈ શક્યું નથી''. (ઇન્ડિયન એક્સપ્રેસ, ૨૬-૬-૦૬)

# અનામત : નવેસરથી વિચારીશું ?

- *અંબરીષ / તૃપ્તિ*

એપ્રિલમાં માનવ સંસાધન મંત્રી અર્જુનસિંહે કેન્દ્ર સરકાર હસ્તકની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (IIT, IIM, AIIMS, વગેરે)માં અન્ય પછાત જ્ઞાતિઓ (OBC) માટે ૨૭ ટકા બેઠકો અનામત રાખવાની જાહેરાત કરીને આ સવાલ પર ફરી આગ લગાડી. આવું કંઈ થશે તેવા ભણકારા તો ગયા વર્ષના અંતથી જ આવવા માંડેલા. ઈનામદાર કેસમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો કે સરકારી સહાય ન લેતી હોય એવી ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત પ્રથાના અમલનો સરકાર આગ્રહ રાખી શકે નહીં. આ ચુકાદો આવ્યો કે તરત જ રાજકીય પક્ષોમાં ભારે ઊહાપોહ મચી ગયો અને એને ખારીજ કરી દેવા માટે સરકારે સંસદમાં ૯૩મું બંધારણ સુધારા બીલ રજૂ કર્યું, જેને બધા રાજકીય પક્ષોની સર્વ સહમતીથી પસાર કરી દેવામાં આવ્યું. આ બીલ પરની ચર્ચા ચાલતી હતી ત્યારે જ સવાલ ઊઠાવવામાં આવ્યો કે ખાનગી સંસ્થાઓમાં અનામત રાખવાનું બીલ લાવી રહ્યા છો, પરંતુ કેન્દ્ર સરકાર હસ્તકની શૈક્ષણિક સંસ્થાઓમાં અન્ય પછાત જ્ઞાતિઓ માટે અનામતની કોઈ જોગવાઈ નથી, તે અંગે કેમ કશું કરતા નથી ? બસ, એટલે સંસદનું સત્ર પૂરું થયું કે તરત જ અર્જુનસિંહે આ જાહેરાત કરી દીધી.

દેશની આ પ્રિમિયર શૈક્ષણિક સંસ્થાઓમાં આમ પણ સીટો ઘણી ઓછી છે. બધી IITs મળીને કુલ ૪૦૦૦, IIMsમાં ૧૫૦૦, AIIMSમાં કુલ ૫૦, NIDમાં કુલ ૨૩૬ અને નેશનલ લો સ્કૂલમાં કુલ ૪૮૦ સીટો છે ! એટલે સ્વાભાવિક જ આ સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા માટે ભારે રસાકસી થતી હોય છે. હાલ આ સંસ્થાઓમાં પણ દલિત અને આદિવાસી વિદ્યાર્થીઓ માટે ૨૨.૫ ટકા જેટલી બેઠકો અનામત રાખવામાં આવે જ છે. એમાં અન્ય પછાત જ્ઞાતિઓ માટેની વધારાની ૨૭ ટકા બેઠકો અનામત વધારવાથી કુલ ૪૯.૫ ટકા જેટલી બેઠકો અનામત કેટેગરીમાં મુકાઈ જશે. એટલે જેમને આનાથી નુકસાન થવાનું છે એ જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓનો રોષ ભભૂકી ઊઠે એ સ્વાભાવિક હતું. અને એમ જ થયું. AIIMSના વિદ્યાર્થીઓ અને રેસિડન્ટ ડોકટરો રસ્તા ઉપર ઊતરી આવ્યા. IITના વિદ્યાર્થીઓ પણ જોડાયા અને જોતજોતામાં તો આગ આખા દેશમાં પ્રસરી ગઈ.

આ ગજગ્રાહને નિવારવા વચગાળાના માર્ગ તરીકે સરકારે સીટો વધારવાની વાત કરી, જેથી જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે હાલ જેટલી બેઠકો છે તે મળતી રહે. પરંતુ હડતાળ ચાલુ રહી, બલ્કે ઉગ્રતર થતી ગઈ. છેવટે મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો. કોર્ટે સરકારને સવાલ કર્યો કે ઓબીસી નક્કી કરવાનો આધાર અને રેશનાલ શું છે ? એ પણ નોંધ્યું કે આનાથી આખો દેશ જાતિના આધાર પર વિભાજિત થઈ જશે. વડા પ્રધાને અનામતના ક્વોટાનો અમલ કેવી રીતે કરવો, કોલેજોમાં સીટો અને સગવડો કેવી રીતે વધારવી એ બધી બાબતો પર સૂચનો આપવા માટે મોઈલી ઓવરસાઈટ કમિટીની નિમણૂક કરી. આ કમિટીએ હાલ જ પોતાનો અહેવાલ આપ્યો કે ૨૭ ટકા અનામત એકસાથે જાહેર ન કરતાં, તબક્કાવાર સીટો વધારતા જઈને એને અનુરૂપ અનામત બેઠકો વધારતા જવી. સુપ્રીમ કોર્ટે પણ કેસ હાથમાં લીધો છે, એટલે એના આદેશ પણ આવશે.

એ જે થાય તે, પણ એક વાત સ્પષ્ટ છે કે છેલ્લાં પચાસ વર્ષમાં આપણા રાજનીતિજ્ઞો જે રીતે અનામતની આ જોગવાઈનો વ્યાપ વધારતા ગયા છે - 'અન્ય પછાત વર્ગો'ની યાદીમાં વધારે ને વધારે જ્ઞાતિઓ ઉમેરતા જઈને, અનામત બેઠકોની સંખ્યા વધારતા જઈને તેમજ નવાં નવાં ક્ષેત્રોનો એમાં ઊમેરો કરતા જઈને – તેમાં વિકાસની પ્રક્રિયામાં પછાવાડે રહી ગયેલાઓને સામેલ કરવાની નેમને બદલે જ્ઞાતિ અને ધર્મના નામે મતબેંકો ઊભી કરવાની સંકીર્ણ રાજનૈતિક ગણતરીઓ જ મુખ્ય રહી છે. આજથી તેર વર્ષ પહેલા વિ. પી. સિંહે માંડલ કમિશનની ભલામણો સ્વીકારી લેવાની જાહેરાત કરેલી ત્યારે પણ આવી જ ગણતરી હતી અને અત્યારે પણ એમ જ છે.

આ વાત સૌ જાણે છે અને સ્વીકારે છે. છતાં જેમને ચુનાવી રાજનીતિ સાથે કોઈ સંબંધ નથી એવા કેટલાયે બૌદ્ધિકો સંકીર્ણ જ્ઞાતિવાદને બઢાવો આપતી આ પ્રવૃત્તિ સામે આંખ-મીંચામણાં કરી રહ્યા છે. એથી આગળ વધીને ઘણા સામાજિક ન્યાય માટે આમ કરવું જરૂરી છે એમ કહીને એને બૌદ્ધિક રેશનલાઈઝેશન પૂરું પાડી રહ્યા છે. આમાં પછવાડે રહી ગયેલાઓના વિરોધી તરીકે છાપ ન પડે તેની ચિંતા કામ કરતી હોઈ શકે. આ ઉપરાંત, આ સવાલ ઊભો થાય ત્યારે મધ્યમ વર્ગ જે પ્રકારની પ્રતિક્રિયા આપે છે તેને અનુમોદન તો નહીં આપી દેવાય ને તેની ચિંતા પણ ભાગ ભજવતી હોઈ શકે. પરંતુ એ સિવાય અનામત શા માટે અને કોના માટે એ પાયાના મુદ્દે વૈચારિક સ્પષ્ટતાના અભાવનો

સવાલ પણ છે. અહીં મુખ્ય ગૂંચવાડો દલિત અને આદિવાસી સમુદાયો તેમજ અન્ય પછાત જ્ઞાતિઓની પરિસ્થિતિ વચ્ચે જે મોટો તફાવત છે તે ધ્યાનમાં નહીં રાખવાને કારણે પેદા થાય છે.

## અનામત શા માટે ?

આપણા બંધારણમાં દલિત, આદિવાસીઓ અને અન્ય પછાત વર્ગો માટે અનામતની જે જોગવાઈ કરવામાં આવી છે તે ગરીબી દૂર કરવા માટેનું પગલું નથી. એ તો સ્પષ્ટ છે કે જેઓ ખરેખર પછાત અને ગરીબ છે અને વિકાસની પ્રક્રિયામાં પાછળ રહી ગયા છે અને જેમને ખરેખર મદદ કે ટેકાની જરૂર છે તેવા લાખો કરોડો લોકોને એનો કોઈ લાભ મળી શકે એમ જ નથી. એનું કારણ બહુ સીધું છે. તેઓ એમનાં બાળકોને સારું પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પણ પૂરું નથી પાડી શકતા. આ શરૂઆતના કોઠા પાર પાડીને કોલેજ સુધી પહોંચે તો અનામતનો લાભ લેવાનો સવાલ ઊભો થાય ને ? એમના સવાલ તો એમના ગામમાં સારી નિશાળ જ નથી તેના, કે નિશાળ હોય તો માસ્તર આવતા નથી તેના અને આવે તો સરખું ભણાવતા નથી તેના છે. મેડિકલ કે એંજિનિયરીંગમાં પ્રવેશ માટે અનામત હોય કે ન હોય તેનાથી એમના જીવનમાં કોઈ ફરક નથી પડતો. આમ સિધ્ધાંતઃ અનામતનો લાભ આ સમુદાયોના એવા મુઠ્ઠીભર લોકોને જ મળી શકે જે કમ સે કમ બારમા ધોરણ સુધી તો ભણી શક્યા છે.

તો પછી આ વ્યવસ્થા દાખલ જ શા માટે કરવામાં આવેલી ? જાણીને નવાઈ લાગે પણ એનો મુખ્ય હેતુ તો જન્મ (જ્ઞાતિ) આધારિત ભેદભાવો મિટાવીને સામાજિક સમરસતા પેદા કરવાનો છે. જે સમુદાયના લોકો સદીઓ સુધી જન્મના આધારે જ તીવ્ર ભેદભાવના ભોગ બન્યા હોય એમને એ ભેદભાવો હટી ગયા પછી પણ શરૂઆતમાં ટેકાની જરૂર પડે. એ ટેકો પૂરો પાડવાની એની નેમ છે. એને કારણે સામાજિક ગતિશીલતા પેદા થાય છે અને અમુક ક્ષેત્રો જે ઊપલી કે મધ્યમ જ્ઞાતિઓ પૂરતા જ સીમિત હતા, તે ખુલે છે અને એ રીતે સામાજિક સમરસતાની દિશામાં પહેલા ડગ માંડી શકાય છે.

અહીં એ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે જન્મ-આધારિત ભેદભાવ મિટાવવા માટે અનામત એ કાંઈ એક માત્ર ઔજાર નથી. તે મુખ્ય સાધન પણ નથી. એ માટે તો આપણા બંધારણમાં પાયાની જોગવાઈ ધર્મ, જ્ઞાતિ, જાતિ (સ્ત્રી કે પુરુષ), ભાષા, કે જન્મના સ્થળના આધારે કોઈપણ જાતનો ભેદભાવ કર્યા વગર સૌને સમાન અવસર આપતા મૂળભૂત અધિકારની છે. આ અધિકાર પોતે જ એક ક્રાંતિકારી પગલું છે જે મોટાભાગના કિસ્સામાં તો જન્મ-આધારિત પરંપરાગત ભેદભાવો કે વિશેષાધિકારો સામે પર્યાપ્ત રક્ષણ પૂરું પાડે છે. આ ઉપરાંત લોકતંત્ર, બદલાતી આર્થિક પરિસ્થિતિ, શહેરીકરણ, વગેરેને કારણે પણ પરંપરાગત સામાજિક જડતા તૂટે છે અને વિકાસ માટેના નવા અવસરો પેદા થાય છે.

બંધારણની આ બે જોગવાઈઓ (સૌને સમાન અવસર અને અનામત)ને સાથે રાખીને તપાસીએ તો એ તો સ્પષ્ટ છે કે અનામત એ અપવાદ છે, નહીં કે નિયમ. એનો અમલ જન્મ-આધારિત ભેદભાવ મિટાવવાના એના પાયાના ઉદ્દેશ્યને આંચ ન આવે એ રીતે જ કરી શકાય, કરવો જોઈએ. એનો ઉપયોગ નિતાંત આવશ્યક હોય ત્યાં જ કરી શકાય અને તે પણ શરૂઆતનો ટેકો આપવા પૂરતો જ, નહીં કે કાયમી ધોરણે. આવી કાળજી અને સાવધાની રાખવામાં નહીં આવે તો જે ભેદભાવોને મિટાવી દેવાના છે એ જ ભેદભાવો કાનૂની માન્યતા સાથે કાયમી બની જાય એવી પૂરી વકી છે.

## અન્ય પછાત જ્ઞાતિઓ માટે પણ અનામત ?

આ સંદર્ભમાં જોઈએ તો એ તો સ્પષ્ટ છે કે શરૂઆતમાં દલિત અને આદિવાસીઓ માટે મર્યાદિત ધોરણે અમલમાં મૂકાયેલી અનામત વ્યવસ્થા પાછળથી જે રીતે વ્યાપક બનાવવામાં આવી છે એને કારણે તો આ જે ભય હતો તે હકીકતમાં ફેરવાઈ ગયો છે. તેમાં સૌથી વધારે નુકસાન અન્ય પછાત વર્ગોને નામે જે રીતે વધારેને વધારે જ્ઞાતિઓ ઊમેરાતી ગઈ અને પછી અનામતની ટકાવારી વધારાતી ગઈ તેને કારણે થયું છે. આ અન્ય પછાત જ્ઞાતિઓ માટેની અનામત કોઈ રીતે વાજબી ઠેરવી શકાય એમ નથી.

પરંપરાગત રીતે પણ આ જ્ઞાતિઓની સ્થિતિ અને દલિત કે આદિવાસીઓની સ્થિતિ વચ્ચે આસમાન જમીનનો ફરક હતો. દલિત અને આદિવાસીઓ સાથે જે સામાજિક સ્ટીગ્મા જોડાયેલો છે તે તેમની સાથે ક્યારેય નહોતો. તેમને માટે વિકાસના અવસર પણ મોજૂદ હતા. અને સ્વતંત્રતા બાદ તો લોકતંત્ર, આર્થિક પરિવર્તનો, જમીનની માલિકી મળવી વગેરે કારણોસર એમાંની ઘણી જ્ઞાતિઓ આર્થિક, રાજકીય અને સામાજિક રીતે ઘણી તાકતવર બની ગઈ છે. અલબત્ત, ઊપલી જ્ઞાતિઓની તુલનામાં આ જ્ઞાતિઓમાં ગરીબોનું પ્રમાણ વધારે છે, પરંતુ એ માટે જ્ઞાતિ-આધારિત ભેદભાવ જવાબદાર નથી. અને છતાં એવી અનેક જ્ઞાતિઓને પછાત જાહેર કરી દેવામાં આવી. એમાં પછાતપણાની રાજનીતિએ મોટો ભાગ ભજવ્યો છે.

## પછાતપણાની રાજનીતિ

સ્વતંત્રતા પછી દલિત અને આદિવાસીઓ માટે શિક્ષણ અને સરકારી નોકરીઓમાં અનામતની જાહેરાત કરવામાં આવી કે તરત જ એના સંભવિત લાભ આ અન્ય જ્ઞાતિઓના લોકોની નજરમાં આવી ગયા. અને એટલે પોતાને પછાત ગણાવવાની એક હોડ શરૂ થઈ ગઈ. જે જ્ઞાતિ જેટલી સંગઠિત અને તાકતવર તેટલી વધારે જોરથી પોતે કેટલી પછાત છે તેની રજૂઆત કરે. (આ જ જ્ઞાતિઓમાં ત્યાર પહેલાં પોતાને બ્રાહ્મણ કે રજપૂત વંશના હોવાનું ગણાવવાની પ્રક્રિયા ચાલતી હતી, જે સંસ્કૃતિકરણ તરીકે જાણીતી છે.) આપણે ત્યાં પટેલો પણ એવી ભલામણ કરાવવા સરદાર પટેલ પાસે ગયેલા. પરંતુ સરદારે તેમની લાક્ષણિક શૈલીમાં ગાંડા ના કાઢો કહીને પાછા કાઢેલા. એટલે તે પછાત જાહેર થતાં રહી ગયા. પરંતુ ઘણાં રાજકારણીઓને તો આ ફાવીતું હતું. સાવ ઓછી મહેનતે પોતાની જ્ઞાતિના મસિહા બની જવાય અને કાયમી વોટબેંક મળી જાય. એટલે રાજ્યે રાજ્યે પછાત જ્ઞાતિઓની યાદી બનાવવાને કમિશનો નિમાયા. અને એ જ્ઞાતિઓને પણ અનામતનો લાભ આપવાની શરૂઆત થવા માંડી. બાકી હતું તે માંડલ કમિશને પૂરું કર્યું. ૩૭૦૦ જેટલી જ્ઞાતિઓને પછાત જાહેર કરી અને એમાં ઉત્તરમાં જાટ, કુર્મિ, યાદવ; ગુજરાતમાં રાણા, ખત્રી, ઘાંચી, મોદી; દક્ષિણમાં લિંગાયત અને હટ્ટકાલિંગા જેવી અનેક સમૃધ્ધ અને તાકતવર જ્ઞાતિઓને સમાવી લીધી. અને એ બધા માટે ૨૭ ટકા અનામતની ભલામણ કરી. (જુઓ 'માંડલ કમિશને અન્ય પછાત વર્ગોનું નિર્ધારણ કઈ રીતે કરેલું ?') વી. પી. સિંહ સરકારે ભલામણો સ્વીકારી લીધી ત્યાર પછીનો ઇતિહાસ તો તાજો છે.

અત્યારની સ્થિતિ જોઈએ તો મોટાભાગનાં રાજ્યોમાં દલિત, આદિવાસી અને અન્ય પછાત જ્ઞાતિઓ મળીને ઉચ્ચ શિક્ષણ તેમજ સરકારી નોકરીઓમાં ૫૦ ટકા બેઠકો અનામત રખાઈ રહી છે. તામિલનાડુ અને કર્ણાટક જેવાં દક્ષિણનાં રાજ્યોમાં તો એ પ્રમાણ ૬૯ ટકાનું છે. કેન્દ્ર સરકારની નોકરીઓમાં ૫૦ ટકા અનામત છે. આ ઉપરાંત સરકારી મદદ નહીં લેતી ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં પણ સરકારી ક્વોટાની ૫૦ ટકા બેઠકોને પણ એ પ્રથા લાગુ પડે છે. કેન્દ્ર સરકાર હસ્તકની શૈક્ષણિક સંસ્થાઓમાં પણ દલિત અને આદિવાસીઓ માટે ૨૨.૫ ટકા બેઠકો તો અનામત છે જ. અન્ય પછાત જ્ઞાતિઓ માટે નથી, જે કમી પણ ટૂંક સમયમાં પૂરી થઈ જશે. આ ઉપરાંત, કેરી-ફોરવર્ડ, રોસ્ટર, વગેરે પણ હજી ચાલુ જ છે. અને ખાનગી ક્ષેત્રની નોકરીઓમાં પણ એ લાગુ પાડી શકાય એ માટેનો કાયદો આવવાના ભણકારા પણ વાગી જ રહ્યા છે.

અહીં મઝાની વાત તો એ છે કે અન્ય પછાત જ્ઞાતિઓના જે વર્ગો માટે આ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે, તેમને ખરેખર આ ટેકાની જરૂર છે કે કેમ એ જ સવાલ છે. આ અંગે વધારે માહિતી ભેગી કરવાની જરૂર છે અને રાજ્યે રાજ્યે જુદી સ્થિતિ હોઈ શકે. પરંતુ એવા ચોક્કસ સંકેત મળી રહ્યા છે તે તો એ જ દર્શાવે છે કે અનામત વગર પણ મુક્ત સ્પર્ધામાં ઊપલી જ્ઞાતિઓ સામે તેઓ સહેલાઈથી ઝીંક ઝીલી શકે એમ છે અને તેમને પાછા પણ પાડી દઈ શકે એમ છે. થોડાક દાખલા જોઈએ : ૧) તામિલનાડુમાં ૧૨ સરકારી મેડિકલ કોલેજોની કુલ ૧૨૦૦ સીટોમાંથી ૮૦ ટકા જેટલી સીટો આ જ્ઞાતિઓના ઉમેદવારો મેળવી જાય છે, અને ૨ થી ૩ ટકા સીટો જ ઊપલી જ્ઞાતિના ઉમેદવારોને મળે છે ! બિન-અનામત ક્વોટાની પણ મોટાભાગની બેઠકો તેમને જ ફાળે જાય છે. ૨) ગુજરાતમાં આવા વિગતવાર આંકડા મળતા નથી પરંતુ અહીં પણ મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે ઓપન કેટેગરીમાં પ્રવેશ મેળવનાર છેલ્લા ઉમેદવારના અને ઓ.બી.સી. કેટેગરીના છેલ્લા ઉમેદવારના માર્કસ વચ્ચે માંડ ૪-૫ ટકાનો તફાવત જોવા મળે છે (પહેલું ૯૦ ટકાએ અટક્યું હોય, તો બીજું ૮૫ ટકાએ) ! આમ પણ અત્યારે ઓપન કેટેગરીની બેઠકો પર પણ ઘણા ઓ.બી.સી. ઉમેદવારો પ્રવેશ મેળવે જ છે. ૩) બિહારમાં પણ આવી જ સ્થિતિ હોવાના અણસાર મળે છે. આનો અર્થ એ થાય કે અનામત હટાવીને આ બેઠકો ઓપન કેટેગરીમાં લઈ જવામાં આવે તો પણ વાસ્તવિક પરિસ્થિતિમાં ખાસ ફરક નહીં પડે અને એમાંની મોટાભાગની બેઠકો તો ઓ.બી.સી. ઉમેદવારોને જ ફાળે જાય. આ પરિસ્થિતિ હોવા છતાં હજી આજે પણ આ સવાલ પર દલિત અને આદિવાસીઓ માટેની અનામતના સંદર્ભમાં મેરિટ અને કાર્યક્ષમતાની જે દલીલો થતી એ જ દલીલો સામ સામે ફંગોળાયા કરે છે ! થોડી મહેનત પડે, પરંતુ IIT, IIM જેવી સંસ્થાઓમાં અત્યારે અનામત વગર પણ ઓ.બી.સી. વિદ્યાર્થીઓનું પ્રમાણ કેટલું છે તેના આંકડા તૈયાર કરાવવા જેવા છે.

એક દલીલ કરી શકાય કે આ જે સ્થિતિ પેદા થઈ છે તે અનામતને જ આભારી છે. શરૂઆતમાં અનામતનો ટેકો ન મળ્યો હોત તો આજે આ આ સ્થિતિ ન હોત. અહીં તો એટલું જ કહેવાનું રહે કે એમ હોય તો પણ હવે જ્યારે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે ત્યારે આ જ્ઞાતિઓ પૂરતી તો આ પ્રથા બંધ ન કરી દેવી જોઈએ ? બીજી એક વાત એ પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે આ જે થયું છે તે આ જ્ઞાતિઓમાં આવેલી જબરજસ્ત આર્થિક સામાજિક ગતિશીલતાને જ આભારી છે. અનામત પોતે કંઈ આવી ગતિશીલતા પેદા નહીં કરી શકે. આપણે ત્યાં અનામત વગર પણ પટેલો ઝડપી પ્રગતિ સાધી જ શક્યા છે ને ? અને છેલ્લાં પચાસ વર્ષથી અનામત હોવા છતાં આદિવાસીઓ માટેની મોટાભાગની અનામત બેઠકો હજી પણ ખાલી જ પડી રહે છે ને ?

## શિક્ષણ અને જ્ઞાતિ-આધારિત ભેદભાવ : એક દલીલ

બીજી એક દલીલ કરવામાં આવી રહી છે કે આ અન્ય પછાત જ્ઞાતિઓમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ હજી પણ ઊપલી જ્ઞાતિઓની તુલનામાં ઘણું ઓછું છે, જે દર્શાવે છે કે આ જ્ઞાતિ હજી પણ સામાજિક ભેદભાવનો ભોગ બની રહી છે. એન.એસ.એસના ૧૯૯૯-૨૦૦૦ના સર્વે મુજબ શહેરોમાં ૨૦ વર્ષથી મોટી ઉંમરની દર હજાર વ્યક્તિઓએ ઊપલી જ્ઞાતિઓમાં ૨૫૩ વ્યક્તિઓ ગ્રેજ્યએટ થયેલી જોવા મળે છે, જ્યારે ઓ.બી.સી. જ્ઞાતિઓમાં માત્ર ૮૬ જ છે. ગામડામાં એ આંકડા અનુક્રમે ૫૩ અને ૨૧ છે. અહીં સવાલ આ આંકડા સાચા છે કે નહીં તેનો નથી પરંતુ તે જ્ઞાતિ આધારિત ભેદભાવ દર્શાવે છે કે નહીં તેનો છે. ઊપલી જ્ઞાતિઓની તુલનામાં આ જ્ઞાતિઓમાં ગરીબ લોકોની સંખ્યા વધારે હોય તો પણ આવું જ ચિત્ર જોવા મળે, અને એ જ હકીકત છે. આ બે સમૂહો વચ્ચે જ્ઞાતિ-આધારિત ભેદભાવ છે કે નહીં તેની ચકાસણી કરવી હોય તો તે માટે તો બંને જુથોમાંથી ગરીબ લોકોને બાદ કરીને મધ્યમ અને ઉપલા વર્ગના લોકોમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ શું છે તેના આંકડા તપાસવા જોઈએ. એમાં જો મોટો તફાવત આવે તો જ જ્ઞાતિ- આધારિત ભેદભાવની વાત વિચારી શકાય, જો કે ત્યારે પણ બીજાં પરિબળોની ભૂમિકા તો તપાસવી જ પડે. આ દલીલ દિલ્હીના જાણીતા સમાજશાસ્ત્રી અને સેફોલોજીસ્ટ એવા યોગેન્દ્ર યાદવે કરી છે. તેમના જેવા આંકડાશાસ્ત્રના નિષ્ણાત આવી પ્રાથમિક વાત કેમ ચૂકી ગયા હશે ?

આવી દલીલો આ ચર્ચામાં ઘણે ઠેકાણે જોવા મળે છે. - અનામતનો લાભ ક્રિમી લેયર જ લઈ જાય છે અને આ જ્ઞાતિઓમાં જેને ખરેખર જરૂર છે તેમના સુધી પહોંચતો જ નથી - એવો સવાલ ઊઠાવવામાં આવે કે તરત જવાબ મળે છે કે - અનામત ગરીબી-નિવારણ માટે છે જ નહીં, એ તો આ જ્ઞાતિઓના એ મુઠ્ઠીભર લોકો માટે જ છે જે બધી રીતે સક્ષમ હોવા છતાં માત્ર જન્મ-આધારિત ભેદભાવોને કારણે અમુક અવસરોથી વંચિત રહી જાય છે. અને જો એ સવાલ ઊઠાવવામાં આવે કે - આ જ્ઞાતિઓનો અગ્રવર્ગ તો બધાં ક્ષેત્રોમાં ખાસ્સું ગજું કરી રહ્યો છે અને ઊપલી જ્ઞાતિઓના લોકોને પણ ખાસ્સી ટક્કર આપી રહ્યો છે, માટે એમને માટે અનામતની હવે કોઈ જરૂર નથી - તો જવાબ મળે કે - હોતું હશે ? જુઓ તો ખરા, આ જ્ઞાતિઓમાં શિક્ષણનું પ્રમાણ હજી કેટલું ઓછું છે ! અને ત્યારે આ જ્ઞાતિઓના મધ્યમ અને અગ્રવર્ગોની સ્થિતિ શું છે તે જોવાને બદલે આખી જ્ઞાતિની વાત કરવામાં આવે !

ખેર, એ તો દેખીતું છે કે અન્ય પછાત જ્ઞાતિઓ માટે અનામતની જોગવાઈ બિનજરૂરી રીતે વ્યાપકપણે વધારી દઈને આપણે બંધારણની મૂળ કલ્પનાથી સાવ ઊંધી જ દિશામાં ધસી ગયા છીએ. પરિણામે અન્ય કારણોસર જ્ઞાતિની ઓળખ જે ભૂંસાતી જતી હતી તે વધારે પાકી બનતી જાય છે. આમ, જન્મ-આધારિત ભેદભાવો મિટાવી દેવાની વાત તો સાવ કોરાણે રહી ગઈ છે. એને બદલે દરેક જ્ઞાતિને દરેક ક્ષેત્રમાં તેની વસતીના પ્રમાણમાં પ્રતિનિધિત્વ આપવાની વાતો થવા માંડી છે. અનામતનો આવો મતલબ પણ કરી શકાય, સવાલ માત્ર એ જ છે કે આંબેડકર સહિતના આપણા બંધારણના ઘડવૈયાઓને મન આ મતલબ નહોતો. તેઓ તો એને અપવાદરૂપ કિસ્સામાં કામચલાઉ ધોરણે થોડા સમય માટે વાપરવાના સાધન તરીકે જ જોતા હતા. અને એમાં જો કાળજી નહીં રાખવામાં આવે તો શું થશે તેની ચિંતા પણ તેમને કોરી ખાતી હતી. અને એટલે જ દલિત અને આદિવાસીઓ માટેની અનામતની જોગવાઈ પણ બહુ અચકાતા અચકાતા કરેલી, અને તે થોડાં વરસો માટે જ છે એમ ભારપૂર્વક કહેતા. પરંતુ એનાથી જે સોયનું નાકું મળી ગયું તેમાંથી ત્યાર પછીની પેઢીના આપણા રાજકારણીઓએ આખું ઊંટ પસાર કરી દીધું.

જ્ઞાતિ માટે આ વાત સ્વીકારી લેવામાં આવે એટલે અનિવાર્યપણે બીજા સવાલ પણ ઊભા થાય -- ફક્ત જ્ઞાતિના આધારે જ કેમ પ્રતિનિધિત્વ આપવું જોઈએ? ધર્મ, ભાષા, જાતિ (સ્ત્રી કે પુરુષ) કે પ્રદેશના આધારે પણ કેમ નહીં ? આ રવાડે ચઢ્યા પછી દેશની હાલત શું થાય ? નહેરુએ તો વર્ષો પહેલા ચેતવણી આપેલી જ કે -- *this way lies not only folly, but disaster.*

સંકીર્ણ જ્ઞાતિવાદના આ જે પૂર વહી રહ્યા છે તેને રોકવાની પાંગળી તો પાંગળી કોશિશ પણ જો કોઈએ કરી હોય તો તે સુપ્રીમ કોર્ટ અને કેટલીક હાઈકોર્ટોએ. પરંતુ જ્યારે પણ કોર્ટ એના પર અંકુશ મુકતી કોઈ દીવાલ ઊભી કરે, કે તરત જ સંસદમાં બંધારણમાં સુધારો પસાર કરીને એ કોશિશને નાકામ બનાવી દેવામાં આવી છે. આ ઉપરાંત કોર્ટના જજોમાં પણ એકમતીનો અભાવ હતો અને એટલે પરસ્પર-વિરોધી ચુકાદાઓ પણ આવ્યા. કેટલાક જજોએ તો સામાજિક ક્રાંતિના નામે આ આખી પ્રક્રિયાને વાજબી પણ ઠેરવી.

વિકાસની પ્રક્રિયામાં પછાવાડે રહી ગયેલા લાખો-કરોડો ગરીબ લોકોને, આ જ્ઞાતિઓના જ માત્ર નહીં પરંતુ બધાને, તેના ભાગીદાર કેવી રીતે બનાવવા તે સવાલ, અલબત્ત, ખૂબ અગત્યનો છે. પરંતુ તેનો જવાબ અનામત નથી જ. એ માટે જરૂર છે તેમના ઝડપી આર્થિક વિકાસ આડે આવતા અંતરાયો દૂર કરવાની અને સૌને ગુણવત્તાવાળું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ઉપલબ્ધ થાય તેની. એ પ્રક્રિયા ધીમી જ હશે એમ માનવાને કોઈ કારણ નથી. ખૂબ ઝડપથી આ હાંસલ કરી શકાય એમ છે. એ માટે શું કરવું જોઈએ તેની ચર્ચા આગામી અંકોમાં કરીશું. ●

# અનામતના મુદ્દે દક્ષિણનાં રાજ્યો શાંત કેમ છે ?

ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અન્ય પછાત જ્ઞાતિઓ માટે અનામતના પ્રશ્ને દિલ્હી અને ઉત્તર ભારતમાં આંદોલનો - પ્રતિ-આંદોલનોની જે આગ ભભૂકી ઊઠી તેની દક્ષિણનાં રાજ્યોમાં, ખાસ કરીને તામિલનાડુમાં, કોઈ અસર નથી થઈ. એનું કારણ એ છે કે ઉત્તરનાં રાજ્યોમાં હાલ જે ચાલી રહ્યું છે - અનામતની જાહેરાત, એની સામે આંદોલનો, કોર્ટ કેસો, ક્રિમી લેયરને બાકાત કરવાની કોશિશ, એની સામે ધરણાં, વગેરે ત્યાં વર્ષો અગાઉ, અંગ્રેજ શાસનકાળના જમાનાથી, થતું આવ્યું છે. એટલે આ સવાલોની એમને કોઈ નવાઈ નથી.

તામિલનાડુમાં સરકારી નોકરીઓમાં અનામતની વાત ઠેઠ ૧૮૫૪માં શરૂ થયેલી, જ્યારે તે સમયની મદ્રાસ પ્રેસિડન્સીએ જિલ્લા કલેક્ટરોને નીચેના વર્ગની નોકરીઓમાં દરેક સમુદાયના લોકોને સ્થાન મળે એ રીતે ભરતી કરવાની સૂચના આપેલી. વાત અંગ્રેજ સરકાર સુધી જ મર્યાદિત નહોતી રહી. મૈસુર રાજાએ પણ ૧૮૯૮માં આવો જ હુકમ કરેલો. ૧૯૨૧માં મદ્રાસ પ્રેસિડન્સીએ પ્રથમ વાર સરકારી નોકરીઓમાં જુદા જુદા સમુદાયો માટેનો અનામત ક્વોટા જાહેર કરેલો - બિન-બ્રાહ્મણો માટે ૪૪ ટકા, બ્રાહ્મણો માટે ૧૬ ટકા, મુસ્લિમો માટે ૧૬ ટકા, એંગ્લો-ઇન્ડિયન / ખ્રીસ્તીઓ માટે ૧૬ ટકા અને દલિતો માટે ૮ ટકા. ૧૯૨૭માં નવો પરિપત્ર બહાર પાડવામાં આવેલો, જેમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ નોકરીઓમાં સમુદાયોના આધારે બેઠકોની ફાળવણી કરવામાં આવેલી. કોમ્યુનલ જી.ઓ. તરીકે જાણીતો આ પરિપત્ર સ્વતંત્રતા સુધી ચાલુ હતો.

૧૯૫૦માં સુપ્રીમ કોર્ટે સમુદાયને આધારે બેઠકોની ફાળવણી કરી આપતો આ પરિપત્ર બંધારણની કલમ ૧૫ અને ૨૯(૨)નું ઉલ્લંઘન કરે છે એમ કહીને ગેર-બંધારણીય જાહેર કર્યો. ત્યારે એની સામે થયેલા વ્યાપક આંદોલનના કારણે કેન્દ્ર સરકારે બંધારણમાં પહેલો સુધારો દાખલ કર્યો. પછી અનામતની નવી નીતિ જાહેર કરવામાં આવી જેમાં દલિતો માટે ૧૬ ટકા તેમજ અન્ય પછાત જ્ઞાતિઓ માટે ૨૫ ટકા (જે પછી ડી.એમ.કે સરકારે ૩૧ ટકા કરી દીધી) બેઠકો અનામત રાખવામાં આવી. ૧૯૭૯માં ત્યારના મુખ્યમંત્રી એમ.જી. રામચંદ્રને ક્રિમી લેયર બાદ કરવા ઓ.બી.સી.માં વાર્ષિક રૂા. ૯૦૦૦થી વધારે આવક ધરાવનારને બાકાત કરવાની કોશિશ કરી જોઈ. એનો જોરદાર વિરોધ થયો અને ૧૯૮૦ની લોકસભાની ચૂંટણીમાં એમના પક્ષનાં સૂપડાં સાફ થઈ ગયાં. એટલે તરત જ એમ.જી.આરે એ વાત પડતી મૂકી અને એ ક્વોટા વધારીને ૫૦ ટકાનો કરી દીધો. ૧૯૮૮માં ડી.એમ.કે. સરકારે આદિવાસીઓ માટે ૧ ટકા અનામતની જાહેરાત કરી. આમ, કુલ ૬૯ ટકા બેઠકો અનામત કેટેગરીમાં આવી ગઈ, જે હજી ચાલુ છે.

મજાની વાત એ છે કે તામિલનાડુના આ અન્ય પછાત જ્ઞાતિઓ એટલી તો આગળ વધી ગઈ છે કે મેડિકલ અને એંજિનિયરીંગ કોલેજોમાં પ્રવેશ માટેની બિન-અનામત કેટેગરીની મોટાભાગની બેઠકો પણ તેઓ જ ભરી દે છે. ૨૦૦૪માં એમ.બી.બી.એસ.માં પ્રવેશના આંકડા જોઈએ : કુલ ૧૨૨૪ બેઠકોમાંથી ૯૫૨ (૭૭.૯ ટકા) બેઠકો OBC અને ૨૩૧ (૧૮.૯ ટકા) બેઠકો દલિત વિદ્યાર્થીઓને ફાળે ગયેલી. ઓપન કેટેગરીની કુલ ૩૮૪ બેઠકોમાંથી ૨૮ બેઠકો જ બિન-અનામત જ્ઞાતિના વિદ્યાર્થીઓને ફાળે આવેલી. માર્ક્સની વાત કરીએ તો મેરિટ લિસ્ટમાં પ્રથમ ૧૪ વિદ્યાર્થીઓમાં બધાં BC કે MBC કેટેગરીના હતા. એટલું જ નહીં પ્રથમ ૪૦૦ માંથી ૩૧ અને પ્રથમ ૧૦૦ માંથી માત્ર ૬ વિદ્યાર્થીઓ બિન-અનામત જ્ઞાતિઓના હતા.

તામિલનાડુના આ દાખલાને અનામતના સમર્થકોએ ખાસ્સો ચગાવ્યો છે -- એનાથી મેરિટને તો કોઈ આંચ આવતી જ નથી, ઊલટું જબરજસ્ત સામાજિક ગતિશીલતા (social mobility) પેદા થાય છે અને પછાત વર્ગોના લોકોના વિકાસ માટેના બધાં દ્વાર ખૂલી જાય છે.

આ, અલબત્ત, જો - તો નો સવાલ છે. અનામતને લીધે આમ થયું કે અન્ય કારણોસર પછાત જ્ઞાતિઓમાં સામાજિક ગતિશીલતા પહેલેથી જ વધારે હતી અને એના પરિણામે વધેલી આર્થિક, રાજકીય અને શૈક્ષણિક તાકાતના જોર પર તેઓ અનામત પ્રથા દાખલ કરાવીને તેનો પૂરેપૂરો લાભ લઈ શક્યા છે એ સવાલનો કોઈ સ્પષ્ટ જવાબ હજી સુધી મળતો નથી. એ પણ સંભવ છે કે અનામત પ્રથા ન હોત તો પણ કદાચ તેમણે આવો જ પરફોર્મન્સ કરી દેખાડ્યો હોત !

એ જે હોય તે, પણ એક વાત તો પાકી છે કે ભૂતકાળમાં ભલે જે પરિસ્થિતિ હોય તે, અત્યારે તો ત્યાં આ વ્યવસ્થા ચાલુ રાખવાને કોઈ જ કારણ નથી. તેમ છતાં હજી આજે પણ અનામત દૂર કરવાની વાત એકે રાજકીય પક્ષ કરે છે ખરો ? અને કરે તો એના શું હાલ થાય ? ●

# અનામત અને બંધારણની જોગવાઈઓ - શું હતી, શું બનાવી દેવામાં આવી છે ?

- અરુણ શૌરી

આજે દરેક ક્ષેત્રમાં - ખાનગી ક્ષેત્રમાં સુધ્ધાં - જાતિને આધારે અનામત પ્રથા દાખલ કરવાની વાત જોરશોરથી થઈ રહી છે. જેમને ચુનાવી રાજકારણ સાથે લેવાદેવા નથી એવાં પ્રગતિશીલ જૂથો પણ એ તો એમ જ હોય ને, હોવું જોઈએ ને - એવી વાતો કરે છે. પરંતુ બાબાસાહેબ આંબેડકર સહિતના આપણા બંધારણના ઘડવૈયાઓનો મત તો આનાથી સાવ જુદો હતો. તેમને તો જાતિ-વ્યવસ્થાના કેન્સરને જ સમૂળગું મિટાવી દેવું હતું. અને એટલે દલિત અને આદિવાસીઓ માટેની અનામત વ્યવસ્થા પણ તેમણે ઘણી ગડમથલના અંતે સ્વીકારેલી. એમને ભીતિ હતી કે એનાથી પણ જાતિને આધારે થતા ભેદભાવોને નવું બળ મળશે. એટલે જ અનામતની વ્યવસ્થાને અપવાદરૂપ જૂજ કિસ્સાઓ માટે જ તેમણે સ્વીકારેલી, નહીં કે સામાન્ય નિયમ તરીકે. અને તે પણ કામચલાઉ ધોરણે, થોડાં વરસો પૂરતી જ. એ માટે તેમણે બંધારણમાં કાળજીપૂર્વક વિવિધ રક્ષક દીવાલો ઊભી કરી હતી. પરંતુ અત્યાર સુધીમાં તો આપણા રાજકારણીઓએ એમાંની મોટાભાગની દીવાલો એક પછી એક ઢાળી દીધી છે. મૂળ જોગવાઈઓ શું હતી અને અનેક બંધારણીય સુધારાઓ પછી અત્યાર સુધીમાં એ કેવી બનાવી દેવામાં આવી છે તેનો એક રોચક ઇતિહાસ છે, જેના પર એક ઊડતી નજર નાખી જવા જેવી છે. (જુઓ સાથેનું કોષ્ટક)

### મૂળ જોગવાઈઓ

બંધારણની કલમ ૧૪, ૧૫(૧), ૧૬(૧) અને ૧૬(૨) પાયાનો અભિગમ સ્પષ્ટ કરી આપે છે :

કલમ ૧૪ કાયદા સમક્ષ સૌને સમાનતાની અને સૌને કાયદાના સમાન રક્ષણની ખાતરી આપે છે : આ મૂળભૂત અધિકાર છે.

કલમ ૧૫(૧) આ ખાતરીને વધારે ચોક્કસ બનાવે છે કે રાજ્ય કોઈપણ નાગરિકને ધર્મ, જ્ઞાતિ, જાતિ, જન્મ-સ્થળના આધાર માત્ર પર ભેદભાવ કરશે નહીં.

કલમ ૧૫(૨) સૌને પીવાના પાણીના કૂવા, રેસ્ટોરન્ટ, હોટલ જેવા જાહેર સુવિધાનાં સ્થળોમાં કોઈપણ જાતના ભેદભાવ વગર પ્રવેશ મેળવવાનો અધિકાર આપે છે.

કલમ ૧૫ (૩)માં એક જ અગત્યનો અપવાદ કરે છે કે આ કલમ રાજ્યને સ્ત્રીઓ અને બાળકો માટે કોઈ ખાસ જોગવાઈ કરતાં અટકાવશે નહીં. આમ બંધારણના ઘડવૈયાઓએ સ્ત્રીઓ અને બાળકોના સંદર્ભમાં જ સમાનતાના સિદ્ધાંત સાથે થોડી બાંધછોડ સ્વીકારેલી. જાતિના આધારે અપવાદ કરવાની એમાં કોઈ જોગવાઈ નહોતી.

કલમ ૧૬(૧), કલમ ૧૪માં આપેલ સમાનતાની ખાતરી એક વધારાની ચોક્કસ બાબતને લાગુ પાડે છે. એ સરકારી નોકરીઓમાં નિયુક્તિ કે રોજગારીમાં બધા જ નાગરિકોને સમાન તક આપે છે.

આ જ વાતને કલમ ૧૬(૨) વધારે સ્પષ્ટ બનાવે છે કે કોઈપણ નાગરિકને માટે ધર્મ, જાતિ, જ્ઞાતિ વગેરે માત્રના આધારે સરકારી નોકરીમાં કોઈ જ ભેદભાવ રહેશે નહીં.

અને કલમ ૧૬(૪) અલબત્ત આ બાબતે એક અપવાદ કરે છે કે રાજ્યની નોકરીઓમાં પછાત વર્ગના નાગરિકો પૂરતી સંખ્યામાં નથી એમ જો રાજ્યને લાગે તો તે સરકારી નોકરીઓની નિયુક્તિમાં એમને માટે આરક્ષણની જોગવાઈ કરી શકશે.

આ તબક્કે પણ આ જોગવાઈઓમાંથી ચાર બાબતો આંખે ઊડીને વળગે છે :

- પાયાની મૂળભૂત ખાતરી કાયદા સમક્ષ સૌની સમાનતાની છે; ભેદભાવના નકારની છે.
- જાતિના આધારે અપવાદ કરવાની વાત સદંતર ટાળવામાં આવેલી – કલમ ૧૫(૧) સ્ત્રીઓ અને બાળકોની વાત કરે છે અને કલમ ૧૬(૪) પછાત વર્ગના નાગરિકોની વાત કરે છે.
- જ્યાં જાતિનો ઉલ્લેખ કરવામાં આવેલો તે એના આધારે ભેદભાવ કરવામાં નહીં આવે તે વાત કહેવા માટે કરવામાં આવેલો.
- 'સમાનતા'ની વાત જ્યાં વધારે સ્પષ્ટ કરવામાં આવી છે (કલમ ૧૬ (૧) ) ત્યાં સ્પષ્ટપણે 'સમાન અવસરની' (*equality of*

*opportunity*) જ વાત કરવામાં આવી છે, જે આજે તો સાવ ભુલાઈ ગઈ છે.

આ સિવાય અન્ય ત્રણ જોગવાઈઓ પણ છે, જે આ સવાલો સાથે સીધેસીધી સંકળાયેલી છે :

એમાંની પહેલી કલમ ૨૯ની છે, જેની બે પેટા કલમો છે. કલમ ૨૯(૧) અનુસાર ભારતના નાગરિકોના કોઈપણ સમુદાયને પોતાની વિશિષ્ટ ભાષા, લિપિ કે સંસ્કૃતિનું સંવર્ધન કરવાનો અધિકાર છે. આ કલમ અને તેને આનુષંગિક કલમ ૩૦ના આધારે લઘુમતી સંસ્થાઓની સ્વાયત્તતાના સંદર્ભમાં ઘણી ચર્ચાઓ થતી રહી છે. પરંતુ અહીં આપણને આરક્ષણના સવાલ સાથે નિસબત છે અને તે માટે તેની બીજી પેટા કલમ વધારે અગત્યની છે. કલમ ૨૯(૨) મુજબ સરકાર સંચાલિત કે સરકારી મદદ મેળવતી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાં કોઈપણ નાગરિકને ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષાના આધારે પ્રવેશ આપવામાં બાકાત રાખવામાં આવશે નહીં.

આ સંદર્ભમાં બીજી મહત્ત્વની કલમ ૪૬ છે. આ કલમ સંવિધાનના ડાયરેક્ટીવ પ્રિન્સિપલ્સને લગતા ભાગમાં આવેલ છે, જે બાધ્ય નથી (કોર્ટો દ્વારા *enforce* નથી કરાવી શકાતી). આ કલમ મુજબ *રાજ્ય નબળા લોકો, ખાસ કરીને દલિતો અને આદિવાસીઓનાં શૈક્ષણિક અને આર્થિક હિતો અંગે ખાસ ધ્યાન રાખશે અને એમને સામાજિક અન્યાય અને કોઈપણ જાતના શોષણ સામે રક્ષણ આપશે.* અહીં દલિત અને આદિવાસી સમુદાયોનાં હિતોના રક્ષણ માટે ખાસ પગલાં લેવાની વાત જ છે અને અન્ય પછાત જાતિઓનો કોઈ ઉલ્લેખ નથી. એને બદલે નબળા લોકોની (*weaker sections of the people*) જ વાત છે.

અને છેલ્લે કલમ ૩૩૫ સરકારી (કેન્દ્રીય અને રાજ્યની) નોકરીઓમાં દલિત અને આદિવાસી સમુદાયના લોકોનું પ્રતિનિધિત્વ વધારવાને જે ખાસ પગલાં લેવામાં આવે તેમાં વહીવટી કાર્યક્ષમતાને આંચ ના આવે તે માટે તકેદારી રાખવાનો નિર્દેશ કરે છે.

આ હતી અનામતને લગતી બંધારણની મૂળ જોગવાઈઓ. હવે તેમાં અત્યાર સુધીમાં ક્યા ફેરફારો / ઉમેરા કરવામાં આવ્યા છે તેના પર એક નજર નાંખીએ.

### ફેરફારો / ઉમેરા

બંધારણ સ્વીકારાયા પછી તરત જ પહેલો સુધારો આવ્યો ૧૯૫૧માં. બનેલું એમ કે તે સમયના મદ્રાસ રાજ્યમાં મેડિકલ અને એન્જિનિયરીંગ કોલેજોના પ્રવેશ માટે બંધારણ અપનાવાયું ત્યાર પહેલાંથી જ જાતિના ધોરણે અનામતની પ્રથા ચાલુ હતી. બે વિદ્યાર્થીઓને સારા માર્કસ હોવા છતાં તેઓ સવર્ણ હોવાને કારણે પ્રવેશ આપવામાં નહીં આવેલો. જ્યારે શિડ્યુલ્ડ કાસ્ટ અને અન્ય જાતિઓના બીજા વિદ્યાર્થીઓને તેમના કરતાં ઘણા ઓછા માર્કસ હોવા છતાં પ્રવેશ આપી દેવામાં આવેલો. આ નિર્ણયને બંધારણની કલમ ૨૯(૨)ના આધારે પડકારવામાં આવ્યો અને મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો. મદ્રાસ સરકારે દલીલ કરી કે બંધારણની કલમ ૪૬ – ડાયરેક્ટીવ પ્રિન્સિપલ્સ મુજબ શિડ્યુલ્ડ કાસ્ટ અને અન્ય પછાત વર્ગના લોકોના શિક્ષણ માટે ખાસ પગલાં લેવાનો એને અધિકાર છે અને એટલે કલમ ૨૯(૨) નીચેના અધિકારોને તે અવગણી શકે છે. સુપ્રીમ કોર્ટે આ દલીલ સંપૂર્ણપણે નકારી કાઢી અને કહ્યું કે ડાયરેક્ટીવ પ્રિન્સિપલ્સ મૂળભૂત અધિકારોને નકારી ન શકે અને બીજી બધી રીતે મેરિટ ધરાવતા હોય એવા વિદ્યાર્થીને ફક્ત એમની જાતિને કારણે જ પ્રવેશમાંથી બાકાત ન કરી શકાય.

સુપ્રીમના આ ચુકાદા પછી બંધારણમાં પ્રથમ સુધારો દાખલ કરવામાં આવ્યો : કલમ ૧૫માં એક નવી પેટા કલમ ૧૫(૪) ઉમેરવામાં આવી. આ કલમ ૧૫(૪) મુજબ : કલમ ૧૫ કે કલમ ૨૯ની પેટા કલમ ૨, રાજ્યને કોઈપણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો કે શિડ્યુલ્ડ કાસ્ટ અને શિડ્યુલ ટ્રાઈબને ઉપર લાવવા માટેની ખાસ જોગવાઈઓ કરતાં રોકી શકશે નહીં.

આ પ્રથમ બંધારણીય સુધારા પછી તો આ જ તરાહ વારંવાર જોવા મળે છે. જાતિવાદના પૂરને રોકવાને કોર્ટો એક યા બીજી દીવાલ ઊભી કરવાની કોશિશ કરે અને રાજકારણીઓ એ દીવાલોને તોડી પાડે. અને રાજનીતિમાં સંકીર્ણ જાતિવાદનું જોર વધતું ગયું તેમ તેમ એની ગતિ અને પ્રત્યાઘાતો પણ વધારે ઘેરા બનતા ગયા. થોડાં ઉદાહરણો જોઈએ :

- એમ. આર. બાલાજી (૧૯૬૩) થી ઈન્દ્ર સાહની (૧૯૯૨) સુધીના કેસોમાં સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે કલમ ૧૬(૪) એ અપવાદ છે, નહીં કે સામાન્ય નિયમ; અને એટલે સામાન્ય રીતે અનામતનું પ્રમાણ જેટલાં પદો પર ભરતી કરવાની હોય તેના ૫૦ ટકા કરતાં વધારે રાખી શકાય નહીં. આવી જ વાત ડો. આંબેડકરે

બંધારણ સભાની ચર્ચા દરમિયાન કરેલી. પરંતુ તામિલનાડુ જેવાં રાજ્યોમાં તો ૬૯ ટકા જેટલી જગ્યાઓ જાતિના આધારે અનામત રખાતી હતી. તો પછી શું કરવું ? ૧૯૯૩ના અંતમાં તામિલનાડુ વિધાનસભાએ સર્વાનુમતે એક વિધેયક પસાર કર્યું જેમાં ૬૯ ટકા જેટલી બેઠકો અનામત રાખવાની પ્રથા ચાલુ રાખવાનું ઠરાવવામાં આવ્યું. કેન્દ્રના ગૃહમંત્રીએ સર્વપક્ષીય બેઠક બોલાવી જેમાં સર્વાનુમતિએ નિર્ણય લેવામાં આવ્યો કે તામિલનાડુના આ વિધેયકને રાષ્ટ્રપતિશ્રીએ મંજૂરી આપી દેવી જોઈએ. તે પ્રમાણે જુલાઈ ૧૯૯૪માં આ વિધેયકને રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી મળી ગઈ અને એ કાયદો બની ગયો. ત્યાર પછી તામિલનાડુ સરકારે આ કાયદાને નવમા શિડ્યુલમાં મૂકવાની ભલામણ કરી જેથી એને કોર્ટોમાં પડકારી ના શકાય. એ માંગ પણ સૌએ ખુશીથી સ્વીકારી લીધી અને ૧૯૯૪માં બંધારણમાં ૭૬મો સુધારો કરવામાં આવ્યો, જેના થકી તામિલનાડુ સરકારના આ કાયદાને કોર્ટની નીગરાનીથી પર મૂકી દેવામાં આવ્યો.

- તે જ પ્રમાણે ઈન્દ્ર સાહની સુધીના ઘણા કેસોમાં સુપ્રીમ કોર્ટે ચુકાદા આપેલા કે અનામતનો લાભ નોકરીમાં દાખલ થતી વખતે જ મળી શકે, ત્યાર પછી બઢતી મેળવવામાં એનો લાભ મળી શકે નહીં. એટલે ૧૯૯૫માં ફરી બંધારણને ૭૭મી વાર સુધારવામાં આવ્યું અને કલમ ૧૬માં નવી પેટા કલમ (૪ અ) ઉમેરવામાં આવી. એ અનુસાર સરકારી નોકરીઓમાં બઢતીની બાબતોમાં જો સરકારના મત મુજબ દલિતો અને અદિવાસીઓનું પ્રતિનિધિત્વ પર્યાપ્ત ન હોય તો રાજ્ય એમને માટે બઢતીઓમાં આરક્ષણ કરી શકશે અને કલમ ૧૬ની કોઈપણ પેટા કલમ રાજ્યને તેમ કરતાં અટકાવી નહીં શકે.

આમ, સરકારી નોકરીઓમાં બઢતીને લગતી રોસ્ટરની બહુ વગોવાઈ ગયેલી વ્યવસ્થાને બંધારણીય માન્યતા આપી દેવામાં આવી. આમ છતાં એ સામે વાંધા ઊઠતા રહ્યા અને કોર્ટે જ્યારે એમ કહ્યું કે એને કારણે જુનિયર કર્મચારીઓને ઝડપથી બઢતી ભલે મળે પરંતુ એથી કંઈ એમની સિનિયોરિટી વધી નહીં શકે, ત્યારે એ માટે ૨૦૦૨માં બંધારણ ફરી સુધારવામાં આવ્યું (૮૫મો સુધારો) અને આ પેટા કલમમાં બઢતીની બાબતોમાં 'સિનિયોરિટી સાથે' - *matters of promotion* શબ્દો પછી *'with consequential seniority'* એ શબ્દો ઉમેરવામાં આવ્યા. આમ, અનામતનો લાભ મેળવવાપાત્ર કર્મચારીઓને ઝડપી બઢતી જ નહીં પરંતુ એની સાથે સાથે વધારે સિનિયોરિટી આપવાની પ્રથાને પણ માન્યતા આપી દેવામાં આવી.

- અનામત બેઠકો ભરવા માટે જરૂરી ધોરણોમાં અનેક છૂટછાટો આપવા છતાં ઘણી વાર એ બેઠકો પૂરેપૂરી ભરાતી નહોતી. એટલે સરકારોએ એવી નહીં ભરાયેલ બેઠકોને ત્યાર પછીનાં વરસોની ભરતી માટે 'કેરી-ફોરવર્ડ કરવાની પ્રથા અપનાવી. હવે એ તો સ્પષ્ટ છે કે આમ કરવાથી પછીનાં વરસોમાં અનામત રખાયેલ બેઠકોની સંખ્યા ૫૦ ટકાથી ઘણી વધી જાય અને ખૂબ થોડી બેઠકો બિન-અનામત રહે. આ મુદ્દો પણ સુપ્રીમમાં પહોંચ્યો અને કોર્ટે ઠરાવ્યું કે કોઈ પણ વરસે કુલ અનામત બેઠકોનું પ્રમાણ ૫૦ ટકાથી વધારે રાખી શકાય નહીં. એટલે આપણા રાજકારણીઓએ બંધારણમાં ફરી એક સુધારો (૮૧મો) દાખલ કર્યો, જે આ મર્યાદા પણ હટાવી દે. કલમ ૧૬માં નવી પેટા કલમ (૪ બ) ઉમેરવામાં આવી. તે મુજબ : આ રીતે 'કેરી ફોરવર્ડ' થયેલી બેઠકોને જે તે વરસની કુલ બેઠકોથી અલગ ગણી શકવાની રાજ્યને છૂટ આપી. અને પચાસ ટકાની મહત્તમ મર્યાદાની ગણતરી કરતી વખતે આ બેઠકો ન ગણવાની છૂટ આપી.

- આવું જ અનામત બેઠકો ભરવા માટેનાં ધોરણોમાં અપાતી છૂટછાટો બાબતે જોવા મળે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ભરતી અને બઢતીનાં ધોરણોમાં અપાતી આવી છૂટછાટો વહીવટી કાર્યક્ષમતાને પ્રભાવિત કરી શકે છે. એટલે ૨૦૦૦માં બંધારણમાં ફરી એક નવો સુધારો (૮૨મો) દાખલ કરવામાં આવ્યો. આ સુધારા મુજબ કલમ ૩૩૫માં એક નવી શરત ઉમેરવામાં આવી કે : કેન્દ્રીય કે રાજ્યની નોકરીઓમાં બઢતીની બાબતોમાં શિડ્યુલ્ડ કાસ્ટ અને શિડ્યુલ્ડ ટ્રાઈબ માટે કોઈપણ પરીક્ષામાં લઘુતમ (*qualifying*) માર્ક્સમાં છૂટછાટ આપવાની કે એમના મૂલ્યાંકનનાં ધોરણો નીચાં કરવાની કોઈપણ જોગવાઈ રાજ્ય કરી શકે.

પરંતુ વાત અહીં જ અટકતી નથી, હજી તો ઘણું બાકી છે. લઘુમતી સંસ્થાઓની સ્વાયત્તતા બાબતે જે અનેક કેસો થયા તેના પણ અનામતના આ સવાલ પર સાવ અનપેક્ષિત પણ અત્યંત ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. એને લગતા સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને નકારવા માટે જ ૨૦૦૬માં છેલ્લો બંધારણીય સુધારો કરવામાં આવ્યો છે જેણે આ પ્રશ્ને છેલ્લામાં છેલ્લી વિકૃતિને જન્મ આપ્યો છે.

## છેલ્લી વિકૃતિ

આપણા બંધારણના ઘડવૈયાઓ લઘુમતીઓના રક્ષણ માટે ખાસ ચિંતિત હતા. એ સંદર્ભમાં બંધારણની કલમ ૨૯ અને ૩૦મી કલમો ખાસ

# બંધારણની જોગવાઈઓ

**Article** *Original Provisions* + Amendments

## Article - 14 Equality before Law

*The State shall not deny to any person equality before the law or the equal protection of the laws within the territory of India.*

## Article - 15 Prohibition of discrimination on grounds of religion, race, caste, sex or place of birth

*(1) The State shall not discriminate against any citizen on grounds only of religion, race, caste, sex, place of birth or any of them.*

*(2) No citizen shall, on grounds only of religion, race, caste, sex, place of birth or any of them, be subject to any disability, liability, restriction or condition with regard to- (a) access to shops, public restaurants, hotels and places of public entertainment; or (b) the use of wells, tanks, bathing ghats, roads and places of public resort maintained wholly or partly out of State funds or dedicated to the use of the general public.*

*(3) Nothing in this article shall prevent the State from making any special provisions for women and children.*

*(4) Nothing in this article or in clause (2) of article 29 shall prevent the State from making any special provisions for the advancement of any socially and educationally backward classes of citizens or for Scheduled Castes and Scheduled Tribes (added by 1st Constitutional Amendment in 1951).*

*(5) Nothing in this Article or in sub-clause (g) of clasue (1) of Article 19 shall prevent the State from making any special provisions, by law, for the advancement of any socially or educationally backward classes of citizens or for the Scheduled Castes or the Scheduled Tribes in so far as such special provisions relate to their admission to educational institutions including private educational institutions, whether aided or unaided by the State, other than the minority educational institutions referred to in clause (1) of Article 30. (added by 93rd Constitutional Amendment in 2006).*

## Article - 16 Equality of Opportunity in matters of public employment

*(1) There shall be equality of opportunity for all citizens in matters relating to employment or appointment to any office under the State.*

*(2) No citizen shall, on grounds only of religion, race, caste, sex, descent, place of birth, residence or any of them, be ineligible for, or discriminated against in respect of, any employment or office under the State.*

(4) *Nothing in this article shall prevent the State from making any provision for the reservation of appointments or posts in favour of any backward class of citizens which, in the opinion of the State, is not adequately represented in the services under the State.*

(4a) *Nothing in this article shall prevent the State from making any provision for reservation in matters of promotion 'with consequential seniority' to any class or classes of posts in the services under the State in favour of the Scheduled Castes and the Scheduled Tribes which, in the opinion of the State, are not adequately represented in the services under the State. (added by 77th & 85th Constitutional Amendments in 1995 & 2002 respectively)*

(4b) *Nothing in this article shall prevent the State from considering any unfilled vacancies of a year which are reserved for being filled up in that year in accordance with any provision for reservation made under clause (4) or clause (4A) as a separate class of vacancies of the year in which they are being filled up for determining the ceiling of fifty per cent reservation on total number of vacancies of that year. (added by 81st Constitutional Amendment in 2000)*

## Article - 29 Protection of interests of minorities

(1) *Any section of the citizens residing in the territory of India or any part thereof having a distinct language, script or culture of its own shall have the right to conserve the same.*

(2) *No citizen shall be denied admission into any educational institution maintained by the State or receiving aid out of State funds on grounds only of religion, race, caste, language or any of them.*

## Article - 30 Right of minorities to establish and administer educational institutions

(1) *All minorities, whether based on religion or language, shall have the right to establish and administer educational institutions of their choice.*

(2) *The state shall not, in granting aid to educational institutions, discriminate against any educational institution on the ground that it is under the management of a minority, whether based on religion or language.*

**Article - 46** *The State shall promote with special care the educational and economic interests of the weaker sections of the people, and, in particular of the Scheduled Castes and the Scheduled Tribes, and shall protect them from social injustice and all forms of exploitation.*

**Article - 335** *The claims of the members of the Scheduled Castes and the Scheduled Tribes shall be taken into consideration, consistently with the maintenance of efficiency of administration, in the making of appointments to services and posts in connection with the affairs of the Union or of a State. Provided that nothing in this article shall prevent in making of any provision in favour of the members of the Scheduled Castes and Scheduled Tribes for relaxation in qualifying marks in any examination or lowering the standards of evaluation, for reservation in matters of promotion to any class or classes of services or posts in connection with the affairs of the Union or a State (added by 82nd Constitutional Amendment in 2000).*

મહત્ત્વની છે. કલમ ૨૯ તો આપણે ઉપર તપાસી જ છે. કલમ ૨૯(૧) દરેક સમુદાયને તેમની વિશિષ્ટ ભાષા, લિપિ અને સંસ્કૃતિનું સંવર્ધન કરવાનો અધિકાર આપે છે. અને કલમ ૨૯(૨) મુજબ કોઈ પણ નાગરિકને રાજ્ય હસ્તકની કે રાજ્યની સહાય મેળવતી કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાં ફક્ત ધર્મ, જાતિ કે ભાષાના આધારે પ્રવેશ મેળવતા રોકવામાં આવી શકે નહીં.

હવે કલમ ૩૦(૧) દરેક લઘુમતી સમુદાયને, તે ધર્મ ઉપર આધારિત હોય કે ભાષા પર, પોતાની પસંદગીની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને ચલાવવાનો અધિકાર આપે છે. અને કલમ ૩૦(૨) મુજબ રાજ્ય શૈક્ષણિક સંસ્થાઓને સહાય આપતી વખતે કોઈ પણ શૈક્ષણિક સંસ્થા સાથે માત્ર એ આધારે કોઈ ભેદભાવ નહીં રાખી શકે કે એ સંસ્થા લઘુમતી કોમના સદસ્યોના સંચાલન હેઠળ છે.

આ બે કલમો એકબીજા સાથે જોડાયેલી છે. એમનો ઉદ્દેશ્ય સાવ સ્પષ્ટ છે :

- લઘુમતીઓને તેમની ભાષા, લિપિ અને સંસ્કૃતિનું સંવર્ધન કરવાનો અધિકાર છે.
- તે માટે તેમને તેમની પસંદગીની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો તેમજ ચલાવવાનો અધિકાર છે.

એટલે કે લઘુમતીઓને પોતાની ભાષા, લિપિ અને સંસ્કૃતિનું સંવર્ધન કરવા માટે શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અધિકાર છે.પરંતુ વ્યવહારમાં 'પોતાની પસંદગીની સંસ્થાઓ' શબ્દોને તેમના સંદર્ભથી છૂટા પાડી દેવામાં આવ્યા અને એવો અર્થ થવા માંડ્યો કે લઘુમતીઓ પોતાની સંસ્કૃતિના સંવર્ધન માટે જે સંસ્થાઓ સ્થાપે તેને જ નહીં પરંતુ મેડિકલ અને એન્જિનિયરીંગ કે અન્ય પ્રોફેશનલ અભ્યાસ માટે જે સંસ્થાઓ સ્થાપે તે સંસ્થાઓને પણ આ કલમોનું રક્ષણ મળશે અને એ રીતે રાજ્યની પહોંચની બહાર રહેશે. આમ, એવી પરિસ્થિતિ પેદા થઈ કે બહુમતી કોમની કોઈ વ્યક્તિ મેડિકલ કે એન્જિનિયરીંગના અભ્યાસ માટે કોઈ સંસ્થા સ્થાપે તો એના સંચાલનમાં રાજ્ય અને જે તે યુનિવર્સિટી અનેક જાતની દખલ કરી શકે, પરંતુ એવા જ અભ્યાસક્રમવાળી એવી જ સંસ્થાની સ્થાપના લઘુમતી કોમની કોઈ વ્યક્તિ કરે તો રાજ્ય કે યુનિવર્સિટી એના વહીવટમાં કોઈપણ જાતની દખલ કરી શકે નહીં. પરંતુ અહીં આપણને આમાંથી અનામત સંદર્ભે જે ફણગા ફૂટ્યા તેની સાથે જ નિસબત છે.

ત્રણ કેસોમાં સુપ્રીમ કોર્ટે જે ચુકાદા આપ્યા તે આ સંદર્ભમાં મહત્ત્વના છે. આ કેસો છે – પાઈ ફાઉન્ડેશન વિ. કર્ણાટક સરકાર (૨૦૦૨), ઈસ્લામિક એકેડેમી ઓફ એજ્યુકેશન વિ. કર્ણાટક સરકાર (૨૦૦૩) અને છેલ્લે પી.એ.ઈનામદાર વિ. મહારાષ્ટ્ર સરકાર (૨૦૦૬).

પાઈ ફાઉન્ડેશન કેસમાં સુપ્રીમ કોર્ટની ૧૧ જજોની બેંચે ચુકાદો આપ્યો કે કલમ ૩૦(૧) અન્વયે લઘુમતીઓને તેમની પસંદગીની સંસ્થાઓ સ્થાપવાનો પૂરો અધિકાર છે અને એ સંસ્થાઓ તેમની ભાષા, લિપિ કે સંસ્કૃતિના સંવર્ધન માટેની હોઈ શકે કે પછી ટેકનિકલ શિક્ષણ માટેની સંસ્થાઓ પણ હોઈ શકે. અને એ સંસ્થા જો સરકારી સહાય ન મેળવતી હોય તો તેમાં પ્રવેશ બાબતે શૈક્ષણિક લાયકાતનાં ધોરણો નક્કી કરવા સિવાય રાજ્ય બીજો કોઈ હસ્તક્ષેપ ના કરી શકે. સાથે સાથે કોર્ટે એમ પણ કહ્યું કે આવી લઘુમતી સંસ્થાઓમાં પણ પ્રવેશ સંબંધી નીતિઓમાં પારદર્શિતા હોવી જરૂરી છે અને ખાસ કરીને પ્રોફેશનલ અને ઉચ્ચ શિક્ષણ આપતી કોલેજોમાં મેરિટના આધારે પ્રવેશ અપાવો જોઈએ અને એક ચોક્કસ માત્રામાં બિન-લઘુમતી વિદ્યાર્થીઓને પણ એમાં પ્રવેશ અપાવો જોઈએ. ઇસ્લામિક એકેડેમી કેસમાં સુપ્રીમ કોર્ટે આગળ વધીને એમ કહ્યું કે લઘુમતી સંસ્થાઓને વહીવટી સ્વાયત્તતા છે પરંતુ તેમાં મેરિટના સિદ્ધાંતનો ભોગ નહીં લઈ શકાય. અને આવી સંસ્થાઓને માન્યતા આપતી વખતે રાજ્ય મેરિટ આધારિત પ્રવેશની શરત રાખી જ શકે છે.

ઈનામદાર કેસમાં આ વાત આગળ વધી અને આવી સંસ્થાઓમાં પછાત વર્ગોના વિદ્યાર્થીઓ માટે અનામતની પ્રથા દાખલ કરવાનો આગ્રહ રાખી શકાય કે નહીં તે બાબતે પણ કોર્ટે સ્પષ્ટ નિર્દેશો આપ્યા. કોર્ટે કહ્યું કે સંસ્થા લઘુમતી હોય કે બિન-લઘુમતી, ગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુટ તેમજ અન્ય પ્રોફેશનલ અભ્યાસોમાં મેરિટનાં ધોરણો જાળવવામાં આવે તે અત્યંત જરૂરી છે. આ ઉપરાંત કોર્ટે એમ પણ કહ્યું કે આવી સંસ્થાઓમાં પણ રાજ્ય આર્થિક તેમજ સામાજિક રીતે પછાત સમુદાયો માટે કેટલીક બેઠકો અનામત રાખવાનો આગ્રહ રાખી શકે છે. કેવી સંસ્થાઓમાં ક્યા પ્રકારનાં નિયંત્રણો મૂકી શકાય તેની છણાવટ કરતાં કોર્ટે કહ્યું કે :

- સરકારી સહાય ન મેળવતી અને જેને સરકાર દ્વારા માન્યતા પણ ન મળી હોય એવી લઘુમતી સંસ્થાઓમાં પ્રવેશ અંગે રાજ્ય કોઈ ક્વોટા નક્કી નહીં કરી શકે.
- સરકારી સહાય ન મેળવતી પરંતુ માન્યતાપ્રાપ્ત લઘુમતી સંસ્થાઓમાં રાજ્ય પ્રવેશ માટેની શૈક્ષણિક લાયકાતનાં ધોરણો

નક્કી કરી શકે, પરંતુ પ્રવેશ અને ફી બાબતે અન્ય કોઈ નિયંત્રણો લાદી નહીં શકે.

- અને સરકારી સહાય મેળવતી લઘુમતી સંસ્થાઓમાં રાજ્ય એના સંચાલન માટેના વિવિધ નિયમો નક્કી કરી શકે છે, બશર્તે કે એનાથી એ સંસ્થાના લઘુમતી સ્ટેટસને આંચ ના આવે.

અનામત ક્વોટા અંગે કોર્ટે કહ્યું કે આ બાબતમાં તો સરકારી સહાય નહીં મેળવતી હોય એવી લઘુમતી અને બિન-લઘુમતી સંસ્થાઓ વચ્ચે કોઈ ફરક નથી - એ બંનેની બાબતમાં રાજ્ય કેટલીક બેઠકો અનામત રાખવાનો આગ્રહ નહીં રાખી શકે. કોર્ટના જ શબ્દોમાં જોઈએ તો : *"So far as appropriation of quota by the State and enforcement of its reservation policy is concerned, we do not see much difference between non-minority and minority unaided educational institutions. We find great force in the submission made on behalf of the petitioners that States have no power to insist on seat sharing in the unaided private professional educational institutions by fixing a quota of seats between the management and the State. The State cannot insist on private educational institutions which receive no aid from the State to implement State's policy on reservation for granting admission on lesser percentage of marks, i.e. on any criterion except merit".*

ઈનામદાર કેસનો આ ચુકાદો (ડિસેમ્બર ૨૦૦૫) આવ્યો નથી અને આપણા રાજનેતાઓમાં ભારે હોબાળો મચી ગયો. અને એને નકારવાને થોડા જ દિવસોમાં (જાન્યુઆરી ૨૦૦૬માં) બંધારણમાં ફરી એક નવો સુધારો (૯૩મો) દાખલ કરી દેવામાં આવ્યો. આમ, કલમ ૧૫ માં એક નવી પેટા કલમ ૧૫(૫) ઉમેરવામાં આવી કે : કોઈપણ સામાજિક કે શૈક્ષણિક રીતે પછાત વર્ગો કે શિડ્યુલ્ડ કાસ્ટ અને શિડ્યુલ્ડ ટ્રાઈબ ઉપર આવે એ માટે સરકારી સહાય મેળવતી કે ન મેળવતી, પણ કલમ ૩૦ની કલમ ૧માં દર્શાવેલી લઘુમતી સંસ્થા સિવાયની, ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ સહિતની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ અંગે ખાસ જોગવાઈઓ રાજ્ય કરી શકે અને એમ કરતાં આ કલમ કે કલમ ૧૯(૧)(જી) એને અટકાવી શકે નહીં.

આમ, આ સુધારાએ કોર્ટના ચુકાદાની બંને મહત્ત્વની બાબતોને ફગાવી દીધી :

- કોર્ટે કહેલું કે સરકારી સહાય નહીં મેળવતી ખાનગી સંસ્થાઓમાં કોઈ બેઠકો અનામત નહીં રાખી શકાય, જ્યારે આ સુધારાએ જાહેર કર્યું કે એવી સંસ્થાઓમાં પણ બેઠકો અનામત રાખવાનો આદેશ કરી શકાશે.

- કોર્ટે કહેલું કે આ બાબતે લઘુમતી અને બિન-લઘુમતી સંસ્થાઓ વચ્ચે કોઈ ફરક નથી, જ્યારે આ સુધારાએ જાહેર કર્યું કે ફરક છે.

આ બંધારણીય સુધારા માટેના બીલ ઉપર ચર્ચા ચાલી રહી હતી ત્યારે જ એક અવાજ ઊઠ્યો કે ''આ બીલ દ્વારા તમે રાજ્ય સરકારોને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં પણ અનામત પ્રથા દાખલ કરવાનું કહો છો પરંતુ તમારા (કેન્દ્ર સરકારના) નિયંત્રણ હેઠળની શૈક્ષણિક સંસ્થાઓનું શું ? આ સંસ્થાઓ (IIT, IIM, AIIMS વગેરે)માં કેમ તે દાખલ નથી કરતા ? એ માટે કોની રાહ જોઈ રહ્યા છો ? અને સંસદની બેઠક પૂરી થઈ કે તરત કેન્દ્ર સરકારે જાહેરાત કરી દીધી કે આ સંસ્થાઓમાં પણ શિડ્યુલ્ડ કાસ્ટ અને શિડ્યુલ્ડ ટ્રાઈબ માટેની હાલની ૨૨.૫ ટકા બેઠકો ઉપરાંત માંડલ કમિશનની ભલામણ મુજબ અન્ય પછાત વર્ગો માટે બીજી ૨૭.૫ ટકા બેઠકો અનામત જાહેર કરવામાં આવશે ! અને બાકી રહી ગયું હોય તેમ ખાનગી ક્ષેત્રની નોકરીઓમાં અનામત વ્યવસ્થા દાખલ કરવા માટે કાયદો ઘડવામાં આવશે એવી વાતો પણ કેન્દ્રની યુ.પી.એ. સરકારે શરૂ કરી જ દીધી છે.

આ આખો ઈતિહાસ અનેક સવાલો ઉપરાંત એક પાયાનો સવાલ ઊભો કરે છે. એક પછી એક અનેક દાખલાઓમાં આપણને જોવા મળે છે કે સુપ્રીમ કોર્ટ આ કે તે પ્રથા - ૫૦ ટકા કરતાં વધારે અનામત, બઢતીમાં અનામત, વગેરે, – બંધારણના બેઝિક સ્ટ્રકચરથી વિરુદ્ધ હોવાનું જાહેર કરે છે. અને દરેક વખતે સંસદ બંધારણમાં સુધારો કરીને કોર્ટના એ ચુકાદાને નકારી કાઢે છે. આ રીતે બંધારણ સુધારી દેવા માત્રથી જ જે તે પ્રથા બંધારણના બેઝિક સ્ટ્રકચરથી વિરુદ્ધ હોવાની હકીકત શું મટી જાય છે ? બંધારણનું બેઝિક સ્ટ્રકચર શું છે તેનો નિર્ણય કોણ કરશે ? સુપ્રીમ કોર્ટ કે સંસદની બહુમતી ? ●

(આ વિગતો અરુણ શૌરીના તાજેતરના પુસ્તક 'Falling Over Backwards'ના પહેલા પ્રકરણમાંથી સારવીને આપી છે. - સં. )

# માંડલ કમિશને અન્ય પછાત વર્ગોનું નિર્ધારણ કઈ રીતે કરેલું ?

*- અંબરીષ મહેતા*

એ તો સ્પષ્ટ છે કે બંધારણમાં કરવામાં આવેલ અનેક સુધારાઓ પછી હજી આજે પણ શિડ્યુલ્ડ કાસ્ટ અને શિડ્યુલ્ડ ટ્રાઈબને બાદ કરતાં તેમાં જ્ઞાતિના આધારે અનામત પ્રથાને અનુમોદન આપતી હોય એવી કોઈ કલમ નથી. શિડ્યુલ્ડ કાસ્ટને બાદ કરતાં જ્યાં પણ જ્ઞાતિનો ઉલ્લેખ થયો છે ત્યાં એના આધારે ભેદભાવ નહીં રાખવામાં આવે તેવી જ વાત કરવામાં આવી છે. જ્યાં ખાસ સુવિધાઓ આપવાની વાત કરવામાં આવી છે ત્યાં 'નબળા લોકો' કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જ વાત કરવામાં આવી છે. અને છતાં આજે 'અન્ય પછાત વર્ગો એટલે પછાત જ્ઞાતિઓ' એવું સમીકરણ બંધાઈ ગયું છે. આમ જ હોય કે થાય એ બિલકુલ જરૂરી નહોતું. પરંતુ એમ જ થયું. અને એનું શ્રેય બહુ ચર્ચિત એવા માંડલ કમિશનને જાય છે. તેનું કામ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત સમૂહો ચિહ્નિત કરવા માટેના માપદંડો વિકસાવવાનું, એ માપદંડોના આધારે દરેક રાજ્યમાં ખરેખર ક્યા સમૂહ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત છે તે ચિહ્નિત કરવાનું અને એમના વિકાસ માટે ક્યા પગલાં લેવાની જરૂર છે તેની ભલામણ કરવાનું હતું. એમાંથી સરકારી નોકરીઓમાં જેમનું પ્રતિનિધિત્વ ઓછું હોય તેમને માટે સરકારી નોકરીઓમાં અનામત વ્યવસ્થા દાખલ કરવી જરૂરી છે કે નહીં, એ સવાલ પણ એણે તપાસવાનો હતો અને એ જ એક ઉપાય છે એમ માનીને નહોતું ચાલવાનું.

આમ, એ તો સ્પષ્ટ છે કે આ પછાત સમૂહોનું નિર્ધારણ એણે ખૂબ કાળજીપૂર્વક કરવાનું હતું અને વસ્તુગત માપદંડોના આધારે જે સમૂહ ખરેખર સામાજિક તેમજ શૈક્ષણિક રીતે પછાત હોય તેમને જ ચિહ્નિત કરીને તેમના ઉત્કર્ષ માટે ભલામણો કરવાની હતી. કમિશન પોતે પણ એ વિશે પૂરેપૂરું સભાન હતું. અને અગાઉના કાલેલકર કમિશન વિશે પોતાની ટિપ્પણી આપતી વખતે એણે જણાવેલું કે તેણે કોઈ વસ્તુગત માપદંડ કે સર્વેક્ષણ વગર જ પછાત જ્ઞાતિઓની યાદી તૈયાર કરેલી જેને કારણે એની ભલામણો સ્વીકારાવાનું મુશ્કેલ બનેલું. કાલેલકર કમિશનની આ ત્રુટીની પૂર્તિ કરી આપવાનું એણે પોતાનું પ્રથમ કર્તવ્ય માનેલું. પરંતુ તેના આ પાયાના કામમાં જ તે સદંતર નિષ્ફળ નીવડ્યું. અલબત્ત, તેના અહેવાલને ઉપર ઉપરથી જોતાં એવી છાપ જરૂર પડે છે કે તેણે આ કામ કાળજીપૂર્વક વસ્તુગત માપદંડોના આધારે કર્યું છે – સામાજિક-શૈક્ષણિક પછાતપણાના માપદંડ નક્કી કરવા, એના આધારે દેશના દરેક જિલ્લામાં બે ગામો અને એક નગરમાં સર્વે કરવો, વગેરે. પરંતુ અહેવાલને ધ્યાનથી તપાસ્યા પછી એ સમજવામાં વાર નથી લાગતી કે આ તો અહેવાલને સ્વીકાર્ય બનાવવા માટેના વાઘા માત્ર છે. કમિશનના પોતાના અહેવાલમાં જ આ દાવાને અનુમોદન આપતી અનેક વાતો છે. એમાંની અહીં થોડીક મહત્ત્વની બાબતો જ જોઈશું.

- સૌ પ્રથમ તો બંધારણમાં અન્ય પછાત વર્ગોના સંદર્ભમાં સ્પષ્ટપણે જ્ઞાતિઓનો ઉલ્લેખ નહીં હોવા છતાં, કમિશને જ્ઞાતિના આધારે જ આ પછાત સમૂહો ચિહ્નિત કરવાનું કામ કર્યું. કમિશને પોતાના કાર્યમાં મદદ કરવાને બી. કે. રોય બર્મન અને એમ. એન. શ્રીનિવાસન જેવા નામી સમાજશાસ્ત્રીઓની એક એક્ષપર્ટ કમિટીની રચના કરી હતી. એ એક્ષપર્ટ કમિટીએ આ માટે ફક્ત જ્ઞાતિને એકમ તરીકે લેવાને બદલે વ્યવસાય કે વ્યવસાય અને જ્ઞાતિના કોમ્બીનેશનને એકમ તરીકે ગણવાનું સૂચન કરેલું. પરંતુ એ સૂચનને સદંતર અવગણીને કમિશને કોઈ પણ કારણ આપ્યા વગર જ માત્ર જ્ઞાતિને આધારે જ પછાત સમૂહો નક્કી કરવાનો રસ્તો અપનાવ્યો. જસ્ટીસ કુલદીપસિંહના કહેવા પ્રમાણે વર્ગને બદલે જ્ઞાતિ મૂકીને એણે બંધારણના આર્ટીકલ ૧૬ (૪)નો અર્થ જ બદલી કાઢ્યો છે.

- કમિશને એક તારણ એ રજૂ કર્યું કે દલિત અને આદિવાસી સમુદાયો સિવાયની અન્ય પછાત જ્ઞાતિઓના લોકોની સંખ્યા કુલ વસતીના પર ટકા જેટલી છે. આ વાત ખાસ્સી ચગાવવામાં આવી છે. પરંતુ આ તારણ ઉપર કમિશન કઈ રીતે પહોંચેલું ? કઈ જ્ઞાતિના કેટલા લોકો છે એના આંકડા તો છેલ્લે ૧૯૩૧ના સેન્સસમાં જ આપવામાં આવેલા હતા. અને એ સેન્સસ રિપોર્ટમાં પણ એ આંકડા કેમ વિશ્વસનીય નથી એની વિગતે ચર્ચા કરવામાં આવેલી. ત્યાર પછીના ૧૯૪૧ના સેન્સસ રિપોર્ટમાં તો જ્ઞાતિઓને લગતી કોઈ માહિતી નથી આપવામાં આવી. અને સ્વતંત્રતા પછી તો સેન્સસના ફોર્મમાંથી જ એ સવાલ કાઢી નાંખવામાં આવ્યો છે. એટલે કમિશન આ આંકડા પર કેવી રીતે પહોંચ્યું એમ સહેજે સવાલ થાય. પરંતુ કમિશનને આ કમીની કોઈ ફિકર નહોતી. એણે તો બસ ૧૯૩૧ના સેન્સસના આધારે જ કુલ વસતીમાં ઓ.બી.સી.નું પ્રમાણ કેટલું હશે

તે નક્કી કરી દીધું અને ધારી લીધું કે ૧૯૩૧માં હિન્દુઓની કુલ વસતીમાં અન્ય પછાત જ્ઞાતિઓનું જે પ્રમાણ હતું તે જ અત્યારે પણ હશે ! એટલું જ નહીં, હિન્દુ સિવાયના અન્ય ધર્મોમાં પણ પછાત જ્ઞાતિઓનું પ્રમાણ કેટલું હશે તે પણ એણે જાણવું હતું. એટલે એ માટે એણે એક બીજી ધારણાનો આશરો લીધો - અન્ય ધર્મોમાં પણ પછાત જ્ઞાતિઓનું પ્રમાણ એટલું જ હશે, જેટલું હિન્દુઓમાં છે. આ બે ધારણાઓમાંથી એનું તારણ આવી ગયું કે કુલ વસતીના ૫૨ ટકા જેટલા લોકો અન્ય પછાત જ્ઞાતિઓના છે !

- અલબત્ત, કુલ વસતીમાં ઓબીસીનું પ્રમાણ કેટલું છે એટલું જ કહેવાથી એનું કામ પૂરું નહોતું થતું. આ ઉપરાંત રાજ્યવાર કઈ જ્ઞાતિઓ ખરેખર પછાત છે તેની યાદી પણ એણે તૈયાર કરવાની હતી. અને એ માટે આ જ્ઞાતિઓ વિશે અનેક પ્રકારની માહિતી ભેગી કરવી જરૂરી હતી - કઈ જ્ઞાતિઓ હજી પણ સામાજિક ભેદભાવનો ભોગ બને છે, એમાં શિક્ષણનું પ્રમાણ શું છે, સરકારી નોકરીઓમાં પ્રમાણ કેટલું છે વગેરે. આ અને બીજી માહિતી ભેગી કરવા માટે કમિશને પોતે જ દેશના દરેક જિલ્લામાં ૨ ગામ અને ૧ શહેરમાં સર્વે કરાવેલો. માંડલના સમર્થકો આ સર્વેને તેનાં તારણોની વસ્તુગતતા માટેના સૌથી મજબૂત પુરાવા તરીકે ગણાવે છે. પરંતુ કમિશન પોતે એ વિશે ખાસ્સું નમ્ર હતું : ''અંતમાં એ કહેવું જોઈએ કે આ સર્વે કાંઈ એકેડેમિક સંશોધનની કક્ષાનો નથી જ. એ સરકારી તંત્ર દ્વારા કરવામાં આવેલો સર્વે જ છે અને પછાત જ્ઞાતિઓ ચિહ્નિત કરવા માટેના સરળ જાડા માપદંડો વિક્સાવવા પૂરતો જ એનો ઉપયોગ છે''.

આ સર્વેમાં કોઈપણ જ્ઞાતિ પછાત છે કે નહીં તે નક્કી કરવા માટે ૧૧ માપદંડોનો ઉપયોગ કરવામાં આવેલો - ૪ સામાજિક, ૩ શૈક્ષણિક અને ૪ આર્થિક. સામાજિક માપદંડોમાં ૧) બીજા લોકો એ જ્ઞાતિના લોકોને સામાજિક રીતે પછાત ગણે છે કે નહીં, ૨) શારીરિક શ્રમ ઉપરનું અવલંબન, ૩) બાળલગ્નનું પ્રમાણ અને ૪) કામમાં સ્ત્રીઓની ભાગીદારીને - પસંદ કરવામાં આવેલા. શૈક્ષણિક માપદંડોમાં ૧) નિશાળમાં ભરતી, ૨) નાની ઉંમરે નિશાળ છોડી દેવી (ડ્રોપ-આઉટ) અને ૩) એસ.એસ.સી. સુધીના ભણતરને - પસંદ કરવામાં આવેલા. જ્યારે આર્થિક માપદંડોમાં ૧) કુટુંબની મિલકતોની સરેરાશ કિંમત, ૨) કાચાં ઘરોમાં રહેતા લોકોનું પ્રમાણ, ૩) પીવાના પાણીના સ્રોતથી અંતર અને ૪) ઉપભોગ માટેના ધીરાણ (કન્ઝમ્પશન લોન)ના પ્રમાણનો - સમાવેશ કરવામાં આવેલો. દરેક જ્ઞાતિને આ બધા માપદંડોને આધારે મૂલવવામાં આવેલી. એ માટે સામાજિક માપદંડોને ૩, શૈક્ષણિકને ૨ અને આર્થિકને ૧નો ભારાંક આપવામાં આવેલો અને પછી જે તે જ્ઞાતિને દરેક માપદંડના આધારે જે ગુણ મળે તે ગુણોનો સરવાળો કરવામાં આવેલો. આમ, જે જ્ઞાતિ દરેકે દરેક માપદંડના આધારે પછાત હોવાનું માલૂમ પડે તેને મહત્તમ ૨૨ ગુણ મળી શકે. બધી જ્ઞાતિઓને આ રીતે કુલ ગુણ આપ્યા પછી ૧૧ કરતાં વધારે ગુણ મેળવનાર દરેક જ્ઞાતિને પછાત ગણવામાં આવેલી !

- આ માપદંડો વિશે તેમજ જુદા જુદા માપદંડોને જુદા જુદા ભારાંક આપવાની કમિશનની પદ્ધતિ વિશે ઘણું કહેવાયું છે. અહીં મુખ્ય સવાલ આ પ્રક્રિયાને અંતે જે જ્ઞાતિઓને પછાત તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે તે વર્ગીકરણ ખરેખર કેટલું પાકું (રોબસ્ટ) છે તેનો છે. એટલે કે આ ૧૧ માપદંડોને બદલે જો બીજા એટલા જ વાજબી માપદંડો અપનાવવામાં આવ્યા હોત તો આ વર્ગીકરણ કેટલું બદલાયું હોત ? તે જ પ્રમાણે જુદા જુદા માપદંડોને જે જુદા જુદા ભારાંક આપવામાં આવ્યા તેના બદલે સરખા ભારાંક આપ્યા હોત તો શું થાત ? કમિશને તેના અહેવાલમાં આ સવાલોના કોઈ જવાબ નથી આપ્યા. આ સંદર્ભમાં એક વાત એ પણ નોંધવા જેવી છે કે આ ૧૧ માપદંડોમાંથી એક જ માપદંડ સીધે સીધું જ્ઞાતિવ્યવસ્થા કે એની સાથે સંકળાયેલ વિશેષાધિકારો કે પાબંદીઓ સાથે જોડાયેલું છે, અને તે પણ સાવ ધૂંધળું - અન્ય જ્ઞાતિઓના લોકો એ જ્ઞાતિના લોકોને પછાત ગણે છે કે નહીં ? (આ માપદંડના આધારે તો લગભગ બધી જ્ઞાતિઓ પછાત ગણાય). બાકીના માપદંડો તો આર્થિક સ્થિતિ, વ્યવસાય કે ભૌગોલિક સ્થાન (શહેર કે ગામડાના નિવાસી) સાથે વધારે જોડાયેલા છે. આમ, માંડલ કમિશનની એ વાત કે 'આપણા દેશમાં હજી પણ જ્ઞાતિવ્યવસ્થા પર આધારિત સામાજિક પછાતપણું મુખ્ય છે અને શૈક્ષણિક અને આર્થિક પછાતપણું પણ તેને કારણે જ પેદા થાય છે' તેણે જ વિક્સાવેલા આ માપદંડોમાં પ્રતિબિંબિત નથી થતી !

- કમિશને આ માપદંડો અને તેમને ભારાંક આપવાની આ પદ્ધતિનો એક બચાવ એ કર્યો છે કે આ પદ્ધતિ વ્યવહારમાં અત્યંત વિશ્વસનીય પુરવાર થઈ છે - દાખલા કરીકે જે જ્ઞાતિઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોવાનું જાણીતું છે તેમાંની મોટાભાગની જ્ઞાતિઓ આ પદ્ધતિનો ઉપયોગ કરવાથી પછાત તરીકે વર્ગીકૃત થઈ છે. પરંતુ આ વાત કર્યા પછી બીજા જ પાના પર કમિશનને એમ કહેવાની ફરજ પડેલી કે આ માપદંડો ઉપરાંત બીજા માપદંડોનો પણ એણે ઉપયોગ કરેલો - હીન વ્યવસાયનું લાંછન,

ગુનાખોર જ્ઞાતિનું લાંછન, સરકારી નોકરીઓમાં પ્રતિનિધિત્વ, વગેરે. અને ત્યાર પછીના પાન પર તો એનાથી પણ આગળ વધીને એ એમ પણ કહે છે કે ઘણી વાર વાસ્તવમાં પછાત તરીકે જાણીતી હોય એવી ઘણી જ્ઞાતિઓને આ સર્વેમાં ૧૧ કે તેથી ઓછા ગુણ મળ્યા હોવાનું, એટલે કે ઉચ્ચ હોવાનું, જોવા મળેલું. અને એટલે પછી એવી જ્ઞાતિઓનો પણ એણે 'પછાત જ્ઞાતિઓ'ની યાદીમાં સમાવેશ કરી દીધેલો. આ સર્વે ઉપરાંત રાજ્યોની યાદી તેમજ દેશભરમાં પ્રવાસ દરમ્યાન વિવિધ જ્ઞાતિઓ દ્વારા એની સમક્ષ જે રજૂઆતો થયેલી તેને આધારે કમિશનને જે 'બારીક વ્યક્તિગત જ્ઞાન' ઉપલબ્ધ થયેલું તેનો ઉપયોગ કરવામાં આવેલો. હવે એ તો જાણીતું છે કે અનામતની નીતિને કારણે મજબૂત અને વિકસિત જ્ઞાતિઓમાં પોતે પછાત હોવાની રજૂઆત કરવાની પ્રવૃત્તિ ઘર કરી ગઈ છે. જ્ઞાતિ જેટલી મજબૂત અને સંગઠિત એટલી જ જોરદાર રીતે તે રજૂઆત કરી શકે કે પોતે કેટલી પછાત છે. આમ, આવી રજૂઆતોના આધારે પ્રાપ્ત 'બારીક વ્યક્તિગત જ્ઞાન'ના આધારે જ્ઞાતિઓનો સમાવેશ કરીને તો કમિશને 'વસ્તુગત માપદંડો'ના આધારે સમાવેશ કરવાની વાતનો જ એકડો કાઢી નાંખ્યો છે.

- આ અંગે એક્સપર્ટ કમિટીના સદસ્ય પ્રા. રોય બર્મને એક ચોંકાવનારી વાત કરી છે. એમના કહેવા પ્રમાણે આ સર્વેના દરેક તબક્કે એક્ષપર્ટ કમિટીએ જે સૂચનો કરેલાં તે તમામ સૂચનોની કમિશને ઘોર અવગણના કરેલી અને સર્વે દરમિયાન જે માહિતી પ્રાપ્ત થઈ તે પણ તેમનાથી છુપાવવામાં આવેલી. એક્ષપર્ટ ટીમે જ્ઞાતિને બદલે વ્યવસાય કે વ્યવસાય વત્તા જ્ઞાતિને એકમ તરીકે લેવાની વાત કરેલી તે અવગણવામાં આવેલી તે તો આપણે ઉપર જોયું જ છે. એ ઉપરાંત માપદંડો, તેમને આપવાના ભારાંક, વગેરે બાબતોમાં પણ આ એક્ષપર્ટ કમિટીનાં સૂચનો પણ મનમાની ધોરણે ફગાવી દેવામાં આવેલાં. રોય બર્મનના કહેવા પ્રમાણે બંગાળના પાઈલોટ સર્વેમાં જ્યારે એ વાત બહાર આવી કે માત્ર બે જ વ્યાવસાયિક જૂથ (લુહાર અને કુંભાર)ના લોકોને ખરેખર પછાત ગણી શકાય એમ છે, ત્યાર પછી જ કમિશને મનમાની રીતે માપદંડો સાથે ચેડાં કરવાનું અને એક્ષપર્ટ કમિટીના સભ્યોને બાકાત રાખવાનું શરૂ કરી દીધેલું. કમિશનના જ કહેવા પ્રમાણે ત્યાર પછી પણ ઘણી જ્ઞાતિઓને ફક્ત સર્વેના આધારે પછાત જાહેર કરી શકાય એમ નહોતી અને એટલે એમને 'વ્યક્તિગત જ્ઞાન'ના આધારે સમાવવી પડેલી. કેટલી જ્ઞાતિઓનો સમાવેશ સર્વેના આધારે કરવામાં આવેલો અને કેટલી જ્ઞાતિઓ આવા 'વ્યક્તિગત જ્ઞાન'ના આધારે સમાવવામાં આવેલી એની કોઈ વિગત, અલબત્ત, કમિશનના અહેવાલમાં જોવા નથી મળતી.

- આ રીતે કમિશને દેશમાં કુલ ૩૭૪૩ જ્ઞાતિઓને 'અન્ય પછાત જ્ઞાતિઓ' તરીકે જાહેર કરી છે, જેમાં યાદવ, કુર્મિ, જાટ જેવી અનેક તાકતવર જ્ઞાતિઓ પણ આવી જાય છે. અન્ય સંદર્ભમાં કમિશને પોતે જ આ જ્ઞાતિઓ વિશે લખેલું કે આ જ્ઞાતિઓના લોકોએ જમીનના માલિક બન્યા પછી પોતાની મહેનતથી ખાસ્સી પ્રગતિ સાધી છે અને આર્થિક અને રાજનૈતિક દ્રષ્ટિએ તાકતવર બની ગયા છે. ઘણી વાર દલિત ખેતમજૂરોને રંજાડવામાં પણ આ જ જ્ઞાતિઓના લોકો આગળ પડતી ભૂમિકા ભજવતા હોય છે.

- રાજ્યવાર અન્ય પછાત જ્ઞાતિઓની યાદી આપી દેવાથી જ કમિશનનું કાર્ય પૂરું નહોતું થતું. સરકારી નોકરીઓમાં એમને માટે અનામત પ્રથા દાખલ કરવાની જરૂર છે કે નહીં તે સવાલ પણ એણે તપાસવાનો હતો. અને એ માટે સરકારી નોકરીઓમાં આ જ્ઞાતિઓના લોકોનું પ્રમાણ કેટલું છે તેની માહિતી ભેગી કરવાની પણ જરૂર હતી. કમિશને જ નોંધ્યું છે કે આ અંગે કેન્દ્ર સરકાર અને વિભિન્ન રાજ્ય સરકારો પાસેથી એને ખાસ કોઈ માહિતી ઉપલબ્ધ નહોતી થઈ. ગુજરાત જેવા એક બે અપવાદો બાદ કરતાં મોટાભાગનાં રાજ્યો તો કોઈ માહિતી આપી જ નહોતાં શક્યાં. અને કેન્દ્ર સરકારમાં તો અન્ય પછાત જ્ઞાતિઓના કર્મચારીઓની એવી કોઈ યાદી જ રાખવામાં નહોતી આવતી. અને છતાં કમિશને એક નાટ્યાત્મક તારણ એ રજૂ કર્યું કે કેન્દ્ર સરકારની નોકરીઓમાં આ અન્ય પછાત જ્ઞાતિઓના કર્મચારીઓનું પ્રમાણ દલિત અને આદિવાસીઓના પ્રમાણ કરતાં પણ ઘણું ઓછું છે ! અને એ માટે એણે આંકડા પણ રજૂ કર્યા, જે મુજબ કેન્દ્ર સરકારની વર્ગ ૧ની નોકરીઓમાં દલિત અને આદિવાસી કર્મચારીઓની સંખ્યા ૫.૬૮ ટકા, જ્યારે અન્ય પછાત જ્ઞાતિઓના કર્મચારીઓની સંખ્યા ૪.૬૯ ટકા અને કુલ નોકરીઓમાં એ ટકાવારી અનુક્રમે ૧૮.૭૨ ટકા અને ૧૨.૫૫ ટકા હોવાનું જણાવ્યું. આ આંકડાઓ ખાસ્સા ઉછાળવામાં આવેલા. પરંતુ સવાલ એ છે કે જો કેન્દ્ર સરકારમાં કર્મચારીઓની જ્ઞાતિની કોઈ યાદી જ રાખવામાં ન આવતી હોય તો પછી આ આંકડા ક્યાંથી આવ્યા ? આ સવાલનો ઉત્તર મેળવવાની કોશિશ કરીએ ત્યારે સમજાય છે કે આ આંકડા તો કમિશને કરેલી હાથચાલાકીના પરિણામે જ તૈયાર થયા છે.

- આ આંકડા કમિશને જે જ્ઞાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાહેર કરેલી તે જ્ઞાતિઓનું પ્રતિનિધિત્વ કેટલું છે તેના નહીં, પરંતુ પછાત જ્ઞાતિઓના કર્મચારીઓમાંથી જે કર્મચારીઓના પિતા કે દાદાએ પ્રાથમિક શિક્ષણ પણ પૂરં ન કર્યું હોય તેવા કર્મચારીઓના છે ! આ તફાવત ખૂબ મહત્ત્વનો છે. એને થોડી વિગતે જોઈએ. કમિશનની કામગીરીની શરૂઆતમાં જ તેના સચિવ શ્રી એસ. એસ. ગીલે કેન્દ્ર સરકારના મુખ્ય સચિવને એક પત્ર લખેલો, જેમાં જણાવેલું કે કેન્દ્ર સરકારે અન્ય પછાત જ્ઞાતિઓના કર્મચારીઓની કોઈ યાદી તૈયાર કરી નથી, પરંતુ એવા કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કેટલું છે તેની માહિતી મેળવવી અત્યંત જરૂરી છે. એટલે ક્યા કર્મચારીને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણી શકાય અને ક્યાને નહીં તે નક્કી કરવા માટે કમિશને એક કામચલાઉ કસોટી તૈયાર કરી છે જેના આધારે માહિતી ભેગી કરીને કમિશનને પૂરી પાડવી. આ કસોટી ઘણી વિલક્ષણ હતી : તે મુજબ હિન્દુ કર્મચારીઓની બાબતમાં જે કર્મચારીઓ બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય (દ્વિજ) જ્ઞાતિઓના ન હોય અને દલિત કે આદિવાસી પણ ન હોય તેમને સામાજિક રીતે પછાત ગણવાના હતા અને બિન હિન્દુ ધર્મોના કર્મચારીઓમાં જેમણે આવી પછાત હિન્દુ જ્ઞાતિઓમાંથી ધર્માંતર કર્યું હોય તેમને સામાજિક રીતે પછાત ગણવાના હતા. આ ઉપરાંત હિન્દુ કે બિન-હિન્દુ બંને પ્રકારના કર્મચારીઓમાંથી જે પિતા કે દાદાએ પ્રાથમિક શિક્ષણ પણ પૂરું ન કર્યું હોય તેમને શૈક્ષણિક રીતે પછાત ગણવાના હતા. આમ કર્યા પછી જે કર્મચારીઓ આ બંને કસોટીઓના આધારે પછાત સિદ્ધ થતા હોય તેમને જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણવાના હતા. કેન્દ્ર સરકારની નોકરીઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત કર્મચારીઓના ઉપર જોયા તે આંકડા આ કામચલાઉ કસોટીના આધારે જ તૈયાર કરવામાં આવેલા, જે પછી ચગાવવામાં આવ્યા.

- અહીં જે હાથચાલાકી છે તે એકમ બદલી નાંખવાની છે. એક બાજુ કમિશન 'સામાજિક અને શૈક્ષણિક' રીતે પછાત જ્ઞાતિઓની યાદી તૈયાર કરે છે. પરંતુ સરકારી નોકરીઓમાં તેમનું પ્રતિનિધિત્વ કેટલું છે તે જાણવા માટે આ જ્ઞાતિઓના કર્મચારીઓ કેટલા છે તેવો સીધો સાદો સવાલ પૂછવાને બદલે ક્યા કર્મચારી 'સામાજિક અને આર્થિક' રીતે પછાત છે તે નક્કી કરવાનું કહે છે. હવે એ તો સ્પષ્ટ છે કે કેન્દ્ર સરકારમાં જે ઉચ્ચ સ્થાને નોકરી કરતા હોય અને છતાં એમના પિતા કે દાદાએ પ્રાથમિક શિક્ષણ પણ પૂરું ના કર્યું હોય એવા કર્મચારીઓની સંખ્યા તો સ્વાભાવિક જ ઘણી ઓછી જ હોવાની. એના આધારે એમ કહેવું કે અન્ય પછાત જ્ઞાતિઓનું પ્રતિનિધિત્વ દલિત અને આદિવાસી કરતાં પણ ઓછું છે, એ સરાસર અસત્ય જ છે. અને છતાં માંડલ કમિશનના અહેવાલની અત્યાર સુધી જે ટીકા કરવામાં આવી છે તેમાં આ હાથચાલાકીનો સવાલ કોઈએ ઉઠાવ્યો નથી.

આવાં તેમજ અન્ય કારણોસર માંડલ કમિશને તેનો અહેવાલ રજૂ કર્યો ત્યાર પછી શરૂઆતમાં તો કોઈ સરકાર એને અડકવા તૈયાર નહોતી. રાજીવ ગાંધીએ તો એને *'can of worms'* ની ઉપમા આપેલી અને કહેલું કે એને લાગુ પાડવાથી તો લાંબે ગાળે આખો સમાજ વિભાજિત થઈ જશે. વી.પી. સિંહની સરકાર પણ શરૂઆતનાં વર્ષોમાં તો એના પર બેસી જ રહેલી. પાછળથી દેવીલાલે જ્યારે મંત્રીમંડળમાંથી રાજીનામું આપીને જતાં રહેવું પડ્યું અને એમણે દિલ્હીના વિજય-ચોકમાં મોટી રેલી કાઢવાની જાહેરાત કરી ત્યારે તેઓ હામ ગુમાવી બેઠા. અને એ રેલીને ખાળવા માટે માંડલ કમિશનની ભલામણો સ્વીકારી લેવાની જાહેરાત કરી દીધી. એ સામે દેશભરમાં આંદોલનો અને પ્રતિ-આંદોલનો ફાટી નીકળ્યાં અને છતાં છેવટે એ નિર્ણય તો કાયમ જ રહ્યો અને દેશનાં બધાં રાજ્યોમાં શૈક્ષણિક સંસ્થાઓ તેમજ સરકારી નોકરીઓમાં અન્ય પછાત જ્ઞાતિઓ માટે ૨૭ ટકા બેઠકો અનામત રાખવાની પ્રથા શરૂ થઈ ગઈ, જેને કારણે કુલ બેઠકોના ૫૦ ટકા જેટલી બેઠકો જન્મના આધારે આરક્ષિત થવા માંડી. સુપ્રીમ કોર્ટના ઘણા જજોએ કમિશને અન્ય પછાત વર્ગોની યાદી તૈયાર કરવામાં જે ગરબડો કરેલી તેની સખત ઝાટકણી કાઢી છે. પરંતુ નવાઈની વાત એ છે કે તેમ છતાં છેવટે તો સુપ્રીમ કોર્ટે સુધ્ધાં તેને મંજૂરીની મહોર મારી આપી છે. એમ કરતી વખતે એણે ક્રિમી લેયરને બાદ કરવાની કે વગદાર જ્ઞાતિઓને યાદીમાંથી દૂર કરવા માટે કમિશનની નિમણૂક કરવા જેવી શરતો જરૂર મૂકેલી. પરંતુ વ્યવહારમાં એ શરતોનો કોઈ અમલ થયો નથી. ●

### *અહીં તો આપણે હઉ હરખા જ છીએ*

*પાન -૩૪ પરથી*

માત્ર જ્ઞાતિ આધારિત અનામતથી ગરીબ સમાજનો દી' વળતો નથી તે દીવા જેવું ચોખ્ખું દેખાતું હોય ત્યારે જોખમ વધારે પ્રભાવીરૂપે ધ્યાન ખેંચે છે. સમસ્ત ગરીબ સમાજને ઊંચો લાવવામાં અનામતનો ફાળો ખૂબ નજીવો છે. અને હવે તો જે વ્યક્તિઓ અનામતનો લાભ લઈને આગળ વધી છે તેમનાં સંતાનોને જ અનામતનો લાભ મળશે. તેથી બાકીનો અણવિકસિત સમાજ તો જ્યાંનો ત્યાં જ રહેવાનો છે. આ બાબત બાજુએ હડસેલી ના શકાય. અનામતનું હથિયાર વાપરતા સમાજમાં ખળભળાટ સર્જાય છે. અને તે રીતે એક ટૂંકા-લાંબા ગાળાનું સામાજિક-રાજકીય જોખમ વહોરી લેવાતું હોય ત્યારે પાયાના સવાલો નજરઅંદાજ ન કરી શકાય. ●

# અહીં તો આપણે હઉ હરખા જ છીએ

*- રાજેશ મિશ્રા*

કવાંટ-નસવાડી-છોટાઉદેપુર વિસ્તારમાં જ્યારથી કામ કરવાનું થયું તે અગાઉથી ખબર તો હતી કે નાયકા સૌથી પછાત આદિજૂથ છે. વરસોથી આ સમૂહ સાથે અલાયદો સંબંધ ઊભો કરવાની પણ ઈચ્છા હતી. જંગલ સાચવણી પ્રક્રિયામાં કેટલાંક ગામોમાંથી ખબરો મળી કે નાયકા બહેનો લાકડાં વેચે છે, જેથી સાચવણીની પ્રક્રિયા ખોરવાય છે. આ સવાલમાં વનખાતાને દૂર જ રાખવું તે બાબતે તો મંડળીના તમામ સભ્યો - આગેવાનો સ્પષ્ટ જ છે. ગામના સ્તરે આ સવાલ પર હજુ અવઢવ છે. દરમ્યાનમાં કોઇ જૂથ-નાત-જ્ઞાતિનું અલાયદું સંગઠન થાય કે કેમ તે બાબતે મનોમંથન ચાલતું હતું. છેવટે નક્કી કર્યું કે એક સંમેલન તો બોલાવીએ જ - ફક્ત નાયકા જ્ઞાતિ સમૂહનું. અને તે યોજાયું તે અગાઉ એક-બે પ્રારંભિક મિટિંગો થઇ. પ્રારંભિક બેઠકમાં જ એક બહેને શરૂઆત કરી અને તેની સાથે બીજા પણ જોડાયા. ફરિયાદ એ હતી કે એ લોકો આપણને આગળ નીં આવવા દે, પંચાયતમાં-નોકરીમાં-થાણામાં-તલાટીમાં બધે એ લોકો જ છે. આપણને દબાવીને જ રાખવાના. સાવ જ અણધારી રીતે ઉકળાટ ઠલવાયો. કંઇ ખબર જ નહોતી પડતી કે ફરિયાદ કોની સામે છે - ધીરે રહીને પૂછયું કે કોની વાત કરો છો? તો ફોડ પાડયો કે રાઠવાઓ - તમે દેખતા નીં, બધે એ લોકો જ છે! - અમને આગળ આવવા દે ખરા ? ફોડ તો પડયો જ, પણ વાતાવરણ ભારેખમ બની ગયું. રાઠવાના ઘર આંગણે જ મિટિંગ અને તે લોકો હાજર પણ ખરા. સંમેલનના આયોજનની પણ પૂરેપૂરી જવાબદારી માથે લીધેલી. ખાસ્સો સમય સૌ ચૂપ. કોઇ કશું બોલે જ નહીં. છેવટે એક રાઠવા કાર્યકરે જ ફરિયાદનો મરમ પારખી વાતને આગળ ધપાવી. કાર્યકરે કહ્યું કે તમારી વાત હાચી છે કે આજે બધે જ રાઠવા છે, પણ આજે અહીં આપણે ભેગા થીયા છીએ તે હઉ હરખા જ છીએ. રાઠવા તલાટી હોય કે પોલીસ હોય, કે ગ્રામસેવક હોય તે કંઇ રાઠવા સમાજને દેખતો નથી, પૈસા ખાવાનું અને પોતાનાં સગાંવહાલાંને ફાયદો કરાવી આપવાનું જ કરે છે. ગરીબીમાંથી ઉપર આવેલાએ ગરીબને હમજવા જોઇએ પણ તે ની હમજતો !

તે પછી વાત તો ધાર્યા મુજબ આગળ ચાલી, પણ હું તો વિચારતો જ રહી ગયો. બારીકાઇથી ચકાસ્યું તો જણાયું પણ ખરું કે સરકારી તંત્રમાં ક્યાંય નાયકા દેખાતા જ નથી. ભણતરમાં પણ માધ્યમિક સુધી પહોંચતા છોકરા આંગળીના વેઢે ગણાય તેટલા જ છે. અહીં ભેગા થયેલા નાયકા સમાજને જે ફરિયાદ છે તેવી જ તેમનાથી સામાજિક સીડીમાં સહેજ ઉપર ડુંગરી ભીલ - ભીલને હશે જ. આઝાદીનાં સાઠ વરસે વસ્તુસ્થિતિ કેટલી બદલાઇ છે - સીધુંસાદું જ્ઞાતિ-જનજાતિ જૂથ પહેલાં પણ Homogeneous હતું જ નહીં. તે વખતે પણ જ્ઞાતિ-જૂથોમાં આંતરિક સામાજિક વિષમતા તો હતી જ (ઉપર જણાવ્યું તેમ આ વિસ્તારમાં સૌથી ઉપર રાઠવા, તે પછી ભીલ, તે પછી ડુંગરી ભીલ અને છેલ્લે નાયકા). પણ એટલું બધું ઝીણું કાંતવાનો અવકાશ કદાચ ન હશે પણ હવે તો બીજી વિષમતાઓ પણ ઊભરી છે. સ્વતંત્રતા બાદના આર્થિક-સામાજિક વિકાસમાં આજે આદિવાસી-દલિતો કે OBCમાં ધનિક-મધ્યમવર્ગી-ગરીબ-અતિગરીબ વર્ગો ઊભા થયા છે. આજે આદિવાસીને ગામના મંદિરે ના ચઢવા દે તેની તો કલ્પના જ કરવી રહી. બલ્કે આદિવાસીઓના હિંદુકરણની ફરિયાદો ઊઠી છે. દલિતોની બાબતે સ્થિતિ સંકુલ છે પણ કાયદાની બીકે મને - કમને પહેલાં હતી તે કરતાં સ્થિતિ ઘણી બદલાઇ છે. સ્થિતિની સમૂળગી સમીક્ષા કરવા માટે સ્થળ સ્થિતિ (ground reality) પણ પ્રેરે છે.

એક ગામમાં વનખાતું ગામલોકોની જમીન પર રોપા થાણવા આવે. થોડા દિવસ પુરુષોએ ખેંચ્યું, પછી બહેનો આગળ આવી. ધારણા એવી હતી કે બહેનો સાથે વનકર્મીઓ સંભાળથી વર્તશે. બહેનોએ આક્રોશમાં આવીને કહ્યું કે જો અમારી જમીનો પર ઝાડ થાણવા હોય તો અમને સાહેબો, તમારા ઘેર લઇ જાવ. નફફટ વનકર્મીએ વળતો જવાબ આપ્યો - આવતાં રહો ને... હું પણ તમારા મહીંનો જ છું... દસ બૈરાં રાખીશ. બીજા એક કિસ્સામાં વનખાતાએ ઝાડો થાણવા માટે બીટગાર્ડ તરીકે સ્થાનિક આદિવાસીને મૂકી દીધો - તેના ગામ પર થઇને જ કવાંટ બજાર અવાય. ગામ લોકોની બોલતી જ બંધ થઇ ગઇ, ફક્ત એક જ મુદ્દે - કવાંટ કયે રસ્તે જશો ? લોકો ઠંડાગાર થઇ ગયા અને ઝાડો થણાઇ ગયા.

મૂળ મુદ્દો એ છે કે અનામત જે હેતુ માટે દાખલ કરેલ તે હેતુ સરે છે ખરો? અનામતથી આગળ વધેલ વ્યક્તિ પોતાની સમષ્ટિ (સમાજ) તરફ જુએ છે પણ ખરો? અનેક વાર સામાજિક સંગઠનોની બેઠકમાં અને ગામડા ગામમાં લોકમુખે સાંભળું છું કે આદિવાસી (કે દલિત કે OBC)ને તેના સમાજનો કર્મચારી સારી રીતે ઓળખે, ખાસ કરીને તેની દુખતી રગ કે અતિનબળી કડીઓ. અને તે રીતે તે પોતે આગળ આવી ગયા બાદ લાગ મળ્યે તેના જ સમાજને બરાબર પીલે તેવું મોટાભાગે (અપવાદો છે ખરાં) જોવા મળે છે. ઓળખીતો સુથાર બે રંધા વધારે મારે, તેવો ઘાટ થતો જોવાય છે.

*અનુસંધાન પાન -૩૩ પર*

# શિક્ષણનું પ્રતીપ : મૂલ્યશિક્ષણ

- ડૉ. મહેન્દ્ર ચોટલિયા

## ૧.૦ ઉદ્‌ભાવના :

મનુષ્યની વિચારણા, જ્ઞાન અને સમજમાં છેલ્લા એકાદ દાયકામાં ખચીત ખુલ્લાપણું આવ્યું છે. હવે માણસ નિયતિ, નિયમ અને નિશ્ચિતતાને જગતનાં સ્વાભાવિક લક્ષણો ગણતો બંધ થયો છે. પરિસ્થિતિની અનનુમેય પરિવર્તનશીલતા અને વ્યક્તિના ક્ષણવર્તી ઈરાદાઓના યુગલની સંતતિને સામાજિક સ્વીકૃતિ મળતી જાય છે. જીવનની સાર્થકતાના અનાત્મલક્ષી માનદંડોની ગઠરી આમ આદમીની અબાધિત આત્મલક્ષિતાના પ્રહારથી તિતરબિતર થઈ ગઈ છે. પ્રાગાનુભવિક પરંપરાઓનો ચક્રવાત હવે આનુભવિક પ્રજ્ઞાના નમનીય શાણપણ માટે હાનિરૂપ બની શકતો નથી. તનમન વયથી વૃદ્ધ બનેલી માતૃપિતૃ પેઢીએ નવોન્મેષથી નીતરતી નવી પેઢીને હલેસાંનું હસ્તાંતરણ કરવાનું મુનાસિબ માન્યું છે - એ તો ઠીક, પણ હવે તો એ વડીલોએ દિવાદાંડીની સ્વપ્રમાણિત ભૂમિકા પણ છોડી દીધી છે. ખુલ્લા સમુદ્રમાં જોખમી જલથપાટોની વચ્ચે જુવાન - જુવતીઓ પોતાનું નૌકાયન વિજ્ઞાન વિકસાવી રહ્યાં છે. સ્વનિર્ભરતાનો સેન્સેક્સ ગુરુ-ગોવિંદની પ્રકીર્તિત જોડીને ખડે કે ખડે રાખીને બેશૂમાર બલિહારી બતાવી રહ્યો છે !

તાણીતાણીને તારસ્વરે બજાવેલા મૂલ્ય-શિક્ષણના તંબૂરાના તૂટી ગયેલા તારને હજુ ઓર તાણવાનું રહેવા દઈને તેને ફેંકી દેવાની હિંમત કરવાનો આ સમય છે. આવી હિંમત કોઈ અશ્રદ્ધા કે નિર્વેદની જેમ રિએક્શન તરીકે નથી કરવાની. પરંતુ આપણે જગદ્-દશ્યની સમજ અને જીવનની પ્રતિક્ષણ ઊઘડતી રહસ્યમયતાની સમજના યોગદર્શનમાંથી એ તંબૂરાનો ત્યાગ કરવાનું પ્રજ્ઞાશીલ કર્મ કરી શકીએ તેમ છીએ.

## ૧.૧ મૂલ્ય-શિક્ષણની ઘાતકતાનાં કારણો :

''શિક્ષણની સફળતાનો સર્વોચ્ચ માનદંડ તેની મૂલ્ય-સ્થાપના કરવાની શક્તિ છે'' એવું વાયરસ-વિધાન આપણે સગર્વ પરંતુ સંકીર્ણ વિચારણાના કારણે બોલતા આવ્યા છીએ. અહીં મૂલ્યશિક્ષણની ખતરનાક અસરો દર્શાવવા માટે પ્રગલ્ભ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આપણા મનમાં રહેલા મૂલ્યશિક્ષણ વિશેના પ્રવર્તમાન પવિત્ર પૂર્વાગ્રહોને જરા સ્થિર કરીને ક્રાંતિક વિચારણા (critical thinking)થી આ મુદ્દાઓ પ્રતિ મુખાતિબ થવાનો અનુરોધ છે.

૧. મૂલ્ય-શિક્ષણ 'આપનાર'ની પસંદગી પર આધારિત કાર્યક્રમ છે. લેનારની સ્વતંત્રતાનો તેમાં છેદ ઊડી જાય છે.

૨. જૂની પેઢીને પોતાને 'સ્વાનુભવ સિદ્ધ' લાગતાં મૂલ્યો નવી પેઢીને આપીને તેઓને પોતાના નિયંત્રણમાં રાખવાનો કારસો રચે છે. જો નવી પેઢી એ સ્થાપિત મૂલ્યોમાં અશ્રદ્ધા ધરાવતી થાય તો વડીલોનું મહત્ત્વ શું રહે ? આમ will-to-power ના હિટલરી સંકલ્પમાં મૂલ્ય-શિક્ષણની જડ છે.

૩. મૂલ્યશિક્ષણ એક ભાવાત્મક પ્રોગ્રામ છે. ''વિદ્યાર્થી અમુક પ્રકારનું વર્તન કરતા થાય'' તે માટે તેઓનું પ્રોગ્રામિંગ કરવામાં આવે છે. જો આ પ્રોગ્રામ સફળ થાય તો They (students) cannot just behave otherwise." જો મૂલ્ય એક ભાવસભર ટેવ બની જાય તો પછી વિદ્યાર્થી એ ઇચ્છે તો પણ કાઢી ન શકે !!! આમ, એક ઊગતું અસ્તિત્વ કાયમ માટે પંગુ બની જાય છે.

૪. મૂલ્યો ભૂતકાળ-આધારિત છે (past-rooted). પ્રાગાનુભવિક પ્રણાલીથી ભવિષ્યને પરિપ્લાવિત કરવાનો આ કીમિયો વિસંગત (preposterous) છે.

૫. મૂલ્યો પરંપરાને લંબાવે છે કે સ્થિર કરે છે અને તેથી પરિવર્તનને અવરોધે છે.

૬. વિદ્યાર્થીઓમાં અપરાધભાવ ઊભો કરે છે. જ્યારે પરિસ્થિતિ અભૂતપૂર્વ હોય અને પ્રોગ્રામ કરેલાં મૂલ્યો પાળી શકાય તેમ ન હોય અને તે સંજોગોમાં જો વિદ્યાર્થી સ્વ-પ્રેરણા/સમજથી કંઈ જુદું વર્તન કરે તો તે વર્તન માટે તેના મનમાં અપરાધભાવ જન્મે છે. [''અરેરે ! મને યવનનો સ્પર્શ થયો છે, મારે સ્નાન કરવું પડશે.'']

૭. ''કેટલાંક વર્તનો શાશ્વત રીતે સત્ય છે અથવા તો સર્વથા કલ્યાણકારી છે'' તેવા અવૈજ્ઞાનિક ખ્યાલ પર મૂલ્યશિક્ષણનાં મંડાણ થયેલાં છે. અબજો વ્યક્તિના નાના-નાના નિર્ણયોથી નિર્માણ પામતી રોજિંદી વાસ્તવિકતાનો આગાહીક્ષમ આલેખ કેવી રીતે બનાવી શકાય ?

૮. જીવનની રહસ્યમયતા અને unpredictability નો મૂલ્યશિક્ષણ ઉચ્છેદ કરે છે. નેતિ... નેતિનો મંત્ર, આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ અને હાઈઝનબર્ગના અનિશ્ચિતતાના સિદ્ધાંતની સમજ હોય તો જીવનની પિછાન થાય અને જીવનની અનંતતા, જોખમી અંધાધૂંધતા અને વ્યક્તિસાપેક્ષ સત્યતાનો સાક્ષાત્કાર થાય. અલખની યાત્રામાં નિયમાવલિ હોય ?

૯. મૂલ્યશિક્ષણ મનુષ્યની સંવેદનશીલતાને નકારે છે. કેમ કે મૂલ્ય એટલે અમુક, ચુનિંદી માન્યતા અને વલણોનું અશ્મિકરણ-fossilization. માણસ જેટલો વધુ અશ્મિભૂત થાય તેટલો તે જરઠ બને.

૧૦. મૂલ્યશિક્ષણ મનુષ્યના વિવેકને મારી નાખે છે. જે તે પરિસ્થિતિમાં પોતાને યોગ્ય લાગે તેવો નિર્ણય લેવો તે ધર્મ છે. રેડીમેઈડ મૂલ્ય પેકેટ એ કડાકૂટમાંથી વિદ્યાર્થીને બચાવે છે. એટલે તે પરિસ્થિતિ વિશે અસ્તિત્વલક્ષી ઊંડાઈથી વિચારવાનું ટાળશે. શિક્ષાપત્રીમાં જોઈને વર્તન કરવાની ટેવ પડી જશે.

૧૧. બિનસાંપ્રદાયિકતાનો હ્રાસ કરે છે. સંદેહ અને પ્રશ્ન પૂછવાની છૂટ એ બે ભિન્ન બિનસાંપ્રદાયિકતાના આધારસ્તંભો છે. મૂલ્યશિક્ષણ 'આમ કરવું અને આમ ન કરવું' એવા આદેશોથી વિદ્યાર્થીના વિકાસમાન ચૈતન્યને ગૂંગળાવી નાખે છે.

૧૨. મૂલ્યશિક્ષણ અંતતઃસાચુકલા શિક્ષણને અશક્ય બનાવી દે છે. ''સા વિદ્યા યા વિમુક્તયે''નો મહાઘોષ કરનારાં શિક્ષણવિદો, અધ્યાપકો અને વર્ગશિક્ષકો મૂલ્ય-પ્રણાલીની જાળ શા માટે ફેંકતા હશે ? ! જો શિક્ષણનું ગૌરીશંકર મુક્તિ હોય તો મૂલ્યશિક્ષણ એ શિક્ષણનું રૌરવનર્ક બને છે. ભગવાં કપડાં પહેરનારા, અમુક રીતનું તિલક કરનારા, કંઠી પહેરનારા અને પોતાને મહામૂલાં લાગતાં pre-fixed મૂલ્યોને વિચારણાના રક્ષાકવચ વગરનાં બાળકો – વિદ્યાર્થીઓ પર દારુણ જુસ્સાથી વીંઝતા ગુરુઓને એક સાચુકલો શિક્ષક કેવી રીતે માફ કરી શકે ?

## ૧.૨ શિક્ષણમાં 'મૂલ્ય-શિક્ષણ' જેવો વ્યાઘાત સર્જાવાનાં કારણો :

વેદનાનાં કારણોની સમજ એ વેદના-મુક્તિનું પ્રથમ સોપાન બને છે.

'પ્રકાશના કારણે પડછાયો પડે છે' -એવું સમજાય તો પડછાયાની ભયાવહતા ઓછી થાય અને પડછાયાને લાઠી મારવાને બદલે પ્રકાશના સ્રોતને બંધ કરવાનો ઉપાય મળી શકે. અર્થ કારણમીમાંસા :

૧. શિક્ષણ પહેલેથી જ એક ધાર્મિક કે રાજકીય એજન્ડા રહ્યું છે - અમુક સ્થાપિત હિત જ્યારે કોઈ પ્રવૃત્તિ હાથમાં લે ત્યારે પોતાનાં ધ્યેયો, લક્ષ્યો અને માન્યતાઓને બળવત્તર કરવા માટે આયોજન કરે તે સ્વાભાવિક જ છે. આમ, મૂલ્યશિક્ષણ એક પ્રલંબ પ્રણાલી બની ગયું એટલે આપણે તેને સાચું / સત્ય માની લીધું.

૨. શિક્ષણ મૂલતઃ (originally) પરંપરાવાદી રહ્યું છે. (જહોન ડ્યુઈ, અસ્તિવવાદીઓ, ઈવાન ઈલિચ અને જે. કૃષ્ણમૂર્તિ જેવા ઘણા ચિંતકોએ આ મુદ્દો દર્શાવ્યો છે.) શિક્ષણનું કામ conservation અને transmission - વારસાનો સંચય, સંરક્ષણ, સંપ્રેક્ષણ અને સંવર્ધન કરવાનું રહ્યું છે. તેનાં બીજાં બે કાર્યો : transformation અને reconstruction -સ્વરૂપાંતર અને પુનઃરચના ખૂબ જ અલ્પમાત્રામાં થયાં છે.

૩. 'આપણા ધર્મગ્રંથો અને મહાપુરુષો - સંતો - મહંતો તથા માન્યતાપ્રાપ્ત વિચારકોએ આપેલા ઉપદેશો તો સાચા અને સારા જ હોય ને !' તેવું આપણે કોઈ બૌદ્ધિક myopia ના કારણે માની લીધું અને પછી આપણા અભ્યાસક્રમોમાં તેમના વિચારોને ઉદાત્ત અને સંસ્કારિત ખ્યાલો તરીકે ભણાવવાનું (ભરાવવાનું - ઠાસવાનું) ચાલુ કર્યું.

૪. 'સમાજ-વ્યવસ્થા જળવાઈ રહેવી જોઈએ' - જેવા તારણની બૌદ્ધિક ચકાસણી કરવામાં નથી આવી. આપણે એવું માનવા લાગ્યા

છીએ કે જો અમુક (જેને આપણે મહત્ત્વના ગણીએ છીએ તે) નિયમો, માન્યતાઓ જળવાય તો જ સમાજ ટકે. ભૂતકાળમાં લોકો જેને મહત્ત્વની ગણતા હતા તેવી અનેક પેટાવ્યવસ્થાઓ તૂટી ગઈ છે છતાં આજે સમાજ છે; તે જ પ્રમાણે આપણે જેને અનિવાર્ય ગણીએ છીએ તે માન્યતા ન હોય તો પણ સમાજ રહેવાનો જ. 'વધુ મુક્તિ અને વધુ સુખાકારી' એ કોઈ પણ જીવંત સંગઠનનું પ્રાણતત્ત્વ હોય છે.

૫. આપણે છેલ્લાં ૧૦૦૦ વર્ષના reported ઈતિહાસના આધારે જ 'શાશ્વત' અને 'મૂલ્યવાન' જેવા ખ્યાલોને વિકસાવ્યા છે. અને તેને અંતિમસત્યો કે તાત્ત્વિક તારણો તરીકે સ્વીકારી લીધાં છે. જો દસ વર્ષની ઉંમરનું બાળક કહે કે 'મારા અનુભવ પ્રમાણે આટલાં વર્તનો મૂલ્યવાન છે અને તે હંમેશાં રહેવાનાં જ છે' તો આપણે એ વિધાનને કેટલું હાસ્યાસ્પદ ગણીએ ?

૬. ભારતીય સંસ્કૃતિ, દેશપ્રેમ, લોકશાહીય અભિગમ અને વૈજ્ઞાનિક અભિગમ જેવા metanarratives - મહાવૃત્તાંતોને શરણે થવાના કારણે તેની બહારનું વિચારવાની હિંમત કરતા નથી. Metrix માં ફસાયેલાં બિંદુ જેવા આપણે એ metrix ની બહારની કલ્પના કરવા અસમર્થ થઈ ગયા છીએ. એટલે પછી એ મહાફલકને ટકાવવાના કે બળવાન બનાવવાના ખ્યાલોને જ શિક્ષણમાં સર્વોચ્ચ ગણવામાં આવે છે. [જરા, 'વફાદારી'ના મૂલ્ય અંગે વિચારોને !]

૭. જે વર્તનતરેહોને રાજ્યસંસ્થા, ધર્મસંસ્થા, સમાજસંસ્થા કે કોઈ અર્થસંસ્થાનો ટેકો મળે છે, સમર્થન મળે છે તે વર્તનતરેહો સુદૃઢ બને છે. આવા સુદૃઢકો મળે એટલે તે મૂલ્યો સાચાં જ હશે તેમ માની લેવામાં આવે. એટલું જ નહીં એમાંથી self-fulfilment સભરતાનો કે જીવનના અર્થનો પણ અનુભવ થવા માંડે ! આવી વર્તનતરેહો અને વલણો, શિક્ષણ સંસ્થાઓ દ્વારા input બને છે. અને તેને ''મૂલ્યો '' જેવું (glorified) ગૌરવાન્વિત લેબલ આપીને આક્રમણપ્રૂફ બનાવી દેવામાં આવે છે.

## ૧.૩ વિશેષણ વગરના શિક્ષણ પ્રતિ :

કોઈ પણ ભાષામાં વિશેષણનું કામ સીમાંકન કરવાનું છે. વિશેષણ એ મૂળ નામનું ગુણલક્ષણ નથી પરંતુ જોનાર કે અભિવ્યક્તિ કરનારનું આરોપણ છે. આમ વિશેષણ એક સંકુચિત દૃષ્ટિકોણ ઊભો કરે છે. 'મૂલ્ય શિક્ષણ'માંથી 'મૂલ્ય'ને ટપકાવીને શુદ્ધ શિક્ષણનું સાહસ કરવાની ભોમ હવે રચાઈ ગઈ લાગે છે. ફ્રેમ વગરના જીવન માટે ફ્રેમ વગરનું શિક્ષણ જ પ્રસ્તુત બને. આ માટે જો કોઈ અધ્યાપક/શિક્ષક વ્યક્તિગત સ્તરે કે સામૂહિક સ્તરે કામ કરવાની ખ્વાહેશ દાખવે તો તેઓના ચિંતનચક્ર માટે કતિપય બિંદુઓનું ઊંઝણ પેશ છે :

### ૧. ઉદ્ધારક - ગ્રંથિ (Messiah Complex )નો ત્યાગ :

મોટાભાગનું શિક્ષણ એક સ્વ-આરોપિત ધ્યેયનિષ્ઠાથી પીડાય છે. શિક્ષણના કાર્યકર્તાઓ sincerely માનવા માંડયા છે કે તેઓનું દેવ-દીધેલું કર્તવ્ય આ પામર સમાજનો ઉદ્ધાર કરવાનું છે. જો અમારું great શિક્ષણ જ નિષ્ફળ જશે તો પછી બીજું કોઈ બ્રહ્માસ્ત્ર કારગર નહીં નીવડે. 'I am the saviour' એવો સાત્ત્વિક (?) હુંકાર કરી તેઓ મનતોડ દેખાડો કરવામાં (અસ્ત) વ્યસ્ત થઈ જાય છે. આ ગ્રંથિને તપાસો અને નિર્ગ્રંથ બનો. આપણને ઠંડી લાગતી હોય એટલે બધે ધાબળા વહેંચવા ન જવાય.

### ૨. અધ્યેતાની નિરપેક્ષ સ્વતંત્રતાનું જતન :

શિક્ષણ પ્રક્રિયામાં કેન્દ્રસ્થાને રહેલા અધ્યેતાનું સંસ્કરણ કરવાનું લક્ષ્ય અધ્યેતાની અબાધિત સ્વતંત્રતાને લૂંટી લેવાના સામૂહિક કાવતરાનું દ્યોતક છે. જો આપણે 'અધ્યેતાકેન્દ્રી' શિક્ષણના હિમાયતી હોઈએ તો અન્ય કોઈએ નિશ્ચિત કરેલી વર્તનતરેહોનું વિષબીજ અધ્યેતામાં રોપવાની હિમાયત શા માટે કરીએ છીએ?

### ૩. વ્યવસ્થા સ્થાપવા કે ટકાવવા સામે વિદ્રોહ :

વ્યવસ્થા પોતાને ટકાવી રાખવા માટે તેનાં ઘટકતત્ત્વોને ભરખી જાય છે. આપણે સમજીએ છીએ કે સમાજ તેના સભ્યોની સ્વાયત્તતાને ભોગે જ 'વ્યવસ્થિત' રહે છે. વ્યવસ્થા એ તંત્ર છે અને તેથી તે કોઈ હેતુને સિદ્ધ કરવા માટે જ અસ્તિત્વમાં આવ્યું હોવું જોઈએ. જ્યારે આ હેતુઓ બદલાવા માંડે ત્યારે એ તંત્ર ઢીલું પડે છે અને થોડું વધારે લવચીક સ્વરૂપ ધારણ કરે છે. એ રીતે ૧૫૦૦ વર્ષ પૂર્વેની સમાજવ્યવસ્થા કરતાં આજની સમાજવ્યવસ્થા વધુ ખુલ્લી છે. શિક્ષણનું કામ વ્યવસ્થાના મજબૂત ટાંકા તોડવાનું છે. જેથી કોઈ એક વ્યવસ્થા સ્વરૂપ સ્થાપિત હિત ન બની જાય. ધર્મ, રાજ્ય અને સમાજ તો શિક્ષણનો સાધનાત્મક ઉપયોગ કરી પોતાનું ખપ્પર છલકાવવાનો ઉદ્યમ

કરે છે. વિશેષણ વગરનું શિક્ષણ આવા meta-structure (અધિ-સંરચનાઓ)ને ધ્વસ્ત કરવા માટે પોતાના સામર્થ્યને પ્રયોજશે. જે દેશોમાં શિક્ષણનું માત્ર પ્રમાણ જ વધારે છે ત્યાં પણ સમાજ વધુ ખુલ્લો અને બગાવતી છે.

## ૪. ઉત્ક્રાંતિની પ્રક્રિયાની સમજ :

પૃથ્વી પર સાદા જીવોમાંથી સંકુલ જીવ કેવી રીતે બન્યા ? આદિ-માનવ કોઈ શાળાશિક્ષણ વગર પણ પોતાને ટકાવતો અને વધુ સક્ષમ કેવી રીતે બનતો ગયો ? જે લોકો આજે પણ શાળામાં જતા નથી તેઓ પોતાના જીવનને ગોઠવવાનું કેવી રીતે શીખી લે છે ? વ્યક્તિની શક્તિઓમાં વધારો અને પરિવર્તન કઈ રીતે થાય છે? આવા પ્રશ્નોના ઉત્તરો આપણને ઉત્ક્રાંતિની સમજમાંથી મળે છે. જ્યારે નવી પરિસ્થિતિ પેદા થાય ત્યારે તેમાં ટકી રહેવા માટે અને આગળ ધપવા માટે સજીવ સાહસ કરે છે, પહેલાં ન કરેલાં વર્તનો હવે તે કરવા માંડે છે. આનાં પરિણામો તેને અલબત્ત ભોગવવા (બન્ને અર્થમાં - suffer અને enjoy)નાં આવે જ છે. બીજું એમ પણ બને કે કોઈ વ્યક્તિ વધુ મુક્ત બનવા માટે નવાં વર્તનો કરે અને એની અસરથી સમાજની વ્યવસ્થા વધુ ઢીલી થાય. (આંતરજ્ઞાતીય લગ્નો, વારંવાર બદલવામાં આવતી નોકરી, સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓ, સ્ત્રીઓની મુક્તિ - જેવાં વર્તનો પર વિચાર કરો.) સાહસ, જોખમ અને નાફરમાની એ ઉત્ક્રાંતિનાં સબળ આધારવર્તનો છે. આ ત્રણે મૂલ્ય-વ્યવસ્થાનું ઉથાપન સૂચવે છે.

## ૫. ક્રાંતિક વિચારણા એ જ મુખ્ય આયુધ :

વિદ્યાર્થીઓ આપેલી માહિતી પર critical thinking કરી શકે તેટલું તેઓનું સશક્તીકરણ થવું ઘટે. ગમે તે માહિતી કે વિચારને સંદેહથી જોઈ શકાય અને તેમાં રહેલી સ્થાપિત પૂર્વધારણાઓને ઓળખી શકાય તે માટે વિદ્યાર્થીઓને સજ્જ કરવા જરૂરી બને છે. જેમની પાસે આવું ક્રાંતિક વિચારણાનું આયુધ હોય તે કોઈ authority - અધિકારને તાબે થતો નથી. કોઈ પણ વિચાર મોટા જનસમુદાય દ્વારા સ્વીકારવામાં આવે કે લોકો દ્વારા સન્માનિત/પૂજ્ય વ્યક્તિવિશેષ દ્વારા કહેવામાં આવે એટલે તેની સામે પ્રશ્ન ખડા ન કરી શકાય તેવું નથી. આવી રીતે મૂળ ધારણાઓ કે સિદ્ધાંતો પર આઘાત કરીને જ મનુષ્યનું જ્ઞાન અને વિજ્ઞાન આગળ વધતું રહે છે. મનુષ્ય જે વિચાર સાધન તરીકે સર્જે છે, જેના દ્વારા તે સમસ્યા સામે લડી શકે છે, તે સાધન જ તેનું બૌદ્ધિક કારાગાર બની જવું ન જોઈએ. શિક્ષણનું કામ ક્રાંતિક વિચારણાના આયુધ પર વિદ્યાર્થીઓનું પ્રભુત્વ સ્થાપી તેઓને માનવીય મુક્તિ બક્ષવાનું છે. આવી વિચારણાને અંતે વિદ્યાર્થી જે નિર્ણય લે તે એના પોતાના માટે અને એ સમય તથા પરિસ્થિતિ પૂરતો જ મૂલ્યવાન ગણાય.

## ૬. મૂલ્યના વિકલ્પની શોધ અસંગત છે :

કેટલાકને તરત પ્રશ્ન થાય છે કે ''શિક્ષણ દ્વારા મૂલ્યસ્થાપન નહીં તો તેના બદલે શું ?'' આપણે કોઈ શાશ્વત, જડ અને કઠોર મૂલ્યોના વિકલ્પમાં પરિવર્તનશીલ, લવચીક અને આરામદાયક મૂલ્યો પણ સ્થાપવા ઇચ્છતા નથી. કેમ કે એ પણ એક પૂર્વનિશ્ચિત પ્રણાલી બની જાય છે. પારિસ્થિતિક વિવેક એ ક્રાંતિક વિચારણાનું પરિણામ છે; જે વ્યક્તિગત, સામયિક અને સાબિતી કે ખાતરી વગરનું છે. છતાં ક્ષણે ક્ષણે ઉદ્ભવતી જીવનલીલાને માણવા અને તેની સાથે કામ પાર પાડવા આપણી પાસે જોખમ રહિતનું કોઈ સુરક્ષિત જીવનસૂત્ર ન હોઈ શકે. મૂલ્યના વિકલ્પે આવા સૂત્રની શોધ એ તદ્દન અસંગત (absord) છે, જીવનને નકારનારી છે.

માનવજાતના શિક્ષકોએ ઊછરતાં માનવસંતાનોને પોતાના કરતાં વધુ સમજદાર, ઊર્જાવાન, સાહસિક, સંકુલ અને મુક્તચેતસ્ બનાવવાનાં હોય છે. કેમ કે હરક્ષણનું જીવન અનનુભૂત ભાવનાઓ, અનનુમિત સંભાવનાઓ અને અનન્ય જટિલતાઓની રંગોળી લઈને આવતું હોય છે. આપણાં સંતાનો પૂર્વનિયોજિત મૂલ્યશ્રેણીથી વિષાક્ત બનેલા શિક્ષણથી અભિભૂત ન બને તેટલી કાળજી આપણે લઈ શકીએ તેમ છીએ. ●

**सिर्फ हंगामा खडा करना मेरा मकसद नहीं**
**मेरी कोशिश है कि ये सूरत बदलनी चाहिये ।**

*(અનુસ્નાતક શિક્ષણશાસ્ત્રભવન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર)*

# મારે ન્યાય-વ્યવસ્થા બદલવી છે - ૩

*- કિરીટ પાનવાલા*

ન્યાય યોગ્યતા અને વાજબીપણું છે. It is a quality of being fair and reasonable. ન્યાય કદાચ સત્યનો પર્યાય છે. The discovery and vindication and establishment of truth are main purposes certainly of the existence of Court of Justice. આ ચર્ચા ગયે વખતે કરી. આપણે એ પણ જોયું કે, આ અંતિમ ધ્યેય હાંસલ કરવા માટે આપણે Justice according to Law ના સિદ્ધાંત ઉપર રચાયેલી ન્યાયવ્યવસ્થા અપનાવી છે. આ પ્રકારની ન્યાયવ્યવસ્થા પાશ્ચાત્ય દેશોમાં એકંદરે સંતોષકારક રીતે ચાલી રહી છે. જ્યાં સુધી આપણા દેશમાં તેના દેખાવને સંબંધ છે ત્યાં સુધી તે એટલી હદે ખરાબ છે કે જાણે એ Injustice according to Lawના સિદ્ધાંતને વરેલી હોય એમ લાગે છે. સત્ય, યોગ્યતા અને વાજબીપણાનાં ઉદાત્ત મૂલ્યોને સાકાર કરવામાં એ સરિયામ નિષ્ફળ નીવડી છે. શોષણનું સાધન બની ગયું છે. પૈસાદાર, વગદાર, જાણકાર લોકો આ પદ્ધતિનો ગેરલાભ ઉઠાવતા જણાય છે. વ્યવસ્થા સાથે સંકળાયેલા મોટા ભાગના લોકો આવી વ્યકિતઓના હાથોની કઠપૂતળી હોય તેમ વર્તે છે. ન્યાય ખરીદી શકાય તેવી પરિસ્થિતિ છે. જ્યાં ન્યાય ખરીદાતો નથી, ત્યાં પણ ખરેખર ન્યાય થતો દેખાતો નથી. સામાન્ય માણસ માટે ન્યાય મેળવવો દોહ્યલો થઈ પડયો છે. સામાન્ય માણસે તો અદાલતમાં અન્યાય સહન કરવા માટે જ તૈયાર રહેવાનું હોય છે. ૩૦ વર્ષની વકીલ તરીકેની કારકિર્દીમાં કોઈ કોઈ વાર ન્યાય થયાનો અલબત્ત અહેસાસ થયો છે, પણ મોટા ભાગે આવા પ્રસંગોને અપવાદરૂપ કેટેગરીમાં જ મૂકવા પડે છે. આ ન્યાયવ્યવસ્થાને કાં તો સમૂળગી બદલવાની જરૂર છે અથવા તેમાં ધરખમ ફેરફારની આવશ્યકતા છે. પણ એમ કરતા પહેલાં આ પદ્ધતિને સમજવી પડશે અને એ પદ્ધતિ કેમ નિષ્ફળ બની રહી છે, તેનાં કારણો ચકાસવાં પડશે.

Justice according to Lawની સિસ્ટમમાં સૌ પ્રથમ તો ન્યાયનું કાયદામાં રૂપાંતર કરવામાં આવતું હોય છે. કાયદાના ઘડવૈયાઓ ન્યાય વિષેના પોતાના ખ્યાલોને આધારે કાયદાઓનું enactment કરે છે. કાયદાના ઘડવાનું કામ એ રીતે Legislature કરે છે. આપણી લોકશાહી અને બંધારણ Doctrine of Separation of Powerના સિદ્ધાંતને અનુસરે છે. ઉપર કહ્યું તેમ Legislature કાયદો ઘડવાનું કામ કરે, એક્ઝીકયુટીવ કાયદાને અમલમાં મૂકવાનું કામ કરે અને Judiciary યાને કે ન્યાયતંત્ર કાયદાનું અર્થઘટન કરવાનું અને તે અનુસાર ન્યાય આપવાનું કામ કરે છે. એક વાર ન્યાયના વિચારોને ઘડેલા કાયદામાં આમેજ કરી દેવામાં આવ્યા હોય, પછી ન્યાયતંત્રને, જજને કે મેજિસ્ટ્રેટને એ સત્તા નથી કે, આ રીતે કાયદામાં આમેજ કરી દીધેલા ન્યાયના વિચારોની ઉપરવટ જઈ શકે. એમણે તો કાયદાનું જ ચુસ્ત પાલન કરવાનું રહે. કાયદો બની ગયા પછી જસ્ટિસના abstract સિદ્ધાંતોને પણ બાજુએ મૂકી દેવા પડે. આ Justice according to Law પદ્ધતિ છે.

પાર્લામેન્ટ કે વિધાનસભા જે કાયદો ઘડે છે, તે Codified Law છે. આ સિવાય કેટલાક કાયદા Uncodified પણ હોય છે, એટલે કે તે કાયદા તરીકે પસાર કરેલા હોતા નથી. જેમ કે Law of Torts એટલે કે અપકૃત્યનો કાયદો. આ કાયદો Codified નથી. કોમન લો અને જનરલ સિદ્ધાંતો ઉપર આધારિત કાયદો છે. કોર્ટોએ જે કાંઈ પણ ચુકાદાઓ આપ્યા હોય તે ચુકાદાઓ પર પણ અવલંબિત છે. Codified કાયદો ટૂંકમાં અને સ્પષ્ટ શબ્દોમાં લખાયેલો હોય છે. અલબત્ત, તેના પર પણ કોર્ટોના ચુકાદાઓ આવવાથી precedents રચાતા હોય છે. Codified કાયદાનો એ લાભ છે કે, કાયદાને પહેલેથી જાહેર કરવામાં આવેલો હોય છે, એટલે એક પ્રકારે તેમાં predictability હોય છે. અમુક સંજોગોમાં અમુક જ નિર્ણય આવે તેવી સમજ સાથે કાયદાઓને codified કરવામાં આવતા હોય છે. અલબત્ત, તેના અર્થઘટન પર કોર્ટો અનેક ચુકાદાઓ આપે, તે કદાચ તેમની clarity ઘટાડવાનું કામ જરૂર કરે છે. codified કાયદો તેની predictability ના કારણે સહેલાઈથી રીફર કરી શકાય છે. તે કારણે તેમજ ટૂંકમાં તે સમજ આપતો હોય, તે કારણે વધુ લાભપ્રદ છે. તે અનેક લોકોના સમૂહ દ્વારા બનાવેલો હોય છે જે એક વ્યકિતના નિર્ણય કરતાં વધુ વિશ્વસનીય છે. ડો. શેઠનાના કહેવા મુજબ The human mind is not infallible and the Judge is no exception. The collective wisdom of the legislature can, therefore, be regarded as a more reliable means of protection than the fancy of an individual Judge. જો કે આવા codified કાયદામાં એક પ્રકારે જડતા હોવાના તેમજ તેમાં ન્યાયિક વિવેકબુદ્ધિને અવકાશ રહેતો ન હોવાના કેટલાક આક્ષેપો જરૂર થાય છે. Uncodified Law કે precedence ઉપર આધારિત

કાયદો જજને વધુ સ્વતંત્રતા બક્ષે છે. તેથી ચોકકસ કેસમાં ન્યાય કરવા માટેનું judicial discretion તેમાં વધુ રહેતું હોય છે. અલબત્ત, codified કાયદાની સ્થિતિને ચકાસીએ તો તેમાં પણ આવું judicial discretion ખાસ્સું જોવા મળે છે. આ Codified lawમાં પણ જોવા મળતું judicial discretion ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારને મોકળું મેદાન આપતું હોય છે તે મુદ્દો મારા વિચારોની ચર્ચા માટે જરૂરી હોઈ તેનો વિગતે ઉલ્લેખ કર્યો છે.

ફોજદારી ન્યાય વ્યવસ્થા Codified law પર આધારિત છે. Indian Penal Code યાને ભારતીય ફોજદારી ધારો ગુનાની વ્યાખ્યા આપે છે અને ગુનો પુરવાર થાય તો કેટલી સજા થઈ શકે, તે બાબતની મુખ્યત્વે જોગવાઈ કરે છે. હવે, કેટલી સજા થઈ શકે, તે બાબત વિષે જો દરેક ગુના સંબંધેની શિક્ષાત્મક જોગવાઈઓ જોઈએ તો જજના discretion યાને કે તેમની વિવેકબુદ્ધિને ભાગ્યે જ નિયંત્રિત કરવામાં આવી છે. આખા Indian Penal Code માં કેટલીક અપવાદરૂપ કલમોને બાદ કરતાં Maximum punishment યાને મહત્તમ સજાની જ જોગવાઈ કરેલી હોય છે. ત્રણ વર્ષ, સાત વર્ષ, દસ વર્ષ અને જન્મટીપ સુધીની સજાની જોગવાઈ થઈ શકે, તે રીતે કલમો ફ્રેમ થયેલી છે. પરંતુ આ મહત્તમ સજાની અંદર એક દિવસની સજા કરવી, એક મહિનાની સજા કરવી કે એક વર્ષની સજા કરવી, તે બાબતો જજો ઉપર છોડી દેવામાં આવેલી છે. અલબત્ત, જજે ન્યાયિક વિવેકબુદ્ધિ વાપરીને કેટલી સજા કરવી તે નકકી કરવાનું હોય છે, પણ જજો આખરે માણસો જ હોય છે અને જજે કેટલી સજા કરવી, તેનો નિર્ણય બદલાતો હોય છે. તે જ પ્રમાણે ગુનાની વ્યાખ્યાઓમાં જે આવશ્યક તત્ત્વો બતાવેલાં છે, તે આવશ્યક તત્ત્વો સંતોષાય છે કે કેમ, તે અંગે નિર્ણય કરવામાં પણ આ human factor બહુ જ મોટો ભાગ ભજવતો હોય છે. Indian Penal Code એ substantive law છે. ગુનો થયો છે કે કેમ, તેની તપાસ યાને કે ક્રાઈમના ઈન્વેસ્ટીગેશનની વાત તથા કેસ કઈ રીતે ચલાવવાનો તે બાબત તેમજ નીચલી કોર્ટ, ઊપલી કોર્ટની રચના અને અપીલ વગેરેની જોગવાઈઓ વગેરે બાબતો Criminal Procedure Code યાને ફોજદારી કાર્યરીતિ સંહિતામાં દર્શાવેલ છે. આ પ્રક્રિયાત્મક કાયદો છે.

તે જ પ્રમાણે વધુ મહત્ત્વનો પ્રક્રિયાત્મક કાયદો Indian Evidence Act યાને ભારતીય પુરાવા અધિનિયમ છે. આ કાયદામાં પુરાવા કોને કહેવાય, પુરાવામાં કઈ કઈ જાતનો પુરાવો ગ્રાહ્ય (Admissible) પુરાવો કહેવાય, કયો પુરાવો relevant ગણાય અને કયો પુરાવો વિશ્વસનીય ગણાય, તે બાબતોની જોગવાઈ કરેલી છે. પુરાવાનું મૂલ્યાંકન કઈ રીતે થઈ શકે, તે પણ આ Indian Evidence Act ના વ્યાપમાં આવે છે. ટૂંકમાં, Indian Evidence Act પુરાવા અને પુરાવાના મૂલ્યાંકન સંબંધેનો કાયદો છે. આ ઉપરાંત બીજા ઘણા substantive કાયદાઓ છે, જેમાં કેટલીક વાર પ્રક્રિયાત્મક જોગવાઈઓ પણ જોવા મળે છે.

ફોજદારી ન્યાય-વ્યવસ્થાને જો ઉપરછલ્લી રીતે જોઈએ તો, એક ગુનો બને, તે ગુના અંગે ફરિયાદી પોલીસમાં ફરિયાદ કરે અથવા પોલીસને જાણ કરે ત્યારથી તપાસની કાર્યવાહી શરૂ થાય છે. પોલીસ તપાસ શરૂ કરે પછી સાક્ષીઓના જવાબ લે, જરૂરી પંચનામાઓ કરે, અન્ય પુરાવાઓ એકઠા કરે અને આરોપી સામે જો ગુનો ફલિત થાય તો તેને અટક કરે. જરૂર પડે ત્યાં રિમાન્ડ માંગે અને પછી તેની સામે પૂરતો પુરાવો માલૂમ પડે તો ચાર્જશીટ કરે. ચાર્જશીટ સાથે તપાસ પૂરી થાય પછી કોર્ટની કાર્યવાહી શરૂ થાય. કોર્ટ આરોપીને ગુનો કબૂલ છે કે કેમ તે પૂછે અને પછી ફરિયાદ પક્ષ તેનો પુરાવો રજૂ કરે, જેમાં સાક્ષીઓને તપાસે તેમજ દસ્તાવેજી પુરાવા પણ રજૂ કરે, આરોપી પક્ષે આ સાક્ષીઓની ઊલટતપાસ થાય. સાક્ષીઓ બનાવ વિષે જાણે છે કે બનાવ જોયો છે એમ કહેતા હોય તો તેને તોડવાની કોશિશ થાય, સાક્ષીઓને જુઠ્ઠા પાડવા પ્રયત્ન થાય, દસ્તાવેજી પુરાવા પણ ખોટા પાડવાની કોશિશ થાય અથવા તેમનો વાજબી ખુલાસો આપવામાં આવે. સાક્ષીનો પુરાવો સાચો માલૂમ પડે તો તેને પણ સમજાવવાનો પ્રયત્ન થાય, જરૂર પડે તો આરોપી પક્ષે પોતાનો બચાવ રજૂ થાય. આ રીતે ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થાય પછી આરોપી સામે જે ગુનાહિત સંજોગો માલૂમ પડે, તે સંબંધમાં જજ કે મેજિસ્ટ્રેટ તેનો ખુલાસો વિશેષ જવાબના સ્વરૂપમાં Criminal Procedure Codeની કલમ–૩૧૩ હેઠળ લે, પછી બચાવ પક્ષે પોતાનો પુરાવો રજૂ કરવો હોય તો તે રજૂ થાય. ત્યાર બાદ બંને પક્ષો તરફથી દલીલો પેશ કરવામાં આવે અને તે દલીલો પર ગૌર ફરમાવીને જજ પોતાના નિર્ણય ઉપર આવે અને જજમેન્ટ આપે. પોલીસતપાસ પર આધારિત કેસો આ પ્રક્રિયા મુજબ ચાલે છે. આ ઉપરાંત ખાનગી વ્યકિતઓ પણ કેટલાક સંજોગોમાં કોર્ટ રૂબરૂ કેસ કરી શકતી હોય છે. Criminal Procedure Codeની કલમ – ૨૦૦ થી ૨૦૩ માં આવી ખાનગી ફોજદારી ફરિયાદોની જોગવાઈ છે, જેમાં ખાનગી વકીલો ફરિયાદી તરફે કેસ ચલાવતા હોય છે, પણ તે સિવાય પોલીસતપાસ પર આધારિત જે કેસો હોય છે, તે કેસો રાજ્યએ કરેલા કેસ ગણાય છે અને તે કેસોમાં મૂળ ફરિયાદી ઈચ્છે તો પણ પોતાના વકીલ મારફતે કેસ ચલાવી શકતા નથી. તેવા કેસો સરકારી વકીલ જ ચલાવી શકતા હોય છે. મૂળ ફરિયાદીને સરકારી વકીલ મારફત કહેવાનો હક્ક ખરો, પરંતુ ખાનગી વકીલને સીધું કોઈ Locus Standi જ નથી. બહુ બહુ તો તે લેખિતમાં દલીલો આપી શકે. ખૂન જેવા કેસમાં પણ

ફરિયાદીએ જાતે એ વાતનો ખ્યાલ રાખવો પડે કે આરોપીએ જામીન અરજી કરી છે કે કેમ અને તે જામીન અરજીનો વિરોધ કરવા તે ફકત લેખિત રજૂઆતો સરકારી વકીલ મારફતે કરી શકે. તેને કોઈ જામીન અરજી થયાની પણ જાણ કરવામાં આવે નહીં. આનું કારણ એ છે કે, આ રાજ્ય હસ્તકના કેસો ગણાય છે. તેવા કેસોમાં ખાનગી વ્યકિત, પોતે કરેલી ફરિયાદ પાછી ખેંચી લેવા માંગતી હોય તો પણ તે ખેંચી શકતી નથી. ફકત કેટલાક ઓછા ગંભીર કેસોમાં Criminal Procedure Codeની કલમ–૩૨૦ માં જણાવ્યું છે તેમ કેટલાક ગુના કોર્ટની પરવાનગી વગર અથવા કેટલાક ગુનાઓ કોર્ટની પરવાનગીથી સમાધાનકારી યાને કે compoundable બનાવ્યા છે. તે સિવાયના કેસોમાં સમાધાન થઈ શકે નહિ. આજકાલ લોકઅદાલતનો મહિમા છે. લોકઅદાલતમાં જે કેસો કાયદાએ compoundable બનાવ્યા નથી તે કેસોમાં પણ સમાધાન કરાવવા તરફનું વલણ જોવા મળે છે.

ન્યાય-વ્યવસ્થામાં જજ કે મેજિસ્ટ્રેટ કે હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટ લેવલ પર Justices યાને કે ન્યાયમૂર્તિશ્રીઓ ન્યાય-વ્યવસ્થાના સૌથી મહત્ત્વના હોદ્દેદારો છે. આ ઉપરાંત બંને પક્ષે વકીલો હોય છે. આપણી ન્યાય-વ્યવસ્થા adversary પ્રકારની છે. બંને પક્ષોના વકીલો પોતપોતાનો કેસ અસરકારક રીતે રજૂ કરે, હકીકતોની દલીલો કરે, હકીકતો સંબંધે જે કાનૂન લાગુ પડે તેની ચર્ચા કરે, authorities એટલે કે ઉપલી કોર્ટોના પ્રસ્થાપિત ચુકાદાઓ (precedents) રજૂ કરે અને જજ આ બંને પક્ષોની દલીલોને ધ્યાનમાં લઈ પડેલા પુરાવાનું મૂલ્યાંકન કરે અને તેના આધારે પોતાનો નિર્ણય આપે. ટ્રાયલ સિવાય જામીન સ્ટેજ ઉપર પણ બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવે. તે સ્ટેજ ઉપર સાક્ષીઓને તપાસાય નહીં, પણ લેખિત પુરાવા રજૂ થઈ શકે. તેના આધારે જામીનની સવલત ફાળવી આપવી કે કેમ, તે વિષે કોર્ટ નિર્ણય કરે. જજો અને સરકારી વકીલો ઉપરાંત કોર્ટનો સ્ટાફ, બેલીફો વગેરે ન્યાય-વ્યવસ્થાના ભાગરૂપ છે અને ઈન્વેસ્ટીગેશન સ્ટેજ ઉપરના પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ પણ આ ન્યાય-વ્યવસ્થા સાથે સંકળાયેલા છે.

ન્યાય પદ્ધતિના constitution અને તેની કામ કરવાની શૈલીની વિગતવાર ચર્ચા એટલા માટે કરી છે કે, આ વ્યવસ્થા નિષ્ફળ જવાનાં કારણોની હવે પછી હું જે ચર્ચા કરવા માંગું છું, તે કારણોને સરળતાથી સમજી શકાય. આપણી ન્યાય-વ્યવસ્થા નિષ્ફળ જવા અંગેનાં કેટલાંક કારણો આંખે ઊડીને વળગે તેવાં છે.

સૌથી પ્રથમ તો આપણી ન્યાયવ્યવસ્થા વધુ પડતી બુદ્ધિ ઉપર અવલંબિત છે. કમનસીબે ન્યાય-વ્યવસ્થા સાથે સંકળાયેલા વકીલો અને જજોનું standard આ વ્યવસ્થા જેટલી ઊંચી બુદ્ધિમત્તા માંગી લે છે તે મુજબનું નથી. આપણને ગમે કે ન ગમે, એ હકીકતનો સ્વીકાર કર્યે જ છૂટકો છે કે, જેઓ વધુ બુદ્ધિમત્તા ધરાવે છે, તે બધા Doctors, Engineers કે M.B.A., C.A. વગેરે બનવા જતા રહે છે. બીજા કોઈ ક્ષેત્રમાં પ્રવેશ ન મળે, તે LL.B. કરવાનું પસંદ કરે અને વકીલ થાય. આ સંજોગોમાં વકીલાતના વ્યવસાયમાં પ્રવેશેલાઓ એટલા capable હોતા જ નથી કે આવી ઊંચી બુદ્ધિમત્તાવાળી પદ્ધતિનો ભાર ઝીલી શકે. બીજી બધી વાતો જવા દઈએ તો પણ આ આખી સિસ્ટમ પુરાવાને રજૂ કરવા અને તોડવા સંબંધની છે અને પુરાવાના મૂલ્યાંકન માટેની છે. આ પુરાવો અને પુરાવાનું મૂલ્યાંકન ઊંચા દરજ્જાના તર્ક, વ્યવહારુ ડહાપણ અને psychologyનો અભ્યાસ માંગી લે છે. આવા પ્રકારની talent હાઈકોર્ટ–સુપ્રીમ કોર્ટ સ્તરે જ થોડે ઘણે અંશે જણાઈ આવે છે. નીચલી કોર્ટમાં આ અંગે ચિત્ર નિરાશાજનક જ છે. તેમાં ય વળી બચાવપક્ષના વકીલો પ્રમાણમાં વધુ બુદ્ધિશાળી જોવા મળે છે, કારણ કે આપણી ન્યાય-વ્યવસ્થામાં તેઓ વધુ સારું કમાઈ શકે છે. વર્ષો સુધી એમ કહેવાતું કે, વકીલાતમાં નિષ્ફળ જાય તે જજ કે સરકારી વકીલ બને. આની સીધી અસર ન્યાય ઉપર પડે છે. તે એ રીતે કે, અસરકારક રીતે પોતાનો કેસ - પેશ કરતા બચાવ પક્ષના વકીલની સામે સરકારી વકીલ સાવ વામણો જણાય છે અને તેથી ફરિયાદ પક્ષનો કેસ હકીકતોની દ્રષ્ટિએ ગમે તેટલો સબળ હોય તો પણ તેની માવજત અને રજૂઆત એટલી નબળી હોય કે આખરે ન્યાય સામે પક્ષે જતો રહે.

તે જ રીતે જજની પુરાવા અને પુરાવાના મૂલ્યાંકન સંબંધેની niceties અને intricacies સમજવાની શકિત ઓછી હોય તો તે ન્યાય કરી શકતો નથી. મૂલ્યાંકનમાં જે હકીકતો વધારે મહત્ત્વની હોય તેને તે સાવ ગૌણ સમજીને અને જે બાબતો બિનમહત્ત્વની હોય તેને તે મહત્ત્વની સમજીને ન્યાય કરે, ત્યારે ન્યાયને બદલે અન્યાય જ થવાની સંભાવના રહે છે. Indian Penal Codeમાં કે બીજા કાયદામાં જણાવેલા ગુનાનાં આવશ્યક તત્ત્વો સંતોષાય છે કે કેમ, તે વિષેનું તેમનું finding erratic જ બની રહે. ફરિયાદપક્ષે તથા આરોપી પક્ષે equally competent વકીલો હોવા અને Bench ઉપર બુદ્ધિમત્તાની દ્રષ્ટિએ તેટલા જ સમર્થ જજ કે મેજિસ્ટ્રેટ હોવા, એ આ પ્રથાની સૌથી પહેલી માંગ છે. પાશ્ચાત્ય દેશોની ન્યાયપ્રથામાં આવી talent ભરપૂર જોવા મળે છે, જેના કારણે ત્યાં આ પ્રથા સંતોષજનક રીતે કામ કરી રહી છે. પરંતુ આપણા દેશની ન્યાય-વ્યવસ્થામાં મોટા ભાગે ઊતરતી કક્ષાના વકીલો કે જજો જ જોવા મળે છે. સૌથી વધારે ન્યાય કરવાની આવશ્યકતા નીચલી કોર્ટોમાં છે, ત્યાં આ બાબત ખરેખર અન્યાયકર્તા જ બની રહે છે. હાલમાં ફાસ્ટ ટ્રેક કોર્ટોની રચના થઈ, જેમાં અનેક જજોની નિમણૂક થઈ. સુરત ખાતે

એક સમારંભમાં બોલતાં ગુજરાત હાઈકોર્ટના સિનિયર ન્યાયમૂર્તિ શ્રી કે. આર. વ્યાસ સાહેબે જણાવ્યું કે, આ ફાસ્ટ ટ્રેક કોર્ટોના કેટલાક જજોના ચુકાદાનું સ્તર એટલી હદે નબળું છે કે, ખરેખર તેમની નબળાઈ ન્યાયનાં મૂલ્યોનો હ્રાસ કરે છે. તેમની આ વાત ડગલે ને પગલે સાચી પડતી જણાય છે. મોટા ભાગના જજો અને મેજિસ્ટ્રેટોમાં પુરાવાને સમજવાની અને તેનું મૂલ્યાંકન કરવાની ઓછપ દેખાઈ આવે છે. કેટલાક ખરેખર શક્તિશાળી જજો અને મેજિસ્ટ્રેટો છે, તે હકીકતને નજરઅંદાજ કરીએ નહીં. ૯૦% ન્યાય-વ્યવસ્થા જ્યારે અસમર્થ જજોનો ઓછાયો હોય ત્યારે તે નિષ્ફળતાની ગેરંટી પૂરી પાડે છે. પુરાવાનું મૂલ્યાંકન જજને જજ બનાવે છે. વકીલોએ પણ તેમાં સહાયભૂત થવા માટે પુરાવાના મૂલ્યાંકન પર વાજબી અંકુશ મેળવવાનો હોય છે. દુર્ભાગ્યે આપણી સમગ્ર ન્યાયવ્યવસ્થા inferior પ્રકારના વકીલો, જજો પાસે ગીરવે પડેલી છે. આવી સિસ્ટમ પાસે ન્યાયની અપેક્ષા પણ રાખી શકાય નહીં, જો કે કંઈક અંશે કાયદાની શિક્ષણ-વ્યવસ્થાનો પણ વાંક કાઢી શકાય તેમ છે. આપણી કોલેજોમાં શુદ્ધ અન શુષ્ક કાયદો શીખવવામાં આવે છે. હકીકતો વિષે ભાગ્યે જ શીખવવામાં આવતું હોય છે. કોર્ટોને મોટા ભાગે હકીકતો સાથે જ નિસ્બત હોય છે, રજૂ થતો પુરાવો હકીકતલક્ષી હોય છે. પુરાવાનું જે મૂલ્યાંકન કરવાનું હોય છે, તેમાં અલબત્ત કાયદો પણ ભાગ ભજવે છે, પરંતુ તેની સાથે કાયદાની, રજૂ થયેલ હકીકતો સંબંધમાં application વધુ મહત્ત્વ ધરાવે છે. પુરાવાનું મૂલ્યાંકન યાને appreciation of evidence ઉપર એક આખું અલગ પુસ્તક હોવું જોઈએ અને તેના પર અનેક લેક્ચરો લેવાવા જોઈએ. તેવું કશું જોવા મળતું નથી. પુરાવા અને પુરાવાના મૂલ્યાંકનની વાજબી અને બૌદ્ધિક સમજ અને તે સમજને અમલમાં મૂકવાનું વાજબી કૌશલ્ય જ આ ન્યાયવ્યવસ્થાને સફળ બનાવી શકે. કમનસીબે આ તરફ પૂરતું લક્ષ્ય અપાયું નથી, જે આ ન્યાય-વ્યવસ્થાની નિષ્ફળતા માટેનું પ્રથમ સબળ કારણ છે. (ક્રમશઃ) ●

*"If every person has the right to defend - even by force - his person, his liberty, and his property, then it follows that a group of men has the right to organize and support a common force to protect these rights continuously. Thus the principle of collective right - its reason for existing, its lawfulness - is based on individual's right. ...(T)he law is the organization of the natural right of lawful defence. It is the substitution of a common force for individual forces. And this common force is to do only what the individual forces have natural and lawful right to do - to protect persons, liberties, and properties; to maintain the right of each, and to cause justice to reign over us all. ...*

*But, unfortunately, law by no means confines itself to its just functions. And when it exceeds its proper functions, it does not do so merely in some inconsequential and debatable matters. It goes further than that; it does directly opposite to what it is supposed to do. The law has been used sometimes to destroy its own objective. It has been employed to deny justice it is designed to maintain; to limit or deprive rights which it is bound to protect and preserve. The law places the collective force at the disposal of the unscrupulous to help him exploit the life, liberty and property of others, if he so desires. It has converted plunder into a right, in order to perpetrate plunder. It has converted lawful defence into a crime, in order to make lawful defence ineffective.*

*How has this perversion of the law been accomplished ? And what have been the results ?"*

*- From "**The Law**" by Frederic Bastiat*

# તમારા મનને મુક્ત કરો

## રાજકીય અર્થશાસ્ત્ર શીખનાર માટેની માર્ગદર્શિકા

*- સૌવિક ચક્રવર્તી*

[જેના મગજ અને સ્પીરીટ કદાપિ બંધાયેલા ના રહી શકે, બંધિયાર ના રહી શકે એવા સૌવિક ચક્રવર્તીએ ઇન્ડિયન પોલીસ સર્વિસને વર્ષો પહેલાં અલવિદા કરીને લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિકસમાં અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો અને નવા જ વાયુમંડળ સાથે દિલ્હીના સ્વતંત્રતા ઝંખતા અર્થશાસ્ત્રીઓ / વિચારકોની જમાતમાં સ્થાન મેળવ્યું. સૌવિકનો સ્વતંત્રતા માટેનો જોશ અને કુશાગ્ર બુદ્ધિ યુવાનોને જીવન, રાજ્ય, સમાજ, અર્થવ્યવસ્થા પ્રત્યે સાવ નવી જ દૃષ્ટિએ જોવાની બારી ખોલી આપે છે. સંપત્તિ કઇ રીતે પેદા થાય છે? જો માનવજાત એકમાત્ર એવી જાતિ હોય, જે સંપત્તિ પેદા કરવા સમર્થ છે, તો પછી મનુષ્યોની વસતી ગરીબીનું કારણ બની શકે? 'સ્વદેશી' શું મુક્ત વ્યાપાર કરતાં વધુ સારું છે? સરકાર ઉકેલ છે કે સમસ્યા છે? કઇ આર્થિક નીતિઓ માટે આપણે મત આપવો જોઇએ? આ તથા બીજા ઘણા અગત્યના સવાલોના જવાબ મેળવવામાં સૌવિકનું નાનું પુસ્તક 'Free Your Mind' (દિલ્હીના સેન્ટર ફોર સિવિલ સોસાયટી દ્વારા પ્રકાશિત) મદદ કરે છે. ભારે શબ્દોથી મુક્ત, રસાળ શૈલીમાં લખાયેલું આ પુસ્તક સાવ સામાન્ય માણસને પણ પોલિટિકલ ઇકોનોમી સરળ રીતે સમજાવે છે. આ પુસ્તક ખાસ કરીને ૧૪ વર્ષની આસપાસના કુમાર વાચકો માટે લખાયલું છે. અલબત્ત, એ બધાને જ વાંચવું ગમે એવું અને ઉપયોગી થઇ પડે એવું છે. બિઝનેસ સ્ટાન્ડર્ડના કન્સલ્ટિંગ એડિટર શ્રી અશોક પી. દેસાઇએ લખેલું, ''આ પુસ્તક માત્ર અર્થશાસ્ત્ર અંગેનું પુસ્તક જ નથી, પરંતુ એ એક કવિતા પણ છે અને ડહાપણભર્યું તેમજ તરંગી છે - અદ્દલ એવું છે જેને હું મારા મોજીલા પુત્રને અર્થશાસ્ત્ર તરફ વાળવા માટે આપું. અદ્દ્ભુત શૈલી!'' તૃપ્તિએ આ પુસ્તકના મુખ્ય મુખ્ય વિચાર-તંતુઓનો ભાવાનુવાદ જરૂરી ફેરફારો સાથે, અલબત્ત, મૂળ વિચારોને અને શૈલીને બને એટલી જાળવી રાખીને, કર્યો છે. સૌવિકના જ બીજા અપ્રસિદ્ધ પુસ્તક 'Free Your Life - A Citizen's Guide to Justice and The Law'માંથી વિષયને અનુરૂપ અમુક સાંદર્ભિક બાબતો પણ ઉમેરી છે. ખોજના અંકોમાં આ ક્રમશઃ પ્રકાશિત કરીશું. - સં.]

## પોતાની જાતને ઓળખો

જો તમે તમને ને તમારા મિત્રોને ધ્યાનથી જોશો, તો ખ્યાલ આવશે કે તમારામાં એવી ખાસ ક્ષમતા છે જે બીજાં પ્રાણીઓ કરતાં તમારામાં વધારે છે, જુદી છે. એ છે વિનિમય (વ્યાપાર) કરવાની, trade કરવાની ક્ષમતા.

આ એક સહજ (જન્મજાત) ક્ષમતા છે. નાનાં બાળકો સુધ્ધાં લાભદાયી લેવડ-દેવડ કરતાં હોય છે : તું મને ખારી શીંગ આપ, હું તને ટીકડી આપું. આપ-લેની આ ક્ષમતા બધા માટે સાવ કુદરતી હોય છે. એ કોઇને શીખવવું નથી પડતું. સાધનો વાપરવાની અને વસ્તુઓ બનાવવાની ક્ષમતા કરતાં આ ક્ષમતા ઊંચી છે. આદમ સ્મિથે કહેલું તેમ આપણને સૌને ''વિનિમય, અદલા-બદલી અને આદાન-પ્રદાન કરવાની કુદરતી પ્રકૃતિ''ની (natural propensity to truck, barter and exchange) દેણ મળેલી છે.

માણસો વિનિમય કરી શકે છે, એટલે માણસો પાસે અર્થવ્યવસ્થા હોય છે. એટલે આપણે **''હોમો ઇકોનોમિક્સ''** પણ કહેવાઇએ છીએ. આપણે પૃથ્વી પરના એકમાત્ર **'આર્થિક'** જીવ છીએ. આપણે- આપણામાંની પ્રત્યેક વ્યકિત - સંપત્તિ પેદા કરવા સર્જાયેલ છીએ.

વ્યક્તિઓ વ્યાપાર કરે છે અને તેથી વ્યક્તિઓ સંપત્તિ પેદા કરે છે. રાજ્ય સંપત્તિ પેદા નથી કરતું : એ કરવેરા નાખે છે અને એને વાપરે છે.

વિનિમય કરવાની માણસની ક્ષમતા માણસને માત્ર 'આર્થિક' પ્રાણી જ નથી બનાવતી, પણ એને **'નૈતિક'** પણ બનાવે છે. કારણ કે કોઈ પણ બે મનુષ્ય વચ્ચે થતી સ્વૈચ્છિક આપલેની આ ક્રિયા સાહજિક (inherently) રીતે ન્યાયી - Just હોય છે. ન્યાય -Justice એ નૈતિક મૂલ્ય છે. આ પ્રક્રિયામાં સંકળાયેલ બન્ને પાર્ટીની વ્યક્તિગત, નિજી પસંદગી પર આ વિનિમય ખડો હોય છે, જેમાં બેમાંથી એકેય પક્ષ બળપ્રયોગ કરતો નથી. બેમાંથી કોઈ ગુમાવતું નથી, ચોરતું નથી કે લૂંટતું નથી. સરવાળે બન્ને પક્ષને ફાયદો જ છે. એ જીત-જીત (win win)ની રમત છે, સકારનો સરવાળો - positive sum game છે.

એથી ઊલટું, કોઈ વ્યક્તિ ચોરી કરે છે કે લૂંટ કરે છે, ત્યારે એ સામેવાળી વ્યક્તિને અન્યાય કરે છે. તેથી એ વ્યક્તિ ન્યાય માંગે છે, પોલીસને બોલાવે છે. કાયદો, પોલીસ, રાજ્ય - તેઓ અસ્તિત્વ ધરાવે છે તેનું કારણ એ નથી કે બહુમતી લોકો અન્યાયી છે, પણ એ જ છે કે આપણામાંના કેટલાક અન્યાયી છે. થોમસ પેઈને પોતાના પુસ્તક 'કોમન સેન્સ'ના પહેલા પાના પર જ લખ્યું છે કે સરકાર આપણે સારા છીએ માટે અસ્તિત્વ નથી ધરાવતી, પણ એટલે અસ્તિત્વ ધરાવે છે કે આપણામાંના કેટલાક ખરાબ છે.

***વિચારવાના અને વાગોળવાના મુદ્દાઓ :***

- સંપત્તિ કોણ પેદા કરે છે : વ્યક્તિઓ કે રાજ્ય ?
- રાજ્યની ભૂમિકા શું હોવી જોઇએ ?

## વસ્તીને કારણે સમૃદ્ધિ વધે છે

આપણે ગયા પ્રકરણમાં જોયું કે માણસ હોમો *ઇકોનોમિકસ* છે, જે સંપત્તિ પેદા કરી શકે છે. તો આપણને એવું કેમ શીખવવામાં આવે છે કે ભારતની વસતી વધુ હોવાથી ભારત ગરીબ છે? જો મનુષ્ય જ એક એવી જાતિ - સ્પીસીસ હોય જે સંપત્તિ પેદા કરી શકે છે; તો મનુષ્યોની સંખ્યા વધુ હોવાથી ગરીબી કેમ જન્મે? સાચું શું છે ?

સાચું એ છે કે નકશામાં જે જે ટપકાં શહેર કે મોટા કસ્બાનાં દેખાય છે એમાં ગીચ વસ્તી હોય છે - અને ત્યાં પૈસા વધુ હોય છે. અમદાવાદ, સુરત કે વડોદરામાં રાજુલા, રાજાવાંટ કે રામપુરા કરતાં વધુ લાખોપતિઓ, વધુ ગાડીઓ, વધુ મોબાઇલ ફોન હોય છે. એવું કેમ છે? એના જવાબ માટે આપણે આશરો લેવો પડશે અર્થશાસ્ત્રનો. **અર્થશાસ્ત્ર એટલે સંપત્તિ કેમ પેદા થાય છે એનો અભ્યાસ** (study of the production of wealth).

આપણે વિનિમય કરી શકીએ છીએ, લે-વેચ કરી શકીએ છીએ, એટલે આપણે જે સારું બનાવી શકતા હોઇએ એ બનાવીને એના બદલામાં બીજા લોકો જે સારું પેદા કરી શકતા હોય એ લઇ શકીએ છીએ. એ આપણી - એટલે કે મનુષ્યની વિશિષ્ટતા છે. આપણે **સ્વ-નિર્ભર (self-sufficient) નથી**. એને બદલે માણસ પોતાને ગમે એ કામમાં જોડાઇ શકે છે, ચીજવસ્તુઓ બનાવે છે, સેવા પૂરી પાડે છે; અને બજાર વ્યવસ્થામાં એની આપલે (exchange) કરે છે. એટલે જ, સમાજમાં કોઇ ખેડૂત છે, કોઇ માછીમાર છે, કોઇ ગોવાળિયો છે, કોઇ ડોકટર છે, કોઇ એન્જિનિયર છે, કોઇ કોમ્પ્યુટર સ્પેશિયાલિસ્ટ છે, કોઇ ઇલેકટ્રીશીયન છે, કોઇ ધોબી છે, કોઇ સુથાર છે, વગેરે. દુનિયામાં બીજી કોઇ જાતિ (સ્પીસીસ) આ રીતે વર્તતી નથી, કારણ કે તેની પાસે બજારવ્યવસ્થા નથી, જે વિનિમય કરવાની મનુષ્યની વિશિષ્ટ ક્ષમતાનું પરિણામ છે. *સંપત્તિનું નિર્માણ આ રીતે થાય છે.*

એક કલ્પના કરો. ચીજવસ્તુઓ અને સેવાઓના આદાન-પ્રદાનની પ્રક્રિયામાંથી બહાર નીકળી જવાનું જો તમે નક્કી કરો અને બધી જ વસ્તુઓ જાતે જ કરવાની આવે તો તમારી સ્થિતિ શું થાય એ જરા વિચારો. તમારું કુટુંબ 'સ્વ-નિર્ભર' બને, પછી તમારું ગામ કે શહેર બને તો શું થાય એની કલ્પના કરી જુઓ. એનો અર્થ એ થાય કે ન કેવળ તમારે તમારું અનાજ જાતે ઉગાડવું પડે કે કપડાં વણવાં પડે, પણ તમારું ઘર પણ જાતે જ બનાવવું પડે અને જાતે જ ઓપરેશન કરવાનું પણ તમારે શીખવું પડે. જેઓ 'સ્વ-નિર્ભર' રીતે જીવે એની જિંદગી કોઇપણ રીતે સુધરે નહીં. એટલું જ બને કે તમે જે કામ સારામાં સારું કરતા હો એમાંથી તમારે તમારી ઉત્પાદક શક્તિને એવાં કામોમાં લગાડવી પડે જેમાં તમને પ્રમાણમાં ઓછું આવડતું હોય. જો એનું આચરણ કરવું વ્યકિત, કુટુંબ, ગામ કે શહેર માટે ખરાબ હોય, તો ભારત જેવા દેશ માટે એ લાભદાયી બની શકે? એનાથી કોઈ લાભ ન થાય. *હકીકતમાં સ્વ-નિર્ભરતા એ આર્થિક આપઘાત છે.*

એક નાનો પ્રયોગ કરી જુઓ : કોઇપણ બાળમંદિરમાં જઇને નાનાં બાળકોને પૂછો કે તેઓ મોટાં થઇને શું બનવા માગે છે? તેઓ જવાબ આપશે : ડોકટર, એન્જિનિયર, પાયલોટ, શિક્ષક, વગેરે. હું શરત મારું કે કોઇપણ બાળક એમ નહીં કહે કે હું મોટો થઇને સ્વ-નિર્ભર થવા માગું છું. જો એ નાના બાળકના પણ તર્કની વિપરીત હોય, તો આખા દેશ માટે સ્વ-નિર્ભરતા આચરવી કઇ રીતે તાર્કિક હોઇ શકે?

આમ, જ્યારે આપણે બજાર-વ્યવસ્થામાં આદાન-પ્રદાન કરીએ છીએ, ત્યારે એમાં જે ઘટના ઘટે છે એને અર્થશાસ્ત્રીઓ **શ્રમ વિભાજન (Division of Labour)** કહે છે.

**અર્થશાસ્ત્ર એ શ્રમ વિભાજન દ્વારા થતા સંપત્તિ-નિર્માણનો અભ્યાસ છે.** (આગળ ઉપર આપણે એ જોઈશું કે શ્રમ વિભાજનની સાથે જ્ઞાન વિભાજન પણ જોડાયેલું છે.)

શહેરોમાં વિશિષ્ટતાવાળાં અસંખ્ય કામોમાં શ્રમ વિભાજન સૌથી વધુ શકય છે. ગ્રામીણ વિસ્તારો, જ્યાં વસતી ઓછી હોય છે, ત્યાં એ બહુ અઘરું છે.

નકશા પરનું શહેરનું દરેક ટપકું ગીચ વસ્તી ધરાવે છે અને પૈસાદાર છે. જયાં જયાં - શહેરોમાં કે મોટા કસ્બાઓમાં લોકો ગીચ વસ્તીમાં રહે છે, ત્યાં ખુલ્લા ગ્રામીણ વિસ્તારો કરતાં સમૃદ્ધિ વધુ હોય છે, કારણ કે ત્યાં શ્રમ વિભાજન વધુ છે. શ્રમ વિભાજન કેટલા પ્રમાણમાં થઇ શકે એનો આધાર બજાર કેવડું છે એના પર રહેલો હોય છે. દા.ત. તમે કોઇ સાઉથ ઇન્ડિયન રેસ્ટોંરા ખોલવા માગતા હો અને રોજના ૧૦૦ લોકો તમારે ત્યાં ભોજન લે તો જ એ ટકી શકે એમ હોય, અને માની લો કે દરેક ૧૦૦ વ્યકિતમાંથી એક વ્યકિત સાઉથ ઇન્ડિયન ખાવાનું પસંદ કરતી હોય, તો તમારે એ રેસ્ટોંરા એવા શહેરમાં જ ખોલવું પડે જયાં તમને ૧૦,૦૦૦ સંભવિત ઘરાકો મળી રહે એમ હોય. એ જ બાબત બીજા ધંધા કે વ્યવસાય માટે પણ એટલી જ સાચી છે. કોઇપણ દુકાન ત્યાં જ ખોલી શકાય, જયાં એના માટે ઘરાકો મળી શકે એમ હોય. હવે ઘરાકો કયાં વધારે મળે? જયાં ગીચ વસ્તી હોય. ગીચ વસ્તી હોય એટલે એ લોકોની જરૂરિયાતો વધારે અને અનેક પ્રકારની હોય. સૌની પસંદ અલગ અલગ હોય. એટલે બહારથી જરૂરિયાતમંદ લોકોનું શહેરોમાં સ્થળાંતર પણ વધુ હોય. આમ, બધા લોકોની સગવડો, સેવાઓ, પસંદગીઓ પૂરી પાડવા માટે બીજા ઘણા લોકોને રોજગારી મળે, આવક મળે અને એમની પોતાની જરૂરિયાતો હોય, પસંદગીઓ હોય, અને ખરીદશક્તિ પણ ઊભી થઇ હોય. આમ, શ્રમ વિભાજન વધુ હોય, વ્યાપાર-વિનિમય વધુ હોય, ઉત્પાદન વધુ થાય. તેથી સંપત્તિ પણ વધુ હોય.

ગીચ વસ્તીવાળાં શહેરો પૈસાદાર હોય છે : ત્યાં શ્રમ વિભાજન વધુ હોય છે. પૂરી દુનિયામાં આમ જોવા મળે છે : ફક્ત દિલ્હી, મુંબઇ કે અમદાવાદ જ નહીં, પણ લંડન, ટોકિયો, ન્યુયોર્ક કે પેરિસ પણ ગીચ વસ્તીવાળાં અને તવંગર છે. આજે અડધી દુનિયા શહેરી છે : દુનિયાની અડધી વસતી શહેરો અને કસ્બાઓમાં વસેલી છે. દુનિયાના આ લેવલ કરતાં ભારત ઘણું નીચું છે; એની ૩૦ ટકા વસ્તી શહેરોમાં છે, પણ ભારતનાં સૌથી વધુ પૈસાદાર રાજયો - ગુજરાત અને મહારાષ્ટ્રમાં દુનિયાની સરેરાશ જેટલું, એટલે કે ૫૦ ટકા શહેરીકરણ થયેલું છે. અને દેશનાં સૌથી ગરીબ રાજ્યો - આસામ અને બિહારમાં એનું પ્રમાણ ૧૦ ટકા છે.

એ નોંધવું અગત્યનું છે કે ‘civilization’ (સભ્યતા) શબ્દની વ્યુત્પત્તિ લેટિન શબ્દ ‘*civitas*’ માં રહેલી છે, જેનો અર્થ થાય છે નગર અથવા શહેર (city). સભ્યતા -civilizationની કથા એ ભૂમધ્ય સાગર (the Meditarian)ની આસપાસ શહેરો ઊભાં થયાં અને અરસ પરસ ચીજ-વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડવાનો વ્યવહાર શરૂ થયો એની કથા છે; જેમાં નાના અને સુરક્ષિત સમુદ્રે વાહન-વ્યવહારની તક પૂરી પાડી જેના લીધે વ્યાપાર વિકસી શકયો. મોહન-જો-દરો અને હડપ્પા મોટાં નગરો હતાં, જેઓ લોથલ બંદર દ્વારા ભૂમધ્ય સાથે જોડાયેલાં હતાં. શ્રમ વિભાજનને પ્રોત્સાહન આપતું શહેરીકરણ સમૃદ્ધિ પેદા કરે છે એ આખી દુનિયામાં બન્યું છે.

આજે શહેરોના કુવહીવટનો સવાલ તો છે જ, પણ સાથે સાથે સારા રસ્તાઓની અછતનો પણ પ્રશ્ન છે. આ પ્રશ્ન આપણે પાછળથી વિગતે ચર્ચીશું. પણ હાલ પૂરતું એટલું સમજી લઇએ કે STD કોડની આપણી યાદીમાં ૪૦૦ થી ઉપર નામો છે, પણ મોટા ભાગના લોકો થોડાં મેટ્રો સીટીમાં જ રહે છે, જે દિન-બ-દિન ફૂલતાં ફાલતાં જાય છે. જે વિદ્યાર્થીઓ શહેરી ભૂગોળનો અભ્યાસ કરે છે તેઓ આ પ્રક્રિયાને પ્રાયમસી (primacy) કહે છે. જયારે મુખ્ય શહેર આજુબાજુના નાના નાના કસ્બાઓ સાથે બરાબર જોડાયેલું નથી હોતું ત્યારે એ જે રીતે ફેલાય છે એને પ્રાયમસી કહે છે. જો સારા રસ્તાઓ દ્વારા એ જોડાયેલ હોત, તો આજુબાજુ નાના નાના કસ્બાઓ satellite towns તરીકે વિકસ્યા હોત, અને એસટીડી યાદીનાં આ ૪૦૦ થી વધુ નામો નાનાં નાનાં સીંગાપોર બની ગયાં હોત.

અંગ્રેજોએ એમના સમયમાં ઘણાં સુંદર શહેરો અને અસંખ્ય ‘હિલ-સ્ટેશનો’ બનાવ્યાં હતાં. બ્રિટીશ ઇન્ડિયામાં હિલસ્ટેશનો મેટ્રો સીટી સાથે જોડાયેલાં હતાં. દાર્જિલીંગ-શિલોંગ પટ્ટી કલકત્તા સાથે, પુના-મહાબળેશ્વર પટ્ટી મુંબઇ સાથે, ઊટી-કુન્નુર પટ્ટી મદ્રાસ (આજનું ચેન્નાઇ) સાથે, સીમલા-મસુરી પટ્ટી દિલ્લી સાથે. મેટ્રો સીટી સાથે આવાં સારાં જોડાણો હોય તો આપણાં બધાં શહેરી સેન્ટરો સિંગાપોર જેવાં બની શકે. એ યાદ રાખવા જેવું છે કે સિંગાપોર છેક ૧૯૬૫માં સ્વતંત્ર થયું. કુલીઓ અને ફેરિયાઓનો બનેલો એ ગંદો, નાનો કસ્બો આજે ધબકતું શહેર બની ગયો છે.

ઓછા રસ્તાઓને કારણે ભારતમાં આજે આટલી ભીડભાડવાળાં (over -crowded) શહેરો છે, પણ તેનો અર્થ એ નથી કે દેશ ખૂબ મોટી વસ્તીવાળો (over-populated) છે. ટ્રેઈન કે પ્લેન દ્વારા જો મુસાફરી કરો તો ખુલ્લી વિશાળ જગ્યાઓ નજરે પડશે. ભારતની વસ્તીની ઘનતા (population density -એક ચો.કિ.મી. પર લોકોની સંખ્યા) જાપાન, જર્મની, હોલેન્ડ અને બેલ્જિયમ કરતાં ઓછી છે. તેમ છતાં આ દેશોની વસ્તી ખૂબ વધારે છે એમ કહેવાતું સાંભળ્યું નથી. આમ, શહેરોની ગીચતાનો ઉકેલ કુટુંબનિયોજન નથી, પણ મુખ્ય શહેરોને આજુબાજુનાં નાનાં શહેરો, કસ્બા કે ગામો સાથે જોડતા રસ્તાઓમાં રહેલો છે. જો શહેરી વિસ્તારો ઘણા હોય તો લોકો પાસે રહેવાની જગ્યા પણ વધે અને વસ્તીની ગીચતા પણ ઓછી થાય.

આ દલીલ બે દર્શનો વચ્ચે તનાવ (A conflict of visions) ઊભો કરે છે. સ્વ-વહીવટ ધરાવતાં અને સ્વ-નિર્ભર હજારો નાનાંનાનાં ગામડાંઓને બદલે આપણે ભારતને નાગરી સભ્યતા (urban civilization) તરીકે જોઇ શકીએ. શહેરો કે કસ્બાઓ અરસપરસ રેલ્વે, રસ્તા અને હવાઇ માર્ગે જોડાયેલાં હોય, તો ખૂબ ઓછી કિંમતે સૌથી વધુ વ્યાપાર ખીલી શકે. વાહન-વ્યવહારનું કંગાળ નેટવર્ક વ્યાપારને ધીમો અને મોંઘો બનાવે છે. ભારતના હાઇવે પર ટ્રક એક દિવસમાં ૨૫૦ કિ.મી. અંતર કાપે છે. દુનિયાના બીજા ભાગોમાં તે રોજનું ૬૦૦ કિ.મી.થી પણ વધુ અંતર કાપે છે. એવું કહેવાય છે કે ''દરેક મોટું શહેર એના વાહનવ્યવહારના જાળા ઉપરના મોટા કરોળિયા જેવું હોય છે.'' ભારતને આવાં શહેરો અને કસ્બાઓની જરૂર છે.

**એક માત્ર મનુષ્ય જ આર્થિક પ્રાણી છે; અને શહેરો સમૃદ્ધ હોય છે, તેથી 'વસ્તીને લીધે ગરીબી જન્મે છે' એવી દલીલ તો શયતાનની ફિલોસોફી છે એમ કહેવું પડે.**

આ ફિલોસોફીને લીધે મા-બાપો માટે બાળકો જણવાં એ શરમજનક કૃત્ય બની જાય છે. એનાથી બાળકોને એવું લાગે છે કે તેઓ માનવ-સંસાધન નથી, પણ સમસ્યા છે. એના લીધે આપણા દોષદર્શીઓ (cynics) એમ કહે છે કે આપણા રસ્તા અસુરક્ષિત હોવાથી ટ્રાફિક અકસ્માતો થાય તો આપણી 'વસ્તીની સમસ્યા' હળવી બને !

મનુષ્યો જ વિશ્વનું આખરી સંસાધન ultimate resource છે. કારણ કે તેઓ બધા મનુષ્ય મગજ ધરાવે છે. તમે સૌ એ મગજમાં જ્ઞાન ભરવા માગો છો. મહેરબાની કરીને એટલું ધ્યાન રાખજો કે તમે જે કાંઇ મગજમાં ભરો એ સાચું હોય. ખોટી ફિલોસોફી તમારા મગજને મડદાલ બનાવી દેશે. એ ફિલોસોફી તમને એ નહીં જોવા દે કે તમારા મગજ અને વ્યાપાર કરવાની તમારી ક્ષમતાને આધારે તમે મુક્ત બજાર વ્યવસ્થામાં જે કાંઇ સૌથી સારામાં સારી રીતે કરી શકતા હો એ કરી શકો છો અને એમ કરીને સંપત્તિ પેદા કરી શકો છો. ઊલટું, એ ફિલોસોફી તો તમને એમ માનવા પ્રેરશે કે તમે અને તમારાં ભાંડુઓ તો મોટો પ્રશ્ન છે, જેને ઉકેલવા માટે રાજકીય દરમિયાનગીરી જરૂરી છે. દેશ માટે અને આપણા માટે બજારવ્યવસ્થામાં રાજકીય દખલગીરી શા માટે નુકસાનકારક છે એ સમજવા માટે આપણે રાજકીય બજાર (Political Market) અંગે હવે પછીના પ્રકરણમાં ચર્ચીશું. ●

હું જાઉં છું મુંબઇ
મારું નસીબ અજમાવવા,
ત્યાં નોકરી-ધંધા છે ઘણા.
હું વોચમેન બનું કે વેઇટર બનું
કે બનું હું પોલીસમેન;
કે વળી બની જાઉં ફિલ્મ સ્ટાર,
જો કરું હું હિંમત.
હું જાઉં છું મુંબઇ
જ્યાં લાખો રહે છે;
જ્યાં લાખોનાં સપનાં પૂરાં થાય છે.
મારું ગામ છે ગરીબ,
જ્યાં કાંઇ પણ નથી,
ત્યાં હું કરું પણ શું?

***વિચારવાના અને વાગોળવાના મુદ્દાઓ :***

- આપણી આસપાસની દુનિયામાં કયા કયા પ્રકારનું શ્રમ વિભાજન થઇ રહ્યું છે ? એમાં ગરીબ લોકો કઇ રીતે ભાગ લઇ રહ્યા છે ?
- આ ગરીબ લોકોને નાના ગામડામાં આવા પ્રકારનાં કામોનો કેટલો મોકો મળી શકે એમ છે ?

**અબ્રાહમ લિંકને પોતાના પુત્રના શિક્ષકને લખેલું : ''બધા માણસોને સાંભળવાનું એને શીખવજો, પણ એ જે સાંભળે એને સત્યની ચાળણીથી ચાળવાનું અને એમાંથી જે નિકળે એ સારું જ માત્ર લેવાનું એને શીખવજો.''**

आ नो भद्रा क्रतवः यन्तु विश्वतः।


–ऋग्वेद

*'Dare to be free, and respect the freedom and the autonomy of others; for the dignity of man lies in his freedom, and in his respect for other people's autonomous and responsible beliefs, especially if these differ widely from his own.'*

*- Immanuel Kant*

*'Men wiser and more learned than I have discerned in history a plot, a rhythm, a predetermined pattern... I can see only one emergency upon another as wave follows wave, only one great fact with respect to which, since it is unique, there can be no generalizations, only one safe rule for the historian: that he should recognize ...the play of the contingent and the unforeseen.... The fact of progress is written plain and large on the pages of history; but progress is not a law of nature. The ground gained by one generation may be lost by the next.'*

*- H.A.L. Fisher*


Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
Where words come out from the depth
of truth;
Where tireless striving stretches its arms
towards perfection;
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action
into that heaven of freedom, my Father,
let my country awake.
- Rabindranath Tagore - Gitanjali